અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૪ માર્ચ ૨૦૨૫, સોમવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ વદ ૧૦

વર્ષ : ૧૬
અંક : ૨૬૦

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### હમાસના ટોપ લીડરની પત્ની અને ૧૯ પેલેસ્ટિનિયનના પણ મોત

## ઈઝરાયલની ગાઝા પર એરસ્ટ્રાઈક, હમાસના ટોપ લીડરનું મોત નિપજ્યું

### ગાઝાના ખાન યુનિસ પર ઇઝરાયલી હવાઈ હુમલામાં હમાસના વરિષ્ઠ રાજકીય નેતા સલાહ અલ-બરદાવિલનું મોત : રાત્રિના સમયે આ હુમલો થયો હતો

। (એજન્સી) ગાઝા, તા.૨૩ ।

ઈઝરાયલના હવાઈ હુમલામાં હમાસના વધુ એક ટોચના નેતાનું મોત થયું છે. મળતી માહિતી અનુસાર, ગાઝાના ખાન યુનિસ પર ઈઝરાયલી હવાઈ હુમલામાં હમાસના વરિષ્ઠ રાજકીય નેતા સલાહ અલ-બરદાવિલનું મોત થયું. ૨૩ માર્ચ ૨૦૨૫ના રોજ રાત્રિના સમયે આ હુમલો થયો હતો. જેમાં અલ-બરદાવિલની સાથે તેમની પત્ની અને ૧૯ પેલેસ્ટિનિયનના પણ મોત થયા હતા. આ ઘટના બાદ હવે ઈઝરાયલ અને હમાસ સંઘર્ષ વધે તેવી પૂર્ણ શક્યતાઓ છે.



બીજી તરફ યમનમાં ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ ઈઝરાયલ પર એક મિસાઈલ છોડી હતી. જો કે, ઈઝરાયલી સૈન્યના જણાવ્યા અનુસાર, આ મિસાઈલને હવામાં જ તોડી પાડવામાં આવી હતી અને તેમાં કોઈ જાનહાનિ કે સંપત્તિને નુકસાન થયાના કોઈ અહેવાલ નથી. મીડિયાના અહેવાલ અનુસાર, દક્ષિણ ગાઝા પટ્ટીમાં રવિવારે રાત્રે ઈઝરાયલી હુમલામાં હમાસના એક વરિષ્ઠ નેતા સહિત ઓછામાં ઓછા ૧૯ પેલેસ્ટિનિયન માર્યા ગયા હતા. યમનમાં ઈરાન સમર્થિત હુતી બળવાખોરોએ ઈઝરાયલ પર વધુ એક મિસાઈલ છોડી, જેના કારણે હવાઈ હુમલાના સાયરન વાગવા લાગ્યા. ઈઝરાયલી સૈન્યએ જણાવ્યું હતું કે દુશ્મનોની મિસાઈલને હવામાં જ તોડી પાડવામાં આવી હતી. જેમાં કોઈ જાનહાનિ કે સંપત્તિને નુકસાન થયાના કોઈ અહેવાલ નથી.

મીડિયાના જણાવ્યા અનુસાર, દક્ષિણ ગાઝાની બે હોસ્પિટલોએ જણાવ્યું હતું કે, રાત્રિના હુમલામાં માર્યા ગયેલા બાળકો અને મહિલાઓ સહિત ૧૭ લોકોના મૃતદેહ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. હમાસે જણાવ્યું હતું કે ખાન યુનિસ નજીક થયેલા હુમલામાં તેના રાજકીય બ્યુરો અને પેલેસ્ટિનિયન સંસદના સભ્ય સલાહ બરદાવિલ અને તેમની પત્ની માર્યા ગયા હતા. બારદાવિલ હમાસના રાજકીય પાંખના જાણીતા સભ્ય હતા. હોસ્પિટલો દ્વારા આપ વામાં આવેલા મૃત્યુઆંકમાં હમાસ નેતા અને તેમની પત્નીના નામનો સમાવેશ થતો નથી.

### આ ઘટનામાં ૩ના મોત, ૧૪ ઈજાગ્રસ્ત

## ગાંદરબલમાં પર્યટકોને લઈ જતી કાર ખીણમાં ખાબકી

### ટોયોટા ઇટિઓસ કાર બસ સાથે અથડાતાં આ ભયાનક અકસ્માત થયો : આ દરમિયાન બસે કાબુ ગુમાવી દીધો હતો

। (એજન્સી) જમ્મુ, તા.૨૩ ।

જમ્મુ- કાશ્મીરના ગાંદરબલ જિલ્લાના ગુંડ કંગન વિસ્તાર નજીક એક રોડ અકસ્માતમાં ત્રણ પર્યટકોના મોત થયા હોવાના સમાચાર છે, જ્યારે અન્ય ૧૪ લોકો ઘાયલ થયા છે. મળતી માહિતી પ્રમાણે ટોયોટા ઈટિઓસ કાર બસ સાથે અથડાતાં આ ભયાનક અકસ્માત થયો હતો. આ દરમિયાન બસે કાબુ ગુમાવી દીધો હતો જેના કારણે બસ ખાડામાં પડી ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ત્રણ પ્રવાસીઓના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે ૧૪ લોકો ઘાયલ થયા હતાં. જેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

દુર્ઘટનામાં ઘાયલ થયેલામાંથી કેટલાક લોકોની હાલત ખૂબ જ ગંભીર હોવાનું કહેવાય છે. દુર્ઘટનાની માહિતી મળતા જ પોલીસ અને રાહત ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અને બચાવ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. જોકે, હજુ સુધી ઘાયલોની ઓળખ થઈ શકી નથી. પરંતુ અધિકારીઓનું કહેવું છે કે, તમામ ઘાયલ મુસાફરોની સારવાર ચાલી રહી છે. પ્રાથમિક



તપાસ પ્રમાણે કારની સ્પીડ વધારે હતી અને વરસાદને કારણે રસ્તો ભીનો હતો, જેના કારણે આ અકસ્માત થયો હોવાનું કહેવાય છે. આ દરમિયાન શનિવારે જમ્મુ -કાશ્મીરના રામબન જિલ્લામાં શાકભાજી લઈ જતું એક વાહન રસ્તા પરથી લપસીને ઊંડી ખીણમાં પડી ગયું, જેમાં બે લોકોના મોત થયા. પોલીસ અધિકારીએ આ માહિતી આપતાં કહ્યું કે, ડ્રાઈવર અર્શીદ અહેમદ અને તેમના સહાયક સેવા સિંહ (લગભગ ૩૦ વર્ષ) શાકભાજી લઈને તેમના ગામ ઉખરલ પોગલ-પરિસ્તાન જઈ રહ્યા હતા ત્યારે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર બેટરી ચશ્મા નજીક આ દુર્ઘટના થઈ હતી.

### લોકો નહીં પણ નેતાઓ જાતિવાદી હોય છે : ગડકરી

।(એજન્સી) નવી દિલ્હી, તા.૨૩।

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી તેમના બેબાક નિવેદનો માટે હંમેશા ચર્ચામાં રહે છે ત્યારે શનિવારે તેમણે કહ્યું હતું કે લોકો જાતિવાદી નથી હોતા, પરંતુ નેતાઓ પોતાના સ્વાર્થ માટે જાતિવાદી બની જાય છે. ગડકરીએ કહ્યું કે કોણ વધુ પછાત છે તે અંગે હરિફાઈ ચાલી રહી છે. સામાજિક અસમાનતા દૂર કરવાની જરૂર છે. જાતિગત ભેદભાવનો અંત લાવવો જોઈએ. આ પ્રક્રિયા "પોતાનાથી" શરૂ કરવી જોઈએ. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ જાતિના રાજકીય હથિયાર તરીકે ઉપયોગની આકરા શબ્દોમાં ટીકા કરી હતી.

### ૩૦ હેલિકોપ્ટર દ્વારા આગ ઓલવવાના પ્રયાસ

## દક્ષિણ કોરિયાના ૨૦ જંગલોમાં ભયાનક આગ, ૧૫૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા

### દક્ષિણ-પૂર્વ કોરિયા દ્વીપકલ્પમાં આગ ફેલાતા હજારો મકાનો ખાલી કરાવાયા

। (એજન્સી) દક્ષિણ કોરિયા, તા.૨૩ ।

અમેરિકા બાદ હવે દક્ષિણ કોરિયાના ૨૦ જંગલોમાં ભયાનક આગ લાગી છે. દક્ષિણ-પૂર્વ કોરિયા દ્વીપકલ્પમાં આગ ફેલાતા હજારો મકાનો ખાલી કરાવાયા છે, જ્યારે ૧૫૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. અહેવાલો મુજબ આગને ઓલવવા માટે ફાયર બ્રિગેડની ગાડીઓ સહિત હેલિકોપ્ટરનો પણ સહારો લેવા છે. આગ પર કાબુ મેળવવા માટે ૩૦ હેલિકોપ્ટર તેમજ ફાયર બ્રિગેડના અનેક કર્મચારીઓ પ્રયાસ કરીરહ્યા છે. ઘટનામાં ફાયર બ્રિગેડને બે કર્મચારીઓ સહિત ૪ લોકોના મોત અને અન્ય છ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાની માહિતી સામે આવી છે. સોશિયલ મીડિયા પર ભયાનક આગના અનેક વીડિયો વાયરલ થયા છે. વીડિયોમાં જંગલના અનેક વિસ્તારોમાં આગની જ્વાળાઓ તેમજ દૂર દૂર સુધી ધુમાળાના ગોટેગોટા જોવા મળી રહ્યા છે. અધિકારીઓએ કહ્યું કે, સાન્ચેઓંગમાં લાગેલી આગ લગભગ ૩૦ ટકા કાબુમાં આવી ગઈ છે. દક્ષિણ કોરિયાના વિવિધ ભાગોમાં આગ ફેલાતા એકતરફ સ્થાનિક રહેવાસીઓની ચિંતા વધારી દીધી છે, તો બીજીતરફ ફાયર બ્રિગેડની ટીમ, પોલીસની ટીમ અને અધિકારીઓ દોડતા થઈ ગયા છે. હાલ ફાયર બ્રિગેડની ટીમ આગ ઓલવવા માટે તમામ પ્રયાસો કરી રહી છે, જોકે ભારે ધુમાડો અને તીવ્ર પવનના કારણે આગ પર કાબુ મેળવવો મુશ્કેલ બની ગયો છે. દક્ષિણ ગ્યોંગસાંગ પ્રાંતમાં શુક્રવારે શરૂ થયેલી આગ આજે પણ કાબુમાં આવી શકી નથી.

## મુસ્લિમ ધાર્મિક સંગઠનોએ CMની ઈફ્તાર પાર્ટીનો બહિષ્કાર કર્યો

### એવું કહેવામાં આવી રહ્યું છે કે JDUના વક્ફ સુધારા બિલને સમર્થનના કારણે મુસ્લિમ સંગઠનો તેનાથી નારાજ છે

। (એજન્સી) પટણા, તા.૨૩ ।

બિહારમાં આ વર્ષે ઓક્ટોબર-નવેમ્બરમાં ચૂંટણી યોજાવાની છે. જેની તાડામાર તૈયારીઓ વચ્ચે મુખ્યમંત્રી નીતિશ કુમારને લઘુમતી સમુદાય તરફથી મોટો ઝટકો મળ્યો છે. જેડીયુને વક્ફ સુધારા બિલનું સમર્થન કરવાનું ભારે પડ્યું હોવાના સંકેતો મળ્યા છે. મુસ્લિમ ધાર્મિક સંગઠનોએ નીતિશની ઈફતાર પાર્ટીનો બહિષ્કાર કર્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે JDUના વક્ફ સુધારા બિલને સમર્થનના કારણે મુસ્લિમ સંગઠનો તેનાથી નારાજ છે અને પહેલીવાર નીતિશની ઈફતાર પાર્ટીનો બહિષ્કાર કર્યો છે. આ ઈફતાર પાર્ટી રવિવારે પટનામાં યોજાવા જઈ રહી છે. બિહારમાં જેડીયુના નેતૃત્વમાં એનડીએની સરકાર છે. BJP, LJP (R) અને હિન્દુસ્તાન આવામ મોરચા પણ આ સરકારનો હિસ્સો છે. કેન્દ્રની મોદી સરકાર વક્ફ (સુધારા)



બિલ, ૨૦૨૪ લાવવાની તૈયારી કરી રહી છે. ફેબ્રુઆરી ૨૦૨૫માં મોદી કેબિનેટે સંસદની સંયુક્ત સમિતિ (JPC) દ્વારા પ્રસ્તાવિત ૧૪ સુધારાઓને મંજૂરી આપી દીધી છે. આ સુધારાઓ વક્ફ મિલકતોની નોંધણી, વિવાદ પતાવટની પ્રક્રિયાઓ અને વક્ફ બોર્ડની રચના સાથે સંબંધિત છે. વિરોધ પક્ષોએ બિલની કેટલીક જોગવાઈઓ સામે વાંધો ઉઠાવ્યો છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB) અને AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસીએ પણ આ બિલનો વિરોધ કર્યો છે. મુસ્લિમ સંગઠન જમિયત ઉલેમા-એ-હિંદ અને ઈમારત-એ-શરિયાએ વક્ફ (સુધારા) બિલ પર એનડીએના સહયોગી નીતિશ કુમાર, એન ચંદ્રબાબુ નાયડુ અને ચિરાગ પાસવાનના વલણને ધ્યાનમાં રાખીને મોટો નિર્ણય લીધો છે. તેમણે ઈફતાર, ઈદ મિલન અને અન્ય કાર્યક્રમોનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે. ઈફતાર પાર્ટીનો બહિષ્કાર કરનાર સંગઠનોમાં ઈમારત-એ-શરિયા, જમાત ઈસ્લામી, જમાત એહલે હદીસ, ખાનકાહ-એ- મોજબિયા, મુસ્લિમ પર્સનલ લો બોર્ડ, જમિયત ઉલેમા-એ-હિંદ અને ખાનકાહ-એ-રહેમાની છે. અન્ય મુસ્લિમ સંગઠનોથી અંતર જાળવવા પણ અપીલ કરવામાં આવી છે. ઈમારત-એ-શરિયાના જનરલ સેક્રેટરી મુફ્તી સૈદુર રહેમાને મીડિયાને જણાવ્યું હતું કે, અમારી ધાર્મિક સંસ્થાઓ નીતિશ કુમાર દ્વારા આપવામાં આવેલી ઈફતાર પાર્ટીમાં ભાગ લેશે નહીં.

### ૧૦૦ ફૂટ ઊંચો રથ પડતાં એકનું મોત અનેક ઈજાગ્રસ્ત

। (એજન્સી) બેંગ્લોર, તા.૨૩ ।

અનેકલ (બેંગ્લોર ગ્રામીણ)માં ગ્રામીણ ઉત્સવ દરમિયાન ૧૦૦ ફૂટ ઊંચો રથ પડતાં ઉત્સવ માતમમાં ફેરવાઈ ગયો છે. આ દુર્ઘટનામાં અનેક લોકો ઘાયલ થયા છે. ગ્રામીણ એસપીએ હોસ્પિટલમાં સારવાર દરમિયાન એક વ્યક્તિના મૃત્યુની પુષ્ટિ કરી છે. આ ઘટના શનિવારે સાંજે ૬:૦૦ વાગ્યાની આસપાસ બની હતી. આ ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં જોઈ શકાય છે કે કેવી રીતે ૧૦૦ ફૂટ ઊંચો રથ અચાનક ડગમગવા લાગે છે અને લોકોની ભીડ પર પડે છે.

### ટ્રમ્પે તાલિબાનને આપી ભેટ

## અમેરિકન નાગરિકને મુક્ત કરવા બદલ કરી મોટી જાહેરાત

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૩ ।

અમેરિકા તાલિબાન સાથે સંબંધો સુધારવાની દિશામાં આગળ વધ્યું છે. અફઘાનિસ્તાન સ્થિત તાલિબાનીઓએ બે વર્ષથી કેદ અમેરિકન નાગરિકને ગત સપ્તાહે મુક્ત કર્યો છે, જેના બદલે ટ્રમ્પ સરકારે તાલિબાનને ભેટ આપી છે. અમેરિકન સરકારે જાહેરાત કરી છે કે, તાલિબાને અમેરિકન નાગરિકને મુક્ત કર્યા છે, તેથી અમે તેમના ત્રણ પ્રમુખ નેતાઓ સિરાજુદ્દીન હક્કાની, અબ્દુલ અજીજ હક્કાની, યાહ્યા હક્કાની પર જાહેર કરેલું ઈનામ હટાવી દીધું છે. અફઘાનિસ્તાનના આંતરિક બાબતોના મંત્રાલયે અમેરિકન સરકારની જાહેરાતની પુષ્ટી કરી છે અને કહ્યું કે, અમેરિકન સરકારે અમારા ત્રણ પ્રમુખ નેતાઓ પર લગાવેલું હજારો મિલિયન ડૉલર ઈનામ હટાવી દીધું છે. અમેરિકાના આદેશ બાદ ત્રણેય નેતાઓ પર ઈનામની જાહેરાત કરવામાં આવી હતી. મીડિયા રિપોર્ટ મુજબ હક્કાની પર મુકવામાં આવેલ ઈનામ હટાવવાની જાહેરાત શનિવારે જ કરવામાં આવી હતી.

### ઔરંગઝેબ વિવાદ મુદ્દે RSSનું નિવેદન

## બહારથી આવેલાને માન આપશો કે સ્થાનિકને

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૩ ।

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના મહાસચિવ દત્તાત્રેય હોસબોલેએ વક્ફ સુધારા બિલથી લઈને ઔરંગઝેબ અને સીમાંકન સહિત અનેક મુદ્દે નિવેદન આપ્યું હતું. ઔરંગઝેબ વિવાદ મુદ્દે તેમણે કહ્યું કે, આપણે વિચારવું પડશે કે આપણે બહારથી આવનારાને આદર્શ બનાવવા જોઈએ કે સ્થાનિકોને માન આપવું જોઈએ. આ ઉપરાંત તેમણે વક્ફ બિલ પર કહ્યું કે, વક્ફનું શું થશે? આપણે જોઈશું કે સરકાર શું કરે છે. સરકાર યોગ્ય દિશામાં કામ કરી રહી છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખિલ ભારતીય પ્રતિનિધિ સભા રવિવારે (૨૩ માર્ચ) બેંગલુરુમાં સંપન્ન થઈ હતી. RSSના મહાસચિવ દત્તાત્રેય હોસબોલેએ એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ દરમિયાન ઔરંગઝેબ વિવાદ મુદ્દે તેમણે જણાવ્યું હતું કે, જે લોકો ભારતના વિરોધી રહ્યા છે તેમને આઈકોન ન બનાવી શકાય. ગંગા-જમના સંસ્કૃતિ વિશે વાત કરનારા લોકોને ઔરંગઝેબના ભાઈ દારા શિકોહ કેમ યાદ નથી? જો દિલ્હીમાં ઔરંગઝેબ રોડ બદલીને અબ્દુલ કલામ રોડ કરવામાં આવે, તો તેનો કોઈ અર્થ તો છે ને? તો જે કોઈ આપણી સંસ્કૃતિ વિશે વાત કરશે, આપણે તેનું પાલન કરીશું. સીમાંકન અંગે, RSSના મહાસચિવ દત્તાત્રેય હોસાબલેએ કહ્યું, વસ્તી ગણતરી શરૂ થવા દો. સીમાંકન પણ થવા દો, પછી આપણે જોઈશું. જો સંઘના કોઈપણ વ્યક્તિ કે કાર્યકરને યોગ્યતાના આધારે રાજકારણી તરીકે નિયુક્ત કરવામાં આવે તો તેમાં કંઈ ખોટું નથી. આમાં સંઘની કોઈ ભૂમિકા નથી.

### ઓનલાઈન ગેમિંગ પર સરકારનો મોટો પ્રહાર

## એકઝાટકે ગેરકાયદે પ્લેટફોર્મની ૩૫૭ વેબસાઇટ બ્લોક કરાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

કેન્દ્ર સરકારે વિદેશથી ગેરકાયદે રીતે સંચાલિત ઓનલાઈન મની ગેમિંગ પ્લેટફોર્મની ૩૫૭ વેબસાઈટ અને URL (યુનિફોર્મ રિસોર્સ લોકેટર) બ્લોક કરી દીધા છે અને આવા ૭૦૦ પ્લેટફોર્મ હાલમાં તપાસ હેઠળ છે. ડિરેક્ટોરેટ જનરલ ઑફ ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ઈન્ટેલિજન્સ (DGGI)એ ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મ સામે તેની કાર્યવાહી વધુ તીવ્ર બનાવી છે. આ ગેરકાયદે કૃત્યમાં દેશી અને વિદેશી બંને ઓપરેટરો સામેલ છે. નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ પ્લેટફોર્મ ટેક્સ છુપાવવા માટે રજિસ્ટ્રેશન વગર ગેરકાયદે રીતે ગેમ ચલાવી રહ્યાં છે અને GSTને પણ ટાળી રહ્યાં છે. ડીજીજીઆઈએ ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયના સહયોગથી આઈટી એક્ટ, ૨૦૦૦ની કલમ ૬૯ હેઠળ વિદેશથી ગેરકાયદે રીતે કાર્યરત ઓનલાઈન મની ગેમિંગ પ્લેટફોર્મની વેબસાઈટને બ્લોક કરી દીધી છે.

### ૬ રાજ્યોના ૧૪ પક્ષોનો એક સૂર

## કેન્દ્ર સરકાર લોકસભાનું સીમાંકન ૨૫ વર્ષ માટે અટકાવે

। (એજન્સી) ચેન્નઈ, તા.૨૩ ।

લોકસભાની બેઠકોના નવા સિમાંકન મુદ્દે તામિલનાડુના ચેન્નઈમાં વિપક્ષની મહત્વની બેઠક મળી હતી, જેની આગેવાની તામિલનાડુના મુખ્યમંત્રી અને ડીએમકેના વડા એમ. કે. સ્ટાલિને લીધી હતી, સ્ટાલિને નવી સિમાંકન નીતિનો ઉગ્ર વિરોધ કર્યો હતો સાથે જ આ પ્રક્રિયાને આગામી ૨૫ વર્ષ સુધી અટકાવવાની કેન્દ્ર સરકારને વિનંતી કરી હતી. બેઠકમાં સામેલ અન્ય વિરોધી પક્ષોના નેતાઓએ પણ સ્ટાલિનની માગને સમર્થન આપ્યું હતું. આ બેઠકમાં છ રાજ્યોના ૧૪ પક્ષોના પ્રતિનિધિઓ, ત્રણ મુખ્યમંત્રી અને એક ઉપમુખ્યમંત્રી સામેલ થયા હતા. નવી સીમાંકન નીતિ મુદ્દે ચેન્નઈમાં જોઈન્ટ એક્શન કમિટીની બેઠક મળી હતી, જેમાં સિમાંકનના વિરોધમાં અને તેને ૨૫ વર્ષ માટે અટકાવવાની માગ સાથે એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. જોઈન્ટ એક્શન કમિટીએ કેન્દ્ર સરકારને વિનંતી કરી હતી કે હાલમાં સિમાંકન પ્રક્રિયા ફ્રીઝ અવસ્થામાં છે.

### સર્ચ ઓપરેશન શરૂ

## જમ્મુના હીરાનગરમાં સેના અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

જમ્મુ કાશ્મીરના કઠુઆ જિલ્લામાં રવિવારે (૨૩ માર્ચ) આતંકવાદીઓ અને સેના વચ્ચે અથડામણ શરૂ થઈ ગઈ. કઠુઆ જિલ્લાના હીરાનગરમાં સેનાને આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી, જ્યારબાદ અહીં મોટા સ્તરે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન સેનાએ ત્રણથી ચાર આતંકવાદીઓને જોયા અને પછી અથડામણ શરૂ થઈ ગઈ. ભારત-પાકિસ્તાન ઈન્ટરનેશનલ બોર્ડર નજીક શંકાસ્પદો જોવા મળતા સેનાએ ઓપરેશન હાથ ધર્યું છે. સેનાને શંકા છે કે આ વિસ્તારમાં આતંકવાદી છુપાયા હોઈ શકે છે. ગુપ્ત માહિતીના આધાર પર જમ્મુ કાશ્મીર પોલીસની સ્પેશિયલ ટીમ, સેના અને કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ (CRPF)ની ટીમોએ કઠુઆ જિલ્લાના હીરાનગરમાં ઈન્ટરનેશનલ બોર્ડર નજીક વન વિસ્તારમાં મોટાપાયે શોધખોળ શરૂ કરી.

### સંભલ હિંસા કેસ

## જામા મસ્જિદ કમિટીના મુખ્ય વકીલ ઝફર અલીની ધરપકડ

। (એજન્સી) સંભલ, તા.૨૩ ।

ઉત્તર પ્રદેશના સંભલ સ્થિત શાહી જામા મસ્જિદમાં સર્વેક્ષણની કામગીરી કરતી વખતે હિંસા ભડકી હતી, ત્યારે સંભલ પોલીસે હિંસા ભડકાવવાના આરોપમાં મસ્જિદ કમિટીના મુખ્ય વીકલ ઝહર અલીની ધરપકડ કરી છે. પોલીસે ગત વર્ષે ૨૪ નવેમ્બરે સંભલમાં ભડકેલી હિંસાની પૂછપરછ કરવા માટે જામા મસ્જિદના વકીલ ઝફર અલીને બોલાવ્યો હતો. ઘટનાની તપાસ કરી રહેલી SITએ તેને પોલીસ સ્ટેશન બોલાવ્યો હતો. પૂછપરછ કર્યા બાદ તેને કસ્ટડીમાં લેવાયો છે. સંભલની શાહી જામા મસ્જિદનું રંગગામ ગયા શુક્રવારે (૨૧ માર્ચ, ૨૦૨૫) પૂર્ણ થયું હતું. આ સપ્તાહની શરૂઆતમાં કોર્ટના આદેશ બાદ આ કામ શરૂ કરાયું હતું. મસ્જિદ કમિટીના સેક્રેટરી મસૂદ ફારૂકીએ કહ્યું કે, રંગકામ પૂર્ણ થઈ ગયું છે અને લાઈટિંગનું કામ ચાલી રહ્યું છે જે ટૂંક સમયમાં પુરુ થઈ જશે. આ માટે હાઈકોર્ટે એક સપ્તાહની સમય મર્યાદા આપી હતી.

## સ્કૂલવાનના ડ્રાઈવરે ૧૩ વર્ષની વિદ્યાર્થિની સાથે કર્યા અડપલાં

। (એજન્સી) ભાવનગર, તા.૨૩ ।

રાજ્યમાં માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. ભાવનગરમાં સ્કૂલવાનના ડ્રાઈવરે ૧૩ વર્ષની વિદ્યાર્થિની સાથે શારીરિક અડપલાં કર્યા હોવાની ઘટના સામે આવી છે. બાળકી જ્યારે સ્કૂલેથી ઘરે પરત ફરી ત્યારે ઘટના અંગે માતા પિતાને જાણ કરી હતી. સમગ્ર મામલે જૈન સમાજના આગેવાનોએ પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, ત્યારે પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી. ભાવનગરના પાલીતાણામાં ૧૩ વર્ષની વિદ્યાર્થિની સાથે સ્કૂલવાનના ડ્રાઈવરે શારીરિક અડપલાં કર્યા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. બાળકી જ્યારે ક્લાસથી ઘરે પહોંચી ત્યારે સમગ્ર ઘટના અંગે માતા-પિતાને જાણ કરી હતી. ત્યારબાદ પરિવાર સહિત જૈન સમાજના આગેવાનો પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા. જ્યાં જાહિદ કાજી નામના સ્કૂલવાન ડ્રાઈવર વિરુદ્ધમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી.

## સાત વર્ષના બાળકના હત્યાના પ્રયાસમાં મહિલાની ધરપકડ

। (એજન્સી) આણંદ, તા.૨૩ ।

આણંદ જિલ્લાના તારાપુરમાં સાત વર્ષના બાળકની તબિયત લથડતાં તેને આઈસીયુમાં દાખલ કરાયો હતો. ત્રણ દિવસ બાદ બાળક જ્યારે ભાનમાં આવ્યું તો ચોંકાવનારો ખુલાસો થયો હતો. જેમાં પાડોશમાં રહેતી મહિલાએ બાળકને ઝેરી દવા પીવડાવીને હત્યાનો પ્રયાસ કરાયો હોવાનું સામે આવ્યું હતું. સમગ્ર મામલે પોલીસે આરોપી મહિલાની ધરપકડ કરી લીધી છે. આણંદ જિલ્લાના તારાપુરના જીચકા ગામ ખાતે સાત વર્ષના બાળકને હેતલબહેન નામના મહિલાએ કપાસમાં નાખવાની દવા પાણીમાં નાખીને જબરદસ્ત પીવડાવતા બાળકની તબિયત લથડી હતી. જેમાં બાળકોને ૧૬થી ૧૮ માર્ચ સુધી આઈસીયુમાં દાખલ કરાયો હતો. જ્યારે બાળક ભાનમાં આવે છે, ત્યારે તેના પિતાએ પૂછતાં સમગ્ર બાબતે ખુલાસો થયો હતો. મળતી માહિતી મુજબ, આરોપી હેતલબહેનના બાળકના પાડોશી છે અને તેમના ફળિયામાં કોકિલાબહેન નામના મહિલા એકલાં રહે છે. વાત એમ છે કે, થોડા દિવસ પહેલા કોકિલાબહેન બહારગામ ગયા હતા અને તેમણે ઘરની ચાવી આરોપી હેતલબહેનને રાખવા આપી હતી. પરંતુ જ્યારે કોકિલાબહેન ઘરે પરત આવે છે તો તેમને ઘરમાં રાખેલા સોનાની બંગડી ગાયબ હતી. જેથી તેમણે હેતલબહેનને પૂછ્યું હતું. એટલે હેતલબહેને દાગી કયા છે તે જાણતી ન હોવાનું કહેતા કોકિલાબહેને કહ્યું કે, ભગવાન જોવે છે જેણે પણ ખોટું કર્યું હશે તેની સાથે પણ ખોટું થશે.

### ગુજરાતે ૯૫% લક્ષ્યાંક કર્યો હાંસલ

# ૧૦૦ દિવસીય સઘન ટીબી નાબૂદી અભિયાનમાં ગુજરાત અગ્રેસર

### ૧,૩૭,૯૨૯ ટીબી દર્દીઓની સફળતાપૂર્વક ઓળખ અને નોંધણી સાથે જ ૧,૨૪,૫૮૧ દર્દીઓની સફળતાપૂર્વક સારવાર થઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ ।

ગુજરાતને ૨૦૨૪માં ૧,૪૫,૦૦૦ ટીબી દર્દીઓની ઓળખ અને નોંધણીનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો, જેની સાપેક્ષમાં ૧,૩૭,૯૨૯ ટીબી દર્દીઓની સફળતાપૂર્વક ઓળખ અને નોંધણી કરવામાં આવી હતી. આ સાથે જ ૧,૨૪,૫૮૧ દર્દીઓની સફળતાપૂર્વક સારવાર થઈ હતી, જેથી સારવાર પૂર્ણ થવાનો દર ૯૦.૫૨% નોંધાયો હતો. આ ઉપરાંત, નોંધાયેલા ટીબી દર્દીઓમાંથી ૧,૩૧,૫૦૧ દર્દીઓને પણ સારવારની સુવિધા પૂરી પાડવામાં આવી છે.

ટીબીના દર્દીઓ તેમની નિયમિત સારવાર કરાવવા માટે પ્રેરાય અને પૈસાના અભાવે તેમની સારવારમાં કોઈ મુશ્કેલી ન આવે તે માટે ગુજરાત સરકાર દ્વારા નિક્ષય પોષણ યોજના હેઠળ દવાના ખર્ચ માટે ટીબીના દર્દી દીઠ રૂ. ૫૦૦ની નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૪માં ૧,૧૮,૯૮૪ ટીબીના દર્દીઓને રૂ.૪૩.૯ કરોડની સહાય આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ટીબીના દર્દીઓને આપવામાં આવતી આ આર્થિક સહાયને કેન્દ્ર સરકારે ૧ નવેમ્બર ૨૦૨૪થી વધારીને રૂ.૧૦૦૦ કરી છે.

પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ ગુજરાતે નિક્ષય પોર્ટલ પર ૧૦,૬૮૨ નિક્ષય મિત્રોની નોંધણી કરી અને તેમના માધ્યમથી ૩,૪૯,૫૩૪ પોષણ કિટનું વિતરણ કર્યું. રાજ્ય સરકારની આ પહેલ ટીબીના દર્દીઓને માત્ર દવાઓ જ નહીં, યોગ્ય પોષણ પણ મળે તે સુનિશ્ચિત કરે છે. આ ક્ષેત્રમાં ગુજરાત સમગ્ર દેશમાં સવર્શ્રેષ્ઠ પ્રદર્શન કરનારું રાજ્ય બન્યું છે. ટીબીના કેસોની વહેલી તકે તપાસ અને સારવાર માટે ભારત સરકારે ૭ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ "૧૦૦-દિવસીય સઘન ટીબી નાબૂદી અભિયાન" શરૂ કર્યું છે. ગુજરાતે આ અભિયાન હેઠળ અત્યારસુધીમાં ૧૬ જિલ્લાઓ અને ૪ મ્યુનિસિપલ કોર્પોરેશનનો સમાવેશ કર્યો છે. ૨૦ માર્ચ ૨૦૨૫ સુધીમાં આ અભિયાન હેઠળ ૩૫.૭૫ લાખ લોકોનું ટીબી પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ વ્યાપક પરીક્ષણના પરિણામે, ૧૬,૭૫૮ નવા ટીબી દર્દીઓની ઓળખ કરવામાં આવી છે અને તેમની સારવાર પણ શરૂ કરવામાં આવી છે. રાજ્યના તમામ ટીબી દર્દીઓને સારવાર દરમિયાન દર મહિને પોષણ કિટ ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશથી ગુજરાત સરકારે તાજેતરમાં ૬ માર્ચ ૨૦૨૫ના રોજ લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ સાથે એક મહત્વપૂર્ણ સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. આ અંતર્ગત ટીબીના દર્દીઓને દત્તક લઈને તેમને ન્યુટ્રિશન સપોર્ટ પ્રદાન કરવામાં આવશે. રાજ્યભરમાં દર્દીઓને પોષણ સહાય પૂરી પાડવામાં લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ સક્રિય ભૂમિકા ભજવશે. રાજ્ય સરકારને આશા છે કે આ પ્રકારના પ્રયાસોથી ટીબીના દર્દીઓના રિકવરી રેટમાં વધુ ઝડપી સુધારો થશે.

### મોઢવાડીયા-સી.જે ચાવડાના સમાવેશની શક્યતા

## ગુજરાતના મંત્રીમંડળનું ૭ એપ્રિલ સુધીમાં થઈ શકે છે વિસ્તરણ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ ।

ગુજરાત વિધાનસભા સત્ર પૂર્ણ થયા પછી એપ્રિલના પહેલા જ અઠવાડિયામાં રાજ્ય સરકારના મંત્રી મંડળના વિસ્તરણની વાતોએ જોર પકડ્યું છે. જ્યારે અધિકૃત સૂત્રો દ્વારા પણ આ વાત પર મહોર મારવામાં આવી છે. ગુજરાત સરકારમાં હાલ મુખ્ય મંત્રી સિવાય ૮ કેબિનેટ મંત્રીઓ છે અને ૮ રાજ્ય કક્ષાના મંત્રીઓ છે. જેમાં હવે વધારો થવાની પૂર્ણ શક્યતા સૂત્રો દ્વારા જણાવાવમાં આવ્યું છે. કેબિનેટ વિસ્તરણમાં જુના ભાજપના નેતાઓ કોંગ્રેસીઓને આપવામાં આવતા સ્થાનથી નારાજ છે. છતાં હાઈ કમાન્ડના આદેશ અને પૂર્વ કોંગ્રેસીઓને આપવામાં આવેલા વચન મુજબ ભાજપ તેમનો સમાવેશ મંત્રી મંડળમાં કરશે. પરંતુ આ મંત્રી મંડળ વિસ્તરણમાં હાલના મંત્રીમંડળમાં બેઠેલા ૪ પૂર્વ કોંગ્રેસી મંત્રીઓમાંથી ૨નું પત્તુ કાપીને ડૉ. સી જે ચાવડા અને અર્જુન મોઢવાડિયાનો મંત્રી મંડળમાં સમાવેશ કરવામાં આવશે.

### ગુજરાતમાં ૨૪થી ૨૮ માર્ચ દરમિયાન યોજાશે

## ઓલ ઈન્ડિયા પોલીસ એક્વેટીક્સ ક્લસ્ટર ચેમ્પિયનશિપ યોજાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ ।

કેન્દ્રીય રીઝર્વ પોલીસ દળ દ્વારા આગામી તા. ૨૪ થી ૨૮ માર્ચ-૨૦૨૫ દરમિયાન આયોજિત "૭૨મી ઓલ ઈન્ડિયા પોલીસ એક્વેટીક્સ ક્લસ્ટર ચેમ્પિયનશિપ ૨૦૨૪-૨૫"ની ગુજરાત યજમાની કરશે. જેમાં વિવિધ ૨૭ રાજ્યોના ૫૭૨ રમતવીરો સહભાગી થશે. **Gujarat to host All India Police Aquatics Cluster Championship** ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમાપન સમારોહમાં તેમજ ગુજરાતના પોલીસ મહાનિદેશક વિકાસ સહાય ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેશે. આ સ્પર્ધાનો સમાપન સમારોહ તા. ૨૮મી માર્ચના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયા કોમ્પ્લેક્ષ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે યોજાશે અને ઉદ્ઘાટન સમારોહ ગુજરાતના પોલીસ મહાનિદેશક શ્રી વિકાસ સહાયની ઉપસ્થિતિમાં આગામી તા. ૨૪મી માર્ચના રોજ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયા કોમ્પ્લેક્ષ ખાતે યોજાશે. આ ચાર દિવસીય સ્પર્ધા દરમિયાન પ્રતિસ્પર્ધીઓ વચ્ચે વિવિધ એક્વેટીક્સ અને ક્રોસ કન્ટ્રી સહિતની ચાર સ્પર્ધાઓ યોજાશે. આ ઉપરાંત તા. ૨૬મી માર્ચના રોજ ચિલોડા રોડ, ગાંધીનગર ખાતે સ્થિત CRPF ગ્રુપ સેન્ટર ખાતે સંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, "૭૨મી ઓલ ઈન્ડિયા પોલીસ એક્વેટીક્સ ક્લસ્ટર ચેમ્પિયનશિપ ૨૦૨૪-૨૫" સ્પર્ધામાં આંદામાન નિકોબાર પોલીસ, આંધ્રપ્રદેશ પોલીસ, આસામ પોલીસ અને આસામ રાઈફલ્સ, બોર્ડર સીકયોરીટી ફોર્સ, છત્તીસગઢ પોલીસ, સી.આઈ.એસ. એફ, સી.આર.પી.એફ, ગુજરાત પોલીસ, હરિયાણા પોલીસ, ઈન્ડો તિબેટીયન બોર્ડર પોલીસ, જમ્મુ- કાશ્મીર પોલીસ, ઝારખંડ પોલીસ, કર્ણાટક પોલીસ, કેરાલા અને મહારાષ્ટ્ર પોલીસ, એન.ડી.આર.એફ, ઓડીશા, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તરાખંડ, પશ્રિમ બંગાળ, તેલંગણા, ઉત્તર પ્રદેશ અને પંજાબ પોલીસ, રેલ્વે પ્રોટેકશન ફોર્સ, એસ.એસ.બીના ૫૭૨ સ્પર્ધકો ભાગ લઈ રહ્યા છે.

## જમીન-મકાન ખરીદીના નિયમોમાં રાજ્ય સરકારે કર્યો મોટો ફેરફાર

### હવેથી ખુલ્લા પ્લોટની તબદીલી સંબંધિત દસ્તાવેજોમાં મિલકતના અક્ષાંશ અને રેખાંશ દર્શાવવા ફરજિયાત રહેશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ ।

ગુજરાત સરકારે મિલકતના દસ્તાવેજોની નોંધણી પ્રક્રિયાને વધુ સુરક્ષિત અને પારદર્શક બનાવવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ નિર્ણય અંતર્ગત, હવેથી ખુલ્લા પ્લોટની તબદીલી સંબંધિત દસ્તાવેજોમાં મિલકતના અક્ષાંશ અને રેખાંશ દર્શાવવા ફરજિયાત રહેશે. આ નિયમનો ભંગ કરનાર દસ્તાવેજોની નોંધણી પણ કરવામાં આવશે નહીં. સરકારનો આ નિર્ણય સ્ટેમ્પ ડ્યુટીની આવકમાં થતું નુકસાન અટકાવવા અને મિલકત સંબંધિત છેતરપિંડીના બનાવોને નિયંત્રિત કરવાના હેતુથી લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારના ધ્યાનમાં આવ્યું હતું કે જ્યારે મિલકતના દસ્તાવેજો નોંધણી માટે રજૂ કરવામાં આવે છે, ત્યારે તેમાં મિલકતના ફોટોગ્રાફસ સામેલ કરવાના હોય છે. કેટલાક કિસ્સાઓમાં, સ્થળ પર બાંધકામ હોવા છતાં પણ દસ્તાવેજોમાં જાણીજોઈને ખુલ્લી જમીનના ફોટોગ્રાફસ મૂકી દેવામાં આવે છે. આવું કરવાથી મિલકતની સાચી કિંમત છુપાવવામાં આવે છે અને તેના પરિણામે રાજ્ય સરકારને સ્ટેમ્પ ડ્યુટીની આવકમાં મોટું નુકસાન થાય છે. આ ઉપરાંત, આ પ્રકારની ગેરરીતિઓના કારણે છેતરપિંડીની ઘટનાઓ પણ વધવા પામી છે. તાજેતરમાં આવા બનાવોનું પ્રમાણ વધ્યું હોવાનું સરકારના ધ્યાને આવ્યું છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને સરકારે એક પરિપત્ર બહાર પાડ્યો છે. આ પરિપત્ર અનુસાર, હવેથી જ્યારે પણ ખુલ્લા પ્લોટવાળી મિલકતની તબદીલી અંગેનો દસ્તાવેજ નોંધણી માટે રજૂ કરવામાં આવશે, ત્યારે દસ્તાવેજના ભાગ તરીકે સામેલ કરવામાં આવતા મિલકતના ફોટોગ્રાફમાં અથવા ફોટો ધરાવતા પાના પર મિલકતના અક્ષાંશ અને રેખાંશ ફરજિયાત પણે દર્શાવવાના રહેશે. જો ફોટોમાં અથવા ફોટોવાળા પાના પર ખુલ્લા પ્લોટવાળી મિલકતના અક્ષાંશ અને રેખાંશ દર્શાવવામાં નહીં આવે, તો તેવા દસ્તાવેજને નોંધણી માટે સ્વીકારવામાં આવશે નહીં.

### હ્યુમન ટ્રાફિકિંગના સૌથી મોટા નેટવર્કનો પર્દાફાશ

## ગુજરાતમાં દલાલોએ બાંગ્લાદેશી સગીરાઓને દેહ વેપાર માટે વેચી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

૧૩ વર્ષની બાંગ્લાદેશી સગીરાનું અપહરણ કરીને દેહ વેપારમાં ધકેલવાના કેસમાં રાજકોટના પીઆઈએ સગીરાને સલામત છોડવી. છેલ્લા ૨ વર્ષથી સગીરાને શારીરિક શોષણ કરીને વેચી નાંખવાના રેકેટનો પર્દાફાશ થયો. મહિલા પોલીસના AHTU માં હ્યુમન ટ્રાફિકિંગને લઈને ગુનો નોંધી ધરપકડ કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં બાંગ્લાદેશથી હ્યુમન ટ્રાફિકિંગનો નેટવર્કનો મોટો ખુલાસો સામે આવ્યો છે. રાજકોટના એક પીઆઈએ એક સગીરાને દેહ વ્યાપારના ધંધામાંથી સલામત છોડાવતા સમગ્ર નેટવર્કનો પર્દાફાશ થયો છે. ઘટનાની વાત કરીએ, તો ૧૧ વર્ષની ઉંમરની સગીર બાળકીનું બાંગ્લાદેશથી નિઝામ અને હસીના નામના આ બન્ને આરોપીઓએ સગીરાને ચોકલેટ આપવાના બહાને ફોસલાવી લાવીને અપહરણ કર્યું હતું. ત્યાર બાદ બાંગ્લાદેશથી જંગલ મારફતે કોલકાત્તા અને ત્યાંથી અમદાવાદના ચાંદલોડિયામાં લાવ્યા હતા. આ સગીરાને નિઝામ અને હસીનાએ નારોલમાં રહેતા સુલોતા સિંગ નામની મહિનાને રૂપિયા ૪૦ હજારમાં વેચી દીધી હતી. તો બીજી તરફ, ગુમ સગીરાને લઈને બાંગ્લાદેશમાં અપહરણની ફરિયાદ દાખલ થઈ હતી. આ દરમિયાન બાંગ્લાદેશની એક એનજીઓએ દિલ્હીના ફ્રીડમ એનજીઓને બાળકી અંગે માહિતી આપી હતી. જે ફ્રીડમ એનજીઓ સગીરાને શોધવા માટે દિલ્હી, મુંબઈ અને અમદાવાદ પોલીસને અરજી કરી હતી. જેની અમદાવાદ AHTU દ્વારા તપાસ ચાલી રહી હતી. જે અરજી આધારે સગીરાને શોધવામાં અમદાવાદ પોલીસને સફળતા મળી છે. હ્યુમન ટ્રાફિકિંગના નેટવર્કનો પર્દાફાશ રાજકોટના ફરજ બજાવતા પીઆઈ જી.આર. ચૌહાણે કર્યો છે. પીઆઈ જી.આર. ચૌહાણ અગાઉ મહિલા પોલીસના AHTU માં ફરજ બજાવતા હતા.

## પેપર સારા નહીં જતા વિદ્યાર્થિનીનો આપઘાત

। (એજન્સી) સુરત, તા.૨૩ ।

સુરતમાં આપઘાતના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે શહેરમાં બે વિદ્યાર્થીઓએ આપઘાત કરી લેતાં ભારે ચકચાર જાગી છે. સિંગણપોર વિસ્તારમાં ધોરણ ૧૦ની વિદ્યાર્થિનીએ બોર્ડના પેપર સારા નહીં જતા અને અમરોલીમાં સીએના વિદ્યાર્થીએ માઈગ્રેનની બીમારીથી કંટાળીને આપઘાત કરી લીધો હતો. મળતી માહિતી અનુસાર, સુરતના સિંગણપોર ડભોલી વિસ્તારમાં રહેતા હસમુખભાઈ ગોંડલિયાની ૧૫ વર્ષની પુત્રી હેતલે ગોંડલિયાએ ઘરે ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું. મૃતક વિદ્યાર્થિનીએ હાલમાં ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા આપી હતી. જો કે પેપર સારા નહીં જતા ટેન્શનમાં આવીને તેણીએ આ પગલું ભર્યું હોવાની શક્યતા છે. દીકરીના મોતના લઈને પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. હાલ પોલીસે આ મામલે વધુ તપાસ હાથધરી છે. બીજી તરફ અમરોલી છાપરાભાઠા રોડ પાસે રહેતો ૨૩ વર્ષીય ધ્રુવીન હિરપરાએ ઘરમાં ગળાફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું.

### તાંત્રિક વિધી માટે સગીરાનું કરાવ્યું અપહરણ

## દિવાલની આરપાર જોઈ શકાય તેવા ચશ્મા આપવાનું કહી પડાવ્યા ૭૦ લાખ

। (એજન્સી) રાજકોટ, તા.૨૩ ।


અંધશ્રદ્ધા અને તાંત્રિક વિધિના નામે એક હૈયું હચમચાવી નાખે તેવી ઘટનાઓ ગુજરાતમાંથી પણ બહાર આવે છે. ત્યારે રાજકોટના વિંછીયામાં સગીરાના અપહરણ કર્યું હોવાની ઘટનામાં મોટો ખુલાસો થયો છે. વિંછીયામાં તાંત્રિક વિધી માટે સગીરાનું અપહરણ કર્યાનો ખુલાસો થયો છે. ૬ લોકોએ અપહરણ કર્યાની ફરિયાદ નોંધાઈ હતી. ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જેમાંથી ૩ આરોપીઓની શોધખોળ યથાવત છે. વિંછીયામાં તાંત્રિક વિધીના નામે સગીરાનું અપહરણ કરના મુખ્ય આરોપી દિનેશ ચોવછીયાએ ૬ લોકો સાથે ભેગા મળી અપહરણ કર્યું હતુ. દિવાલની આરપાર જોઈ શકે તેવા ચશ્મા હોવાનું કહી પૈસા પડાવ્યા હતા. જેમાં ૬ લોકો પાસેથી ૭૦ લાખ રુપિયાની છેતરપિંડી કરી હતી. ચશ્મા માટે સગીરાને તાંત્રિક પાસે લઈ જવાની વાત કરી છે. સગીરાનું અપહરણ કર્યા બાદથી મુખ્ય આરોપી અને સગીરાનો પત્તો મળ્યો નથી. ઉલ્લેખનીય છે કે તાંત્રિકે દિવાલની આરપાર જોઈ શકાય તેવી ચશ્મા હોવાનું કહીં ૭૦ લાખ પડાવ્યા હતા. એટલું જ નહીં તાંત્રિક વિધી કરવા માટે સગીરાનું પણ અપહરણ કરાવ્યું હતુ. જો કે પોલીસને સમગ્ર ઘટનાની જાણ થતા તાત્કાલિક ધોરણે તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ૪ આરોપીની ધરપકડ કરવામાં આવ્યા છે. જ્યારે ૩ આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

**વિશેષ** ટ્રસ્ટી મંડળના સભ્યોએ ગુરુકુલ કુરુક્ષેત્રની વિવિધ વિદ્યાશાખાઓ, વિવિધ પ્રકલ્પો અને ૧૮૦ એકરમાં વિસ્તરેલા ગુરુકુલ પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લીધી

# ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના આમંત્રણથી હરિયાણાના કુરુક્ષેત્રમાં યોજાઈ વિદ્યાપીઠના ટ્રસ્ટી મંડળની બેઠક

। (માહિતી) અમદાવાદ, તા.૨૨ ।

ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના આમંત્રણથી ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી મંડળની બેઠક તેમના વતન હરિયાણાના કુરુક્ષેત્રમાં યોજાઈ હતી. ગૂજરાત વિદ્યાપીઠ મંડળના ટ્રસ્ટીઓએ શ્રી આચાર્ય દેવવ્રતજીના ગુરુકુલની વિવિધ વિદ્યાશાખાઓ અને પ્રકલ્પોનું નિરીક્ષણ કર્યું હતું. ગુરુકુલ કુરુક્ષેત્ર અને ૧૮૦ એકરમાં વિસ્તરેલા ગુરુકુળ પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાતથી ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી મંડળના સૌ સભ્યો અત્યંત પ્રભાવિત થયા હતા. ગૂજરાત વિદ્યાપીઠ મંડળની વર્ષ ૨૦૨૪-૨૫ ની ચતુર્થ બેઠક કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે કુરુક્ષેત્રમાં ગુરુકુલ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં કુલપતિ શ્રી ડૉ. હર્ષદ પટેલ, પૂર્વ શિક્ષણમંત્રી અને ટ્રસ્ટી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, આદિત્ય બિરલા સેન્ટર ફોર કોમ્યુનિટી ઈનિસેટિવ્સ એન્ડ રૂરલ ડેવલપમેન્ટના અધ્યક્ષ અને ટ્રસ્ટી પદ્મભૂષણ રાજશ્રી બિરલા, ટ્રસ્ટી શ્રીકૃષ્ણ કુલકર્ણી, શ્રી આયેશાબેન પટેલ, શ્રી દિલીપ ઠાકર, શ્રી સુરેશભાઈ રામાનુજ, શ્રી ચંદ્રવદનભાઈ શાહ અને શ્રી વિશાલ ભાદાણીએ ભાગ લીધો હતો. ગૂજરાત વિદ્યાપીઠ મંડળની ગુરુકુલ કુરુક્ષેત્રમાં મળેલી આ બેઠકમાં ગૂજરાત વિદ્યાપીઠમાં શિક્ષણ અને સંશોધન પ્રવૃત્તિઓને વધુ વેગ મળે એ દિશામાં મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ પ્રતિવર્ષ ૧૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓને 'કુલાધિપતિ શિષ્યવૃત્તિ' આપવામાં આવશે. આ માટે રૂપિયા ૧૦ લાખની ફાળવણી કરવામાં આવી છે. વિદ્યાપીઠના પીએચ.ડી. ના વિદ્યાર્થીઓને 'ગાંધી વિચાર વિસ્તારક' યોજના અંતર્ગત ફેલોશિપ અપાશે. પ્રતિવર્ષ પાંચ વિદ્યાર્થીઓને દર મહિને રૂપિયા ૨૫,૦૦૦ ફેલોશિપ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપકોના સંશોધન કાર્ય માટે પ્રતિવર્ષ રૂપિયા દસ લાખ લેખે રૂપિયા ૫૦ લાખની વિશેષ ફાળવણી કરવામાં આવી છે. આગામી તારીખ છઠ્ઠી ડિસેમ્બરે ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક સંઘનું શતાબ્દી મહાસંમેલન યોજાશે. આ મહાસંમેલનમાં



વિદ્યાપીઠના ૧૦,૦૦૦ જેટલા પૂર્વ સ્નાતકોને આમંત્રણ પાઠવવાનું આયોજન છે. આ મહાસંમેલન માટે રૂપિયા ૫૦ લાખની વિશેષ ફાળવણીને પણ આ બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે. ગૂજરાત વિદ્યાપીઠ મંડળની આ બેઠકમાં વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રને મંજૂરી આપવામાં આવી છે. જે અંતર્ગત ગાંધી ગ્રામજીવન પદયાત્રા માટે રૂપિયા ૫૦ લાખની ફાળવણી કરવામાં આવી છે. ગૂજરાત વિદ્યાપીઠમાં ઉચ્ચ શિક્ષણની ૨૦૨૫ના શૈક્ષણિક વર્ષ માટેની પ્રવેશ માર્ગદર્શિકાને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. વિદ્યાપીઠના પ્રાણજીવન વિદ્યાર્થી ભવનમાં કોશ કાર્યાલય શરૂ કરીને કોશના સંપાદક તરીકે શ્રી અરવિંદભાઈ ભંડારીની નિયુક્તિ કરવાના નિર્ણયને મંજૂરી આપવામાં આવી છે. મંડળના પૂર્વ ટ્રસ્ટી સ્વર્ગસ્થ પરસદરાય દીનમણિશંકર શાસ્ત્રીને આ બેઠકમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ગૂજરાત વિદ્યાપીઠ મંડળના ટ્રસ્ટીઓ ગુરુકુલ, કુરુક્ષેત્ર પધાર્યા ત્યારે કુલાધિપતિ અને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી તથા ગુરુકુલના પ્રમુખ રાજકુમાર ગર્ગ દ્વારા તેમનું ઉષ્સ્વામાભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીએ તમામ મહેમાનોને ગુરુકુલની અતિઆધુનિક ગૌશાળા અને અન્ય પ્રકલ્પોની મુલાકાત કરાવી હતી. ગૌશાળા વિષે માહિતી આપતાં આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, અહીં દેશી ગાયોની ઉન્નત બ્રીડ માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ગુરુકુલ ગૌશાળાની દેશી ગાય દરરોજ ૨૪ લીટર દુધ આપે છે. ગૌશાળાના ગૌમૂત્ર અને ગોબરનો પૂરેપૂરો ઉપયોગ પ્રાકૃતિક ખેતી માટે જીવામૃત અને ઘનજીવામૃત બનાવવામાં થાય છે. દરેક ગાયનો સંપૂર્ણ રેકોર્ડ કમ્પ્યુટરાઈઝ્ડ છે અને દૂધ કાઢવા માટે સ્પેશિયલ મિલ્ક-પાર્લર બનાવાયું છે. આચાર્ય દેવવ્રતજીએ વધુમાં જણાવ્યું કે, ગુરુકુલની ગૌશાળા દરરોજ આશરે ૧૯ ક્વિંટલ દૂધનું ઉત્પાદન કરે છે, જે ગુરુકુલના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ટ્રસ્ટી મંડળના સભ્યોએ ગૌશાળામાં ઉત્તમ જાતિના ઘોડા-ઘોડીનું પણ નિરીક્ષણ કર્યું હતું. ગુરુકુલના વિદ્યાર્થીઓને ઘોડેસવારીની તાલીમ પણ આપવામાં આવે છે. એન.ડી.એ. વિંગની મુલાકાત દરમિયાન શ્રી આચાર્ય દેવવ્રતજીએ ટ્રસ્ટીઓને જણાવ્યું કે. ગુરુકુલ કુરુક્ષેત્ર છેલ્લા ૧૦ વર્ષોમાં ભારતીય સેનાઓ માટે ૭૧ ઉચ્ચ અધિકારીઓ આપી ચૂક્યું છે. ગયા વર્ષે ૧૭ વિદ્યાર્થીઓ એસ.એસ.બી. પાસ કરી લેફ્ટિનેન્ટ અને ફ્લાઈંગ ઓફિસરના પદ માટે પસંદ થયા છે. એન.ડી.એ. વિંગના ક્લાસરૂમ અને મોટિવેશન હૉલ જોઈને ભૂતપૂર્વ શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અત્આયંત પ્રભાવિત થયા હતા, કારણ કે ગુરુકુલમાં એવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે કે એન.ડી.એ. જેવી મુશ્કેલ પરીક્ષા વિદ્યાર્થીઓ સરળતાથી પાસ કરી શકે. એન.ડી.એ.ની સાથે તેમણે દેવયાન શાળા ભવન અને આર્ષ મહાવિદ્યાલયની મુલાકાત પણ લીધી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨

### શાસ્ત્રોના સંગમથી ઉભરશે નવું ભારત : બાબા રામદેવ

# સંસ્કૃત ફક્ત એક ભાષા નથી, વૈશ્વિક નેતૃત્વની ચાવી છે

## પતંજલિ યુનિવર્સિટીમાં આયોજિત ૬૨મી અખિલ ભારતીય શસ્ત્રોત્સવ સ્પર્ધાના સમાપન સમારોહમાં મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી પહોંચ્યા હતા

। (એજન્સી) હરિદ્વાર, તા.૨૩ ।

આપણા શાસ્ત્રો માત્ર ગ્રંથ નહીં, પરંતુ સંપૂર્ણ સૃષ્ટિના રહસ્યોને જાણવાનું માધ્યમ છે. ભારતીય શાસ્ત્રો અને ગ્રંથોમાં એવા અદ્ભુત સૂત્રો છે, જે આધુનિક જ્ઞાન-વિજ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે. આ વાત ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ પતંજલિ વિશ્વવિદ્યાલયમાં આયોજીત ૬૨મા અખિલ ભારતીય શાસ્ત્રોત્સવ સ્પર્ધાના સમાપન સમારોહમાં કહી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનો આધાર આપણા પ્રાચીન શાસ્ત્ર છે, જેમાં વિજ્ઞાન, યોગ, ચિકિત્સા, ગણિત અને દર્શનના ગાઢ રહસ્યો સામેલ છે. તેમણે તે વાત પર ભાર આપ્યો કે ઋષિ-મુનિઓ દ્વારા કરવામાં આવેલા સંશોધનોને માત્ર વારસાના રૂપમાં જાળવવાની જગ્યાએ તેને આગળ વધારવા અને આધુનિક દ્રષ્ટિએ વિકસિત કરવા જરૂરી છે. તેમણે કહ્યું કે જેમ અદ્વૈત વેદાંતનું જ્ઞાન ભારતમાં ફેલાયું, તેમ આ શાસ્ત્રોત્સવના માધ્યમથી સંસ્કૃત અને શાસ્ત્રોના ગાઢ રહસ્યો દેશ અને વૈશ્વિક સ્તરે ફેલાય. તેમણે કહ્યું કે વેદો અને શાસ્ત્રોને વ્યાવહારિક રૂપથી પ્રસ્તુત કરવાની દિશામાં કાર્ય કરવું જોઈએ, જેનાથી આવનારી પેઢીમાં તેના પ્રત્યે રૂચિ અને આસ્થા વિકસિત થાય. સમાપન સમારોહ દરમિયાન મુખ્યમંત્રી ધામીએ કહ્યુ કે રાજ્ય સરકાર સનાતન અને ભારતીય જ્ઞાન પરંપરાને પ્રોત્સાહિત કરવા માટે વિશેષ પગલા ભરી રહી છે, જેનાથી પ્રાચીન ભારતીય જ્ઞાન વિજ્ઞાનને વૈશ્વિક સ્તર પર સ્થાપિત કરી શકાય. આ પ્રસંગે મુખ્યમંત્રી ધામીએ ભારતના સમૃદ્ધ વૈદિક જ્ઞાનને વૈશ્વિક સ્તરે ઓળખવાની અને તેને શિક્ષણ પ્રણાલીમાં વધુ અસરકારક રીતે સંકલિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે જો આપણે આપણા પ્રાચીન જ્ઞાનને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી રજૂ કરીએ તો તે સમગ્ર માનવતા માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. આ પ્રસંગે પતંજલિ યુનિવર્સિટીના ચાન્સેલર અને યોગઋષિ સ્વામી રામદેવે કહ્યું કે સંસ્કૃત માત્ર એક ભાષા નથી, પરંતુ તે સમગ્ર વિશ્વમાં કોઈપણ ક્ષેત્રમાં નેતૃત્વ પ્રદાન કરવાની ક્ષમતા ધરાવે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સનાતન ધર્મ અને ભારતીય પ્રાચીન ગ્રંથોમાં વિશ્વની તમામ જ્ઞાન પ્રણાલીઓ સમાયેલી છે. અખિલ ભારતીય શાસ્ત્રોત્સવને સંસ્કૃત અને સંસ્કૃતિનો સંગમ ગણાવતા સ્વામી રામદેવે કહ્યું કે તમામ મૂળ ભાષાઓ સંસ્કૃતમાંથી ઉદ્ભવી છે અને આપણે બધાએ આનું ગૌરવ લેવું જોઈએ. તેમણે સંસ્કૃત ભાષાના પ્રસારને પ્રોત્સાહન આપવાની અને ભારતીય જ્ઞાન પરંપરાને પુનઃસ્થાપિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.



### ન્યૂઝ બ્રિફ

## રાષ્ટ્રગાનના અપમાન મુદ્દે જેડીયુ-ભાજપે નીતિશનો લુલો બચાવ કર્યો

। (એજન્સી) પટણા, તા.૨૩ ।

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર ગુરૂવારે (૨૦ માર્ચ) ના દિવસે એક કાર્યક્રમમાં હાજરી આવા ગયા હતા. આ દરમિયાન રાષ્ટ્રગાનની વચ્ચે-વચ્ચે વાતો કરતા અને વિચિત્ર હરકતો કરતાં જોવા મળ્યા હતાં. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાઈરલ થઈ રહ્યો છે. એકબાજુ જ્યાં વિપક્ષ નીતિશ કુમારની આ હરકત પર આકરા પ્રહાર કરે છે, ત્યાં અમુક નેતાઓનું સમર્થન પણ કર્યું હતું. નીતિશ કુમારનું સમર્થન કરતાં બિહારના મંત્રી અશોક ચૌધરીએ કહ્યું કે, વિપક્ષ પાસે હવે કોઈ મુદ્દો નથી વધ્યો, નીતિશ કુમારના કેન્દ્રીય મંત્રી અને મુખ્યમંત્રીના રૂપે સંપૂર્ણ કાર્યકાળમાં તેમની પ્રામાણિકતા, કર્તવ્ય પ્રતિ તેમની પ્રતિબદ્ધતા અથવા તેમની મહેનત પર પ્રશ્ન ન કરી શક્યાં. એટલે હવે રાષ્ટ્રગાનને લઈને મુદ્દો બનાવી રહ્યા છે. તેમને લાગે છે કે, નીતિશ કુમારથી મોટો કોઈ દેશદ્રોહી નથી. ઘણીવાર અજાણતા એવી ઘટનાઓ બની જાય છે, વિપક્ષ ફક્ત નીતિશ કુમારને બદનામ કરવા પ્રયાસ કરી રહ્યો છે. આવા મુદ્દાનું ચૂંટણીમાં કોઈ મહત્ત્વ નથી. બિહારના નાયબ મુખ્યમંત્રી વિજય કુમાર સિન્હાએ કહ્યું કે, નીતિશ કુમારથી ભૂલ થઈ ગઈ. સાથે જ કહ્યું કે, જે લોકો આ વિષયને લઈને હોબાળો કરી રહ્યા છે, તેમણે પોતાની અંદર ઝાંખીને જોવું જોઈએ. વળી, ભાજપના મંત્રી રાજૂ સિંહે પણ નીતિશ કુમારનો બચાવ કર્યો.

## તહેવારો આપણને એક રાખવાનું શિખવાડે છેઃ અજિત પવાર



। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

મુંબઈમાં યોજાયેલી ઈફતાર પાર્ટીમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી અજિત પવારે સામાજિક સદ્ભાવનાના મહત્ત્વનો ઉલ્લેખ કરી ભારપૂર્વક કહ્યું કે, 'મુસ્લિમોને ડરાવવાનો અને સાંપ્રદાયિક વિવાદ ઉભો કરવાનો પ્રયાસ કરનારાઓને કડકાઈથી જવાબ અપાશે અને આરોપીઓને કડકમાં કડક સજા ફટકારવામાં આવશે. અજિત પવારે મુસ્લિમ સમાજને સમર્થન આપવાનું આશ્વાસન આપી કહ્યું કે, 'જો કોઈ અમારા મુસ્લિમ ભાઈ-બહેનોને ડરાવવાની અથવા સાંપ્રદાયિક વિવાદ ઉભો કરવાની હિમ્મત કરશે તો તેને છોડવામાં નહીં આવે. હોળી, ગુડી પડવા અને ઈદ જેવા તહેવારો એકતાને પ્રોત્સાહન આપે છે.' છત્રપતિ શિવાજી મહારાજ, ડૉ.બાબાસાહેબ ભીમરાવ આંબેડકર, જ્યોતિબા ફુલે અને અન્ય અનેક મહાન નેતાઓએ પણ તમામ ધર્મો અને જાતિઓને સાથે રાખીને સામાજિક પ્રગતિનો માર્ગ દેખાડ્યો છે, તેથી આપણે આ વિરાસતને આગળ વધારવાની છે. ભારત એકતા અને વિવિધતાનું પ્રતિક છે. આપણે તાજેતરમાં હોળીની ઉજવણી કરી અને હવે ગુડી પડવા અને ઈદનો તહેવાર આવી રહ્યો છે. આ તહેવારો આપણને સાથે રાખવાનું શિખવાડે છે. આપણી અસલી તાકાત એકતામાં છે.'

### હવે વીજ સંકટથી મળશે છૂટકારો

# ભારતે કોલસાના ઉત્પાદનનો આંક ૧ અબજ ટનને પાર કરી લીધા

## આ એક મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિ છે કેમ કે કોલસાનું ઉત્ખનન શરૂ થયા બાદ અરત્યાર સુધીમાં આ સૌથી વધુ ઉત્પાદન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

હવે વીજ સંકટથી છૂટકારો મળશે તેવી પ્રબાળ આશા સેવાય છે કેમ કે ભારતે કોલસાના ઉત્પાદનનો આંક ૧ અબજ ટનને પાર કરી લીધો છે. આ એક મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિ છે કેમ કે કોલસાનું ઉત્ખનન શરૂ થયા બાદ અરત્યાર સુધીમાં આ સૌથી વધુ ઉત્પાદન છે. ચાલુ નાણાંકીય વર્ષ પૂરુ થતા પૂર્વે જ આ રેકોર્ડ હાંસલ કરી લેવામાં આવ્યો છે. કેન્દ્રિય કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડીએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર લખ્યુ હતુ કે અમે અત્યાધુનિક ટેકનોલોજીઓ અને કુશળ તરકીબો દ્વારા ફક્ત ઉત્પાદન વધાર્યુ તેવુ નથી પરંતુ સાથે જવાબદાર



પૂર્ણ રીતે ઉત્ખનન થાય તે પણ સુનિશ્ચિત કર્યુ છે. આ ઉપલબ્ધ પણે સતત રહેલી વીજ માંગને પૂરી કરવામાં મદદ મળશે. સાથે આર્થિક વૃદ્ધિને વેગ આપશે અને દરેક ભારતીય માટે ઉજ્જવળ ભવિષય સુનિશ્ચિત કરશે. પહેલા કેન્દ્ર સરકારે નાણાંકીય વર્ષ ૨૦૨૪ સુધી કોલસાનું ઉત્પાદન ૧ અબજ ટન સુધી પહોંચશે તેવો અંદાજ લગાવ્યો હતો, પરંતુ તે પછીની તેની મર્યાદા ૨૦૨૫ સુધી વધારી દેવામાં આવી હતી. કોલસા મંત્રાલયે એક નિવેદનમાં જણાવાયું છે કે તે રેકોર્ડ ઉત્પાદન સરકારની રાજનૈતિક સુધારાઓ અને તેની નીતિઓને દર્શાવે છે. ખાણ અને ખનિજ (ડેવલપ મેન્ટ એન્ડ રેગ્યુલેશન) અધિનિયમમાં સુધારો અને કોલસા બ્લોકોની વ્યાપારી હરાજી દ્વારા કોલસા ક્ષેત્રને ખાનગી કંપનીઓ માટે ખુલ્લું કરવુ વગેરે જેવા પગલાંઓ તેના માટે જવાબદાર છે. નિવેદનમાં જણાવ્યું હતું કે, વધુમાં જણાવ્યુ હતુ કે આ ઉપાયોને કારણે ઘરેલુ કોલસાની ઉપલબ્ધતામાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે. તેની આયાતમાં ઘણો ઘટાડો થયો અને વિદેશી હૂંડીયામણની બચતમાં પણ વધારો થયો છે. એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન કોલસા આયાતમાં ૮.૪નો ઘટાડો થયો છે જેનાથી આશરે ૫.૪૩ અબજ ડોલરની વિદેશી હૂંડીયામણની બચત થઈ છે.

કોવિડ સમયગાળામાં માંગ અને પુરવઠામાં મોટુ અંતર દેખાયા પછી છેલ્લા બે વર્ષોમાં કોલસાના ઉત્પાદનમાં વધારો નોંધાયો છે. કોલ ઈન્ડિયાના ઉત્પાદનમાં વૃદ્ધિ ઉપરાંત ખાનગી માલિકીના ઉત્ખનન પણ વધુ ઉત્પાદનનું હાંસલ કરી શકાયુ છે. કોલ ઈન્ડિયાએ આ એક યાદીમાં જણાવ્યું હતુ કે કોલસા ઉત્પાદનના કિસ્સામાં ૧ અબજ ટનના આંકડા ખરેખર એક વાત ઉપલબ્ધિ છે.

## ૫ જિલ્લામાંથી દેશની પ્રથમ 'પોટેશિયમ'ની ખાણ મળી

। (એજન્સી) જયપુર, તા.૨૩ ।

રાજસ્થાનના પાંચ જિલ્લામાંથી 'પોટાશ' એટલે કે 'પોટેશિયમ'ની ખાણ મળી આવતા રાજ્યની કિસ્મત ચમકી ગઈ છે. આમ તો પોટાશનો માટાભાગે ઉપયોગ ખાતરોમાં થાય છે અને ભારત તેની આયાત કરે છે. જોકે હવે કેન્દ્ર સરકારે રાજસ્થાનમાં પોટાશનું ખાણકામ કરવા માટે મે મહિનામાં હરાજી કરવાની તૈયારી કરી લીધી છે. આ ભારતની પ્રથમ પોટાશ ખાણ હશે. રાજસ્થાનના શ્રીગંગાનગર, હનુમાનગઢ, બિકાનેર, ચૂરુ અને નાગૌરમાં પોટાશની ખાણો મળી આવી છે. ભારતમાં અત્યાર સુધી ક્યાંય પણ પોટાશની ખાણ મળી નહોતી, જે કારણે આપણે કેનેડા, રશિયા અને તુર્કમેનિસ્તાનથી પોટાશ આયાત કરાવતા હતા. રિપોર્ટ અનુસાર, મળી આવેલી પાંચ ખાણમાં આશરે ૨,૪૭૬.૫૮ મિલિયન ટન પોટાશ છે. નોંધનીય છે કે, પોટાશ મુખ્યત્વે છોડના સ્વસ્થ વિકાસ અને પાકની ગુણવત્તાને પ્રોત્સાહન આપવા માટે ખાતર તરીકે ઉપયોગમાં લેવાય છે, પરંતુ તેનો ઉપયોગ કાચના ઉત્પાદન, સાબુ અને ડિટર્જન્ટ ઉત્પાદન અને પાણી શુદ્ધિકરણમાં પણ થાય છે.

### કેન્દ્ર સરકારે સંસદમાં માહિતી આપતા જણાવ્યું

# ૨૯૫ ભારતીયોને ટૂંક સમયમાં પરત મોકલાય તેવી શક્યતા

## આ નાગરિકોને અમેરિકન ઓથોરિટી દ્વારા રિમુવલ એટલે કે પાછા મોકલી દેવાના આખરી હુકમો આપી દેવામાં આવ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

યુએસ ઈમીગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE)ની હાલમાં કેદ ૨૯૫ ભારતીય નાગરિકોને ટૂંક સમયમાં સ્વદેશ પાછા મોકલાય તેવી શક્યતા છે એમ કેન્દ્ર સરકારે સંસદમાં માહિતી આપતા જણાવ્યું હતું. આ નાગરિકોને અમેરિકન ઓથોરિટી દ્વારા રિમુવલ એટલે કે પાછા મોકલી દેવાના આખરી હુકમો આપી દેવામાં આવ્યા છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે ભારતીય નાગરિક હોવાની પુષ્ટિ હાલમાં વિવિધ એજન્સીઓ સાથે મળીને



કરવામાં આવી રહી છે અને તેવા જ દેશનિકાલ માટે સ્વીકારવામાં આવશે. વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે જાન્યુઆરી ૨૦૨૫ થી ૧૩ માર્ચની વચ્ચે કુલ ૩૮૮ ભારતીયોને અમેરિકાથી ભારતમાં મોકલવામાં આવ્યા છે. આ અંગે વધુ માહિતી આપતાં વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે ગૃહને જણાવ્યું કે ૨૦૦૯થી અત્યાર સુધીમાં કુલ ૧૫,૯૫૨ ભારતીયોને અમેરિકા દ્વારા દેશનિકાલ કરવામાં આવ્યા છે. ૨૦૧૯માં મહત્તમ ૨,૦૪૨ ભારતીયોને દેશનિકાલ કરવામાં આવ્યા હતા. વિદેશ મંત્રીએ એમ પણ કહ્યું કે ભારતીય પાસપોર્ટ સાથે અમેરિકામાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા ઈમિગ્રન્ટ્સની કુલ સંખ્યા અંગે ભારત સરકારને યુએસ સરકાર તરફથી કોઈ નક્કર માહિતી મળી નથી. સ્ટેટ ડિપાર્ટમેન્ટે યુએસ અધિકારીઓ સમક્ષ તેની ચિંતા વ્યક્ત કરી છે કે કેવી રીતે દેશનિકાલ કરાયેલા લોકો, ખાસ કરીને મહિલાઓને ૫ ફેબ્રુઆરીએ આવેલા પ્લેનમાં બાંધવામાં આવ્યા હતા.

### તેમના નામે ૪૨ લાખની લોન પણ લઈ લીધી

# ગજબનો ટોપીબાજ છે શિક્ષક, એક બે નહીં પણ આઠ મહિલા સાથે લગ્ન કર્યા

## આરોપી નોકરિયાત મહિલાઓને પ્રેમની જાળમાં ફસાવીને તેમની સાથે લગ્ન કરતો હતો અને બાદમાં લાખો રુપિયા પડાવી લેતો

। (એજન્સી) સોનભદ્ર, તા.૨૩ ।

ઉત્તર પ્રદેશના સોનભદ્ર જિલ્લામાં લગ્ન કરાવતી મેટ્રોમોનિયલ સાઈટની મદદથી છેતરપીંડીનો મામલો સામે આવ્યો છે. આરોપી શખ્સ નોકરિયાત મહિલાઓને પ્રેમની જાળમાં ફસાવીને તેમની સાથે લગ્ન કરતો હતો અને બાદમાં લાખો રુપિયા પડાવી લેતો હતો. આ મામલામાં ત્રણ શિક્ષિકાએ શુક્રવારે પોલીસ સ્ટેશનમાં જઈને શિક્ષક વિરુદ્ધ આરોપ લગાવતા ફરિયાદ નોંધાવી છે. તો વળી પોલીસની ટીમ આ ફરિયાદ બાદ તપાસમાં લાગી ગઈ છે. હકીકતમાં જોઈએ તો, શુક્રવારે બે શિક્ષિકા ચુર્ક વિસ્તારની એક શાળામાં પહોંચી હતી. અહીં બંનેએ જણાવ્યું કે, આ સ્કૂલમાં તૈનાત એક શિક્ષકે તેની સાથે લગ્ન કર્યા છે. એટલું જ નહીં તેમણે આરોપ લગાવ્યો કે, તેનો પતિ એક અન્ય શિક્ષિકા સાથે લગ્ન કરીને સાથે રહે છે. તેને લઈને બંને વચ્ચે હોબાળો થયો. આ મામલે સૂચના મળતા પોલીસ પણ આવી પહોંચી. ત્યાર બાદ બંને શિક્ષિકાઓ એસપી ઓફિસે પહોંચી. આ મામલામાં તેણે આરોપી ચુર્ક ચોકી વિસ્તારના એક શખ્સ વિરુદ્ધ એસપીને ફરિયાદ લખાવી. ત્યાર બાદ બંને શિક્ષિકાઓ સ્કૂલના પરણેલા શિક્ષકને લઈને પોલીસ સ્ટેશને પહોંચી.તેમાંથી એક પીડિત મહિલાએ જણાવ્યું કે, તે શિક્ષિક છે. જૂન ૨૦૧૪માં મેટ્રોમોનિયલ સાઈટ દ્વારા તેની મુલાકાત સોનભદ્રના રહેવાસી એક શખ્સ સાથે થઈ હતી. તેમને એક દીકરો પણ છે. લગ્ન બાદ જ્યારે ટ્રાંસફર કરાવીને સોનભદ્ર આવવાની વાત કરી તો પતિ કોઈને કોઈ બહાના બનાવીને વાતને ટાળી દેતો. આ દરમ્યાન તેને જાણવા મળ્યું કે, આરોપી ચુર્ક વિસ્તારની એક અન્ય સ્કૂલ શિક્ષિકા સાથે પણ લગ્ન કરીને તેની સાથે રહે છે.

### હોળીએ અમેરિકાથી ગામડે આવ્યો હતો NRI

# લૂંટારૂઓનો વિરોધ કરવા જતાં ગોળી ધરબી દેતાં મોત

## મૃતકની ઓળખ જંદાહા વિસ્તારના સકરૌલી બુચૌલી રહેવાસી રમાશંકર ચૌધરીના પુત્ર રાહુલ આનંદ તરીકે થઈ

। (એજન્સી) પટણા, તા.૨૩ ।

બિહારના વૈશાલી જિલ્લામાં એક એનઆરઆઈની બદમાશોએ ગોળી મારીને હત્યા કરી દીધી. ઘટના હાજીપુર -જંદાહા મુખ્ય માર્ગ પર રાજાપાકર વિસ્તારના ઉફરૌલ ડૈની પુલ સ્થિત એનવીઆઈ ઈંટભટ્ટાની પાસે શુક્રવારે સવારે થઈ. મૃતકની ઓળખ જંદાહા વિસ્તારના સકરૌલી બુચૌલી રહેવાસી રમાશંકર ચૌધરીના પુત્ર રાહુલ આનંદ તરીકે થઈ છે. રાહુલ હોળીના તહેવાર પર અમેરિકાથી પોતાના ગામ આવ્યો હતો. જણાવાઈ રહ્યું છે કે ગળામાંથી સોનાની ચેઈન છીનવ્યાનો વિરોધ કરવા પર બે બાઈક સવાર લૂંટારાઓએ તેને ગોળી મારી દીધી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું. જાણકારી અનુસાર એનઆરઆઈ રાહુલ આનંદ હાજીપુર દિગ્ઘી કલા પૂર્વી સ્થિત ઘરેથી માતાને લઈને બાઈકથી ગામ તરફ નીકળ્યો. તે લોકો એનએચ ૩૨૨ માર્ગમાં ઉફરૌલ ડેની પુલની પાસે જ પહોંચ્યા હતા કે બાઈક સવાર બે ગુનેગારોએ તેમની ગાડી રોકાવી. બદમાશોએ તેના ગળામાંથી ચેન છીનવવાનો પ્રયત્ન



કર્યો. વિરોધ કરવા પર કમરમાં ગોળી મારી અને ભાગી છુટ્યા. સ્થાનિક લોકોએ પોલીસને માહિતી આપી. પોલીસની મદદથી ગંભીર સ્થિતિમાં તેને એક પ્રાઈવેટ હોસ્પિટલ લઈ જવાયો. સારી સારવાર માટે પટનાના એક મોટા પ્રાઈવેટ હોસ્પિટલમાં રેફર કરવામાં આવ્યો પરંતુ સારવાર દરમિયાન રાહુલનું મોત નીપજ્યું. ચેન સ્નેચિંગના વિરોધમાં એનઆરઆઈની હત્યાથી ગામમાં દરેક સ્તબ્ધ છે. ગોળી વાગવાની માહિતી પર રાજાપાકર પોલીસ સ્ટેશન અને દેસરીની પોલીસ ઘટના સ્થળે પહોંચી. રાહુલ આનંદ એન્જિનિયરીંગનો અભ્યાસ કર્યા બાદ અમેરિકામાં નોકરી કરી રહ્યો હતો. એક અઠવાડિયા પહેલા જ તે યુએસથી ગામડે આવ્યો હતો. તેની પત્ની ૬ વર્ષની પુત્રીની સાથે હાજીપુરમાં રહે છે. તે એક પ્રાઈવેટ સ્કુલમાં શિક્ષિકા છે. બંનેના લગ્ન ૮ વર્ષ પહેલા થયા હતા. રાહુલ ગામડે આવીને પોતાના પૈતૃક મકાનમાં સમારકામનું કામ કરાવી રહ્યો હતો. રાહુલના મોટા ભાઈ રવિ ભૂષણ ચૌધરી હાજીપુર કોર્ટમાં વકીલ છે. બુધવારે સાંજે રાહુલ પોતાની માતાને ગામ સ્થિત ઘરેથી લઈને હાજીપુર ગયા હતા. શુક્રવારે સવારે લગભગ ૮ વાગે તે પોતાની માતાની સાથે બાઈકથી ગામ પરત ફર્યો હતો. મૃતકની ઓળખ જંદાહા વિસ્તારના સકરૌલી બુચૌલી રહેવાસી રમાશંકર ચૌધરીના પુત્ર રાહુલ આનંદ તરીકે થઈ રસ્તામાં તેમની સાથે ઘટના થઈ ગઈ. ગોળી માર્યા બાદ હુમલાખોર ભાગી છુટ્યા. મૃતદેહ પોસ્ટમોર્ટમ બાદ અંતિમ સંસ્કાર માટે પરિવારજનોને સોંપી દેવાયો છે. આ મામલે વૈશાલી પોલીસ એસપીએ નિવેદન જારી કરી કહ્યું કે ગુનેગારોની ઓળખ કરી દેવાઈ છે. આરોપી પહેલેથી જ અન્ય મામલામાં ફરાર છે. તેની પર ૨૫ હજારનું ઈનામ રાખવામાં આવ્યું છે. ધરપકડ માટે એસડીપીઓ મહુઆના નેતૃત્વમાં એસઆઈટીની રચના કરવામાં આવી છે.

### ત્રિપુરાના મુખ્યમંત્રી માણિક સાહાની જાહેરાત

# ત્રિપુરામાં સરકારી કર્મીઓ માટે મોંઘવારી ભથ્થામાં ત્રણ ટકા વધારાની જાહેરાત

## ડીએમાં આ ત્રણ ટકાના વધારાની જાહેરાત સાથે હવે ત્રિપુરા સરકારી કર્મચારીઓને ૩૩ ટકા ડીએ મળશે

।(એજન્સી) અગરતલા, તા.૨૩।

કેન્દ્રીય કર્મચારીઓ મોંઘવારી ભથ્થા (DA) ની રાહ જોઈ રહ્યા છે. આ દરમિયાન, રાજ્યોમાં મોંઘવારી ભથ્થા અંગે જાહેરાતો થવા લાગી છે. આ સંદર્ભમાં, ત્રિપુરાના મુખ્યમંત્રી માણિક સાહાએ આ વર્ષે એપ્રિલથી રાજ્ય સરકારી કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થા (DA) માં ત્રણ ટકા વધારાની જાહેરાત કરી છે. ડીએમાં આ ત્રણ ટકાના વધારા સાથે, ત્રિપુરા સરકારી કર્મચારીઓને ૩૩ ટકા ડીએ મળશે. મુખ્યમંત્રી માણિક સાહાએ વિધાનસભામાં કહ્યું કે, હું ૧ એપ્રિલ, ૨૦૨૫ થી સરકારી કર્મચારીઓ અને પેન્શનરો માટે ત્રણ ટકા ડીએ જાહેર કરવાની જાહેરાત કરું છું. આનાથી રાજ્ય સરકારી કર્મચારીઓનો ડીએ



૩૦ ટકાથી વધીને ૩૩ ટકા થશે. આ માટે સરકારને વાર્ષિક ૩૦૦ કરોડ રૂપિયાનો વધારાનો નાણાકીય બોજ સહન કરવો પડશે. તેમણે કહ્યું કે સરકાર રાજ્ય સરકારી કર્મચારીઓ અને કેન્દ્ર સરકારના કર્મચારીઓ વચ્ચેના મોંઘવારી ભથ્થાના તફાવતને ઘટાડવા માંગે છે. તેમણે કહ્યું કે આ કામ ધીમે ધીમે કરવામાં આવશે. આ પહેલા છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને ઝારખંડ જેવા રાજ્યોએ પણ તેમના સરકારી કર્મચારીઓના ભથ્થામાં વધારો કરવાની જાહેરાત કરી છે. કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરો માટે મોંઘવારી ભથ્થું (DA) અને મોંઘવારી રાહત (DR) વધારવાનો નિર્ણય હજુ સુધી લેવામાં આવ્યો નથી. આ વધારો જાન્યુઆરીથી જૂનના છ મહિના માટે હશે. કર્મચારીઓ હોળી પહેલા મોટી જાહેરાતની અપેક્ષા રાખતા હતા પરંતુ તે થઈ શક્યું નહીં. તમને જણાવી દઈએ કે સરકારી કર્મચારીના મૂળ પગાર સાથે સીધો જોડાયેલો આ ભથ્થો વર્ષમાં બે વાર વધારવામાં આવે છે. સરકાર કર્મચારીઓ અને પેન્શનરો પર ફુગાવાની અસર ઘટાડવા માટે ડીએમાં સુધારો કરે છે. એવું માનવામાં આવે છે કે આ વખતે મોંઘવારી ભથ્થામાં ૨%નો વધારો થશે.

## તંત્રી લેખ...

# ચીનના સસ્તા સામાન વિરુદ્ધ ભારતની કડક કાર્યવાહી

ભારતે ચીનથી આવતા સસ્તા સામાન વિરુદ્ધ કડક કાર્યવાહી કરી પાંચ વર્ષ માટે એન્ટી ડમ્પિંગ ડ્યુટી ઝીંકવાનો નિર્ણય લીધો છે. ચીન સસ્તા ભાવે ભારતમાં એલ્યુમિનિયમ ફૉઈલ, વેક્યૂમ ફ્લાસ્ક, સૉફ્ટ ફેરાઈટ કોર્સ અને ટ્રાઈક્લોરો આઈસોસિનોરિક એસિડ પ્રોડક્ટ આયાત કરાતો હતો, જેના પર ભારતે આ શુલ્ક ઝીંકી દીધો છે. ભારતે સ્ટીલ ઉદ્યોગની સતત માગને ધ્યાને રાખી તેમજ સ્થાનિક કંપનીઓને સસ્તી આયાતથી બચાવવા માટે આ પગલું ભર્યું હોવાનું કહેવાય છે. વાણિજ્ય મંત્રાલયના તપાસ એકમ ડ્ર્ઈની ભલામણ બાદ ચીનની ચાર પ્રોડક્ટ પર શુલ્ક ઝીંકાયો છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ પરોક્ષ કર અને કસ્ટમ્સ, મહેસૂલ વિભાગે અલગ સૂચનાઓમાં આ માહિતી આપી છે. કેન્દ્ર સરકારે કામચલાઉ ધોરણે એટલે કે છ મહિના માટે ચીનથી આયાત થતા એલ્યુમિનિયમ ફોઈલ પર એન્ટી ડમ્પિંગ ડ્યુટી લાદી છે. આ ઉપરાંત સરકારે ચીન-જાપાનથી આયાત થતા પ્રતિ ટન એસિડ પર ૨૭૬થી ૯૮૬ ડૉલરનો ડ્યુટી ઝીંકી છે. ઉલ્લેખનીય છે કે, વિશ્વના તમામ દેશો વચ્ચે આયાત-નિકાસનો વેપાર થાય છે. સરકાર વેપારને સંતુલનમાં રાખવા માટે અવાર-નવાર આવા પગલા ભરતી હોય છે. ઓક્ટોબર-૨૦૨૪માં ભારતે સ્થાનિક કંપનીઓને ચીનમાંથી સસ્તી આયાતથી બચાવવા માટે પાંચ વર્ષ માટે ગ્લાસ મિરર્સ અને સેલોફેન ટ્રાન્સપરન્ટ ફિલ્મો સહિત પાંચ ચીની પ્રોડક્ટ્સ પર એન્ટિ-ડમ્પિંગ ડયૂટી લાદી હતી.

## કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે રાજ્યસભામાં ગૃહ મંત્રાલયની કામગીરી પરની ચર્ચાનો જવાબ આપ્યો

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે રાજ્યસભામાં ગૃહ મંત્રાલયની કામગીરી પર થયેલી ચર્ચાનો જવાબ આપ્યો હતો. બે દિવસ સુધી ચાલેલી આ ચર્ચાનો જવાબ આપતા કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રીએ કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા ૧૦ વર્ષમાં ગૃહ મંત્રાલયે મજબૂત રાજકીય ઈચ્છાશક્તિ અને મજબૂત કાયદાકીય માળખું સ્થાપિત કરીને આપણા સુરક્ષાકર્મીઓનું મનોબળ મજબૂત કરવાનું કામ કર્યું છે. ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે, આ દેશની સુરક્ષા, વિકાસ અને સાર્વભૌમિકતાને હંમેશાત્રણ મુખ્ય સમસ્યાઓ - જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ, ડાબેરી ઉગ્રવાદ અને ઉત્તરપૂર્વમાં વિદ્રોહ દ્વારા પડકારવામાં આવી છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, આ ત્રણ ઊંડાં મૂળિયાં ધરાવતાં મુદ્દાઓએ આશરે ચાર દાયકાથી દેશની શાંતિને ખોરવી નાંખી છે, દેશની સુરક્ષા સામે સવાલો ઊભા કર્યા છે અને રાષ્ટ્રીય વિકાસની ગતિમાં અવરોધ ઊભો કર્યો છે. શ્રી શાહે ઉમેર્યું હતું કે, આ ત્રણ સમસ્યાઓને કારણે છેલ્લાં ચાર દાયકા દરમિયાન દેશમાં આશરે ૯૨,૦૦૦ નાગરિકોએ પોતાનાં જીવ ગુમાવ્યાં છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં શ્રી નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી બન્યાં એ અગાઉ આ ઊંડાં મૂળિયાં ધરાવતાં મુદ્દાઓને સંપૂર્ણપણે નાબૂદ કરવા માટે કોઈ સંકલિત પ્રયાસો કરવામાં આવ્યાં નહોતાં. તેમણે કહ્યું, આતંકવાદ, નક્સલવાદ અને ઉગ્રવાદ મોદી સરકારના શાસનમાં સમાપ્ત થવાના આરે છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, અગાઉ કાશ્મીરમાં આતંકવાદીઓ અવારનવાર પાડોશી દેશમાંથી ઘૂસણખોરી કરતા હતા, બોમ્બ વિસ્ફોટો અને હત્યાઓ કરતા હતા અને આ ઘટનાઓ પ્રત્યે તત્કાલીન કેન્દ્ર સરકારોનું વલણ નરમ હતું. તેઓ મૌન જ રહેતા, બોલવામાં ડરતા અને પોતાની વોટબેંક ગુમાવવાનો ડર પણ રાખતા. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, શ્રી નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી બન્યાં પછી આતંકવાદ સામે શૂન્ય-સહિષ્ણુતાની નીતિ અપનાવવામાં આવી હતી. તેમણે કહ્યું, મોદી સરકારના શાસનમાં દેશમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની હિંમત કોઈનામાં નથી. અમારી સરકાર સત્તામાં આવ્યા બાદ ઉરી અને પુલવામામાં હુમલા થયા, પરંતુ માત્ર ૧૦ દિવસની અંદર જ અમે પાકિસ્તાનની સીમામાં ઘૂસીને સર્જિકલ સ્ટ્રાઈક કરીને જવાબ આપ્યો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભૂતકાળમાં માત્ર ઈઝરાયલ અને અમેરિકા જ એવા બે દેશો હતા જે પોતાની સરહદો અને લશ્કરી દળોની સુરક્ષા માટે હંમેશા તત્પર રહેતા હતા અને તે યાદીમાં પ્રધાનમંત્રી મોદીએ જ આપણા મહાન ભારતનું નામ ઉમેર્યું હતું. ત્યાંથી જ આતંકવાદ સામે ઝીરો ટોલરન્સની નીતિ શરૂ કરવામાં આવી હતી. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, કાશ્મીરમાં અલગાવવાદનું મૂળ કલમ ૩૭૦ છે. તેમણે જણાવ્યું હતું કે, રાજકીય મજબૂરી અને વોટબેંકની રાજનીતિને કારણે કલમ ૩૭૦ ઘણાં વર્ષો સુધી ચાલુ રહી હતી. ગૃહ મંત્રીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૫ ઓગસ્ટ, ૨૦૧૯નાં રોજ આ જ સંસદમાં કલમ ૩૭૦ નાબૂદ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, આપણાં બંધારણનાં ઘડવૈયાઓનું વિઝન હતું કે, એક દેશ, એક પ્રતીક અને એક બંધારણ હોવું જોઈએ અને પીએમ મોદીએ આ સ્વપ્નને પૂર્ણ કર્યું હતું. શ્રી શાહે વધુમાં જણાવ્યું હતું કે, ૫-૬ ઓગસ્ટ, ૨૦૧૯નાં રોજ એક કાયદો, એક પ્રતીક અને એક નેતાનાં નવા યુગની શરૂઆત થઈ હતી અને એ જ ક્ષણથી કાશ્મીરને ભારત સાથે કાયમી ધોરણે જોડવાની પ્રક્રિયા શરૂ થઈ હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રીએ કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાં ડોગરી, હિન્દી અને ઉર્દૂને રાજ્યની સત્તાવાર ભાષાઓનો દરજ્જો આપવામાં આવ્યો છે. ભ્રષ્ટાચારને ડામવા માટે એન્ટી કરપ્શન બ્યુરોની સ્થાપના કરવામાં આવી હતી અને આ વિસ્તારમાં તમામ રાષ્ટ્રીય કાયદાઓ પણ અપનાવવામાં આવ્યા હતા. પીએમ મોદીએ પઠાણકોટ ચેકપોઈન્ટ પર પરમિટ સિસ્ટમ પણ નાબૂદ કરી હતી, જેનાથી લોકશાહી, વિકાસ અને સમૃદ્ધિના નવા યુગની શરૂઆત થઈ હતી. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે અગાઉની સરકારોના ૩૩ વર્ષ દરમિયાન આ વિસ્તારમાં સિનેમાઘરોને ખોલવાની મંજૂરી નહોતી, પરંતુ મોદી સરકારના શાસનમાં તેમને ખોલવામાં આવ્યા હતા. ૩૪ વર્ષ સુધી, મોહરમ દરમિયાન તાજીયા સરઘસ માટે પરવાનગી આપવામાં આવી ન હતી, પરંતુ અમારા સમય દરમિયાન તેને મંજૂરી આપવામાં આવી હતી. પહેલા લાલ ચોકમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવો ખૂબ મુશ્કેલ હતો, પરંતુ હવે ત્યાં એક પણ ઘર એવું નથી કે જ્યાં "હર ઘર તિરંગા" અભિયાન દરમિયાન તિરંગો ફરકાવવામાં ન આવ્યો હોય. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, ફોર્મ્યુલા ૪ કાર રેસિંગ શ્રીનગરમાં યોજાઈ હતી અને કૃષ્ણ જન્માષ્ટમીની ઉજવણી લાલ ચોકમાં યોજાઈ હતી. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, મોદી સરકારે કેટલાંક પગલાં લીધાં છે, જેનાં પરિણામે આતંકવાદીઓમાં સામેલ થયેલા ભારતીય બાળકોની સંખ્યા લગભગ નાબૂદ થઈ ગઈ છે.

**આપણે લગભગ ભગવાન રામ અને તેમના અનુજ પુત્રકામેષ્ટિ યજ્ઞનું ફળ છે એમ માનતા હતાં, પણ ઋષિ વિશ્વામિત્ર પણ એ જ રીતે જન્મ્યા છે**

# વિશ્વામિત્ર ઋષિનો જન્મ પણ પ્રભુ શ્રીરામ જેમ પુત્રકામેષ્ઠિ યજ્ઞ દ્વારા થયો હતો



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**વિશ્વામિત્રનું નામ પડે અને ઘણી બધી ઉપલબ્ધિઓ યાદ આવે, કારણ કે તે સર્વ પ્રથમ તો એક ક્ષત્રિય હતાં, અને રાજર્ષિ માંથી મહર્ષિ, અને ત્યારબાદ બ્રહ્મર્ષિની ઉપલબ્ધિ તેમણે પ્રાપ્ત કરી હતી, વિશ્વામિત્ર ઋષિનો જન્મ કાન્યકુબ્જના પુરુ વંશમાં થયો હતો, ગાધિ નામના પુરુ વંશ રાજાને કોઇ પુત્ર રૂપે સંતાન હતું નહીં, પણ સત્યવતી નામે એક પુત્રી હતી.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. દરેકના સંસારમાં ઘણી બધી ઘટનાઓ ઘટતી હોય છે,અને દરેક માનવી પોતાની બુદ્ધિ પૂર્વક તેનો હલ કાઢતાં હોય છે. પરંતુ જો બુદ્ધિ સ્થિર હોય તો તેનો હલ સારી રીતે નીકળતો હોય છે, અને મેં પણ જાગૃત રહેવા ચિંતનની ધારાનો ક્રમ ચાલુ રાખ્યો! આજે ચરિત્રની ઓળખ! રામાયણ કાળ એટલે કે ત્રેતા કાળમાં તપસ્વીઓની સંખ્યા ખૂબ જ વધુ છે, અને પ્રભુ શ્રીરામના ગુરુ કહી શકાય એવા વિશ્વામિત્રની ભૂમિકા પણ ખૂબ જ રસપ્રદ છે, તો આજે આપણે ચિંતનમાં એને વિષે વાત કરીશું. વિશ્વામિત્રનું નામ પડે અને ઘણી બધી ઉપલબ્ધિઓ યાદ આવે, કારણ કે તે સર્વ પ્રથમ તો એક ક્ષત્રિય હતાં, અને રાજર્ષિ માંથી મહર્ષિ, અને ત્યારબાદ બ્રહ્મર્ષિની ઉપલબ્ધિ તેમણે પ્રાપ્ત કરી હતી. વિશ્વામિત્ર ઋષિનો જન્મ કાન્યકુબ્જના પુરુ વંશમાં થયો હતો, ગાધિ નામના પુરુ વંશ રાજાને કોઈ પુત્ર રૂપે સંતાન હતું નહીં,પણ સત્યવતી નામે એક પુત્રી હતી. સત્યવતી ના લગ્ન ઋચિક ઋષિ સાથે થયા હતાં, જે પણ નિઃસંતાન હતાં. ગાધિ રાજાએ ઋચિક ઋષિને પોતાના પુત્ર માટે યજ્ઞ કાર્ય કરવાનો અનુરોધ કર્યો,અને યજ્ઞને અંતે પ્રસાદનો ચરૂ પ્રાપ્ત થયો. સત્યવતીના પતિ એવા ઋચિક ઋષિએ પ્રસાદના ચરૂના બે ભાગ કર્યા, અને એક ભાગ ગાધિ રાજાની સ્ત્રીને આપ્યો, જ્યારે બીજો ભાગ તેણે સત્યવતીને આપ્યો. ગાધિ રાજાની સ્ત્રીને થયું કે તેમણે પોતાની પત્નીને પ્રસાદનો સારો ભાગ આપ્યો હશે, અને આવું વિચારી તેણે પોતાનો ભાગ સત્યવતીએ રાખેલા પ્રસાદના સ્થાન પર રાખી દીધો અને સત્યવતીનો ભાગ પોતે ગ્રહણ કરી લીધો, આથી ગાધિની સ્ત્રીને વિશ્વામિત્ર જેવો તેજસ્વી અને જન્મથી જ ઋષિ જેવું બાળક થયું, જે કૌશિક, ગાધિજ, અને ગાધિનંદન નામે પણ ઓળખાય છે જ્યારે સત્યવતીને જમદાગ્નિ રૂપે ક્ષત્રિય ગુણો ધરાવતું બાળક થયું! આપણે લગભગ ભગવાન રામ અને તેમના અનુજ પુત્રકામેષ્ટિ યજ્ઞનું ફળ છે એમ માનતા હતાં, પણ ઋષિ વિશ્વામિત્ર પણ એ જ રીતે જન્મ્યા છે. આમ તો સ્વર્ગના રાજા ઈન્દ્રનાં અવતાર તરીકે પણ વિશ્વામિત્ર ગણાયા છે, અને તેનો વંશ પ્રભુ શ્રી રામના કુળ ઈક્ષ્વાકુ સાથે મેળ કરતો પણ બતાવાયો છે. આમ એક ક્ષત્રિય કુમાર પોતાના રાજ્યની સીમાઓ ના વિસ્તાર માટે સતત પ્રયત્નશીલ રહેતા હતા. એક દિવસ તે પોતાની સેના સાથે જંગલમાં મૃગયા કરવા જાય છે, અને અયોધ્યા પાસેના ઉપવનમાં આવી ચડે છે. જ્યાં વશિષ્ઠ ઋષિનો આશ્રમ હતો, અને વસિષ્ઠ ઋષિ તેની નંદિની નામની કામધેનુ પુત્રી દ્વારા રાજા વિશ્વામિત્રનું ખૂબ જ સુંદર રીતે સ્વાગત કરે છે. રાજા તરીકે રહેલા વિશ્વામિત્રને આ નંદની ગાયમાં રસ પડે છે, અને તે તેની ચોરી કરવાની યોજના બનાવે છે. નંદિની ગાયના કાનમાંથી શસ્ત્ર સેના બહાર આવે છે અને વિશ્વામિત્રની સેના સાથે ધમાસાણ યુદ્ધ થાય છે, પરંતુ વિશ્વામિત્ર પરાજય



પામે છે, અને બ્રહ્મર્ષિના તેજ તેમજ વિદ્યા આગળ પોતાની વિદ્યા ફીક્કી છે, એવું તેને લાગે છે. આથી તે પણ બ્રહ્મર્ષિ જેવું તેજ પામવા માટે ૧૦૦૦ વર્ષ સુધી તપ કરે છે, અને ખૂબ બધી સિદ્ધિઓ તેમજ વિદ્યા પ્રાપ્ત કરે છે, તેમણે પોતાની સિદ્ધિના બળ પર ત્રણવાર દેવલોક જેવું સ્વર્ગ ધરતી પર નિર્માણ કર્યું હતુ. ઈન્દ્ર તેનાથી ચિંતિત થઈ જાય છે. એમણે મહર્ષિ વિશ્વામિત્રના તપ માં ભંગ માટે સ્વર્ગની સૌથી શ્રેષ્ઠ અપ્સરા મેનકાને મોકલી. વિશ્વામિત્ર મેનકાથી મોહિત થઈ જાય છે, અને મેનકા પણ તેના પ્રેમમાં પડે છે. મેનકાને એક પુત્રી થાય છે, પરંતુ તે તો સ્વર્ગની અપ્સરા હોવાથી માતાનો ધર્મ નિભાવી શકતી નથી, અને કણ્વ ઋષિના આશ્રમમાં પોતાની પુત્રીને ત્યજી દે છે. ઋષિ કણ્વ તેનો ઉછેર કરે છે, અને તે શકુન્તલા નામ આપે છે. શકુંતલા મોટી થતા દુષ્યન્તના પ્રેમમાં પડે છે, ગાંધર્વ વિવાહ કરે છે, અને ભરત નામના બાળકને જન્મ આપે છે, જેના પરથી આપણા દેશનું નામ ભારત પડ્યું છે. નંદિની ગાયથી પરાજિત થઈ વિશ્વામિત્રએ તપ કર્યું, અને દેવોએ પણ તેને બ્રહ્મર્ષિ તરીકે સ્વીકાર્યા. પરંતુ વશિષ્ઠ ઋષિ હજી ઋષિ સમારંભમાં કે કોઈ રાજ્ય સભામાં ભેટો થાય ત્યારે તેમને રાજર્ષિ કહીને સંબોધન કરતાં હતાં આથી તેના મનમાં ક્રોધ હતો, અને તેણે વશિષ્ઠ ઋષિના સો પુત્રોને મારી નાખવાનું વિચાર્યું. એક રાત્રે તે તેને મારવા માટે ઋષિને આશ્રમ પહોંચે છે, અને વશિષ્ઠ ઋષિ પોતાની પત્ની અરુંધતી સમક્ષ વિશ્વામિત્રનાં બ્રહ્મ જ્ઞાન તેમજ બ્રહ્મ તેજ ધરાવે છે, પરંતુ હજી એકાદ ટકા જેટલી ક્ષતિ છે, એમ કહી તેના વખાણ કરે છે. આ સાંભળી વિશ્વામિત્રનું હૃદય પરિવર્તન થયું, અને તે તેને પગે પડ્યાં, ત્યારથી વશિષ્ઠ ઋષિ અને વિશ્વામિત્ર વચ્ચે ગાઢ સંબંધ રહેલો હતો. વિશ્વામિત્રને રાજર્ષિ હતાં ત્યારે ઘણા પુત્રો થયા હતા, એમાં શીઘ્રા નામની એક અસુર કન્યા સાથે પણ તે મોહિત થયાં હતાં અને અસુર હોવાથી તેનો સ્વીકાર થયો નહીં. તેમણે ગાયત્રી મંત્રની પણ રચના કરી હતી, અને આમ તે મંત્ર દ્રષ્ટા પણ બન્યા. હિંદુ સંસ્કૃતિને ઉજાગર કરતો સવર્શ્રેષ્ઠ મંત્ર એટલે ગાયત્રી મંત્ર, એ વિશ્વામિત્ર ઋષિની સૌથી મોટી ઉપલબ્ધિ ગણાય છે, અને આજે પણ કરોડો સાધકો ગાયત્રી મંત્ર દ્વારા બુધ્ધિને સ્થિર કરવા આ પ્રયોગ કરે છે, અને તેમને સફળતા પણ મળે છે. ચિંતનની આ ધારાનો મૂળ સ્રોત પણ ગાયત્રી મંત્ર છે, અને સદગુરુ સાથે ભેટો પણ આ મંત્ર દ્વારા જ થયો છે, જેને કારણે આજે આપણે સૌ સદગુરુ કૃપા હી કેવલમના પ્રસાદનો અનુભવ કરી રહ્યા છીએ. તાડકા વન પાસે વિશ્વામિત્ર ઋષિ ગણ સાથે બ્રહ્મવિદ્યા માટે યજ્ઞો કરતા હતાં, પરંતુ તાડકા તેમના યજ્ઞમા માંસ અને હાડકાં નાખીનેં યજ્ઞ પરિપૂર્ણ થવા દેતી નહોતી, આથી વિશ્વામિત્ર રાજા દશરથના બે પુત્ર શ્રીરામ અને લક્ષ્મણની સનાતન સંસ્કૃતિના રક્ષણ માટે માંગણી કરે છે. રાજા દશરથ કચવાતા મને ગુરૂ વશિષ્ઠના કહેવાથી તૈયાર થાય છે, અને આમ રામ લક્ષ્મણ વિશ્વામિત્ર સાથે વનમાં પહોંચે છે. તાડકા વધ કરી તે વિશ્વામિત્રની સિદ્ધિમાં ઉમેરો કરે છે, વિશ્વામિત્ર પોતે એક સવર્શ્રેષ્ઠ ધનુર્ધારી અને ધનુર્વિદ્યાના સંસ્થાપક હતા છતાં, અવતાર લીલા માટે તેમણે પ્રભુ શ્રીરામ દ્વારા તાડકાનો વધ કરાવ્યો. તાડકાના વધ બાદ બન્ને કુમારોને તે લઈ જનક પુર આવે છે. ત્યાં આગળ સીતા સ્વયંવરની ઘટના ઘટે છે, અને ગુરુ આજ્ઞા શિરોમાન્ય કરી રામ ધનુષ ભંગ કરી જનક પુત્રી જાનકી સાથે વિવાહ કરે છે. આમ વિશ્વામિત્ર કુળ ઉદ્ધારક હતાં, એમણે ઋગ્વેદનાં ત્રીજા મંડલના સુક્તની રચના કરી છે, અને એ પોતે ગાયત્રી મંત્ર રચીને મંત્રદષ્ટા ઋષિ થઈ ગયા છે. વિશ્વામિત્ર પોતે, દેવરાત-શુનઃશેપ, મધુચ્છંદ, અધમર્ષણ, અષ્ટક, લોહિત-રોહિત, ભૃતકીલ, માબુદ્ધિ, દેવશ્રવા, દેવરત, ધનંજય, શિશિર, શાલકાયન, જેવા ૧૦૪ પુત્રોનાં પિતા બન્યાં. વિશ્વામિત્ર પ્રજાપક્ષી હતા, જે રાજાના રાજ્યમાં પ્રજાને દાદ મળતી ન હોય, ને અધિકારીઓ જુલમી હોય તેની સામે પ્રજાપક્ષે થતાં, અને ભાષણોદ્વારા ટીકા કરી તૂટી પડતા. રાજાઓને સલાહ આપવામાં એ એક મોટા પ્રધાન જેવા હતા. તેમણે ધનુર્વેદ પ્રથમ ક્ષત્રિયોને શીખવ્યો હતો, તેમ જ ધનુવિદ્યાનો મહાન ગ્રંથ રચ્યો છે. તે વિદ્યામાં તેઓ ઘણા જ પ્રસિદ્ધ થયેલા છે. એ પ્રજાપક્ષી બ્રહ્મષિ સપ્તઋષિના રાજ્ય પંચમાં નિમાયા હતા. એ ચાલુ મન્વંતરમાં સપ્તષિમાં ગણાય છે. રાજ્ય જેવી સમૃદ્ધિ અને વૈભવને છોડી બ્રહ્મપદની પ્રાપ્તિમાં અને પ્રજાને સુખી કરવામાં એણે દેહ અર્પણ કર્યો હતો. ક્ષણિક વસ્તુઓ તેમને તુચ્છ હતી. તપ અને મનુષ્યનું કલ્યાણ કરવું એજ તેને પ્રિય હતું. તત્વજ્ઞાન અને ધર્મનીતિનો ઠેકઠેકાણે ઉપદેશ આપતા. એ પોતાના આત્મબળના પરાક્રમથી આર્યાવર્તમાં અમર કીર્તિ રાખી ગયા છે. તો આપણે સૌ આપણા સનાતન ધર્મના પ્રખર તેજસ્વી ઋષિઓનું સ્મરણ કરી, તેમના બ્રહ્મતેજ ને વંદન કરીને તેનામાંથી કંઈક ગુણ ગ્રહણ કરીને બુધ્ધિને સ્થિર કરવાની કોશિશ કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહવંદન અને જય સીયારામ.

**સંસારમાં અનેક મહાપુરુષો થઈ ગયા અને તેઓએ પોતાના યુગના દેશ, કાળને અનુસાર ઉપદેશ માનવીઓને આપ્યો હતો**

# સારા કર્મો કરવાનો એક ફાયદો છે કોઇ સન્માન કરે કે ન કરે પણ આપણો અંતરાત્મા જરૂર આપણું સન્માન કરે છે!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જે વ્યક્તિ આ માનવજન્મને વાસ્તવમાં સાર્થક કરવા ઇચ્છતો હોય, તેનું કર્તવ્ય છે કે પરમાત્માને હંમેશાં એ પ્રાર્થના કરે કે તે તેની બુદ્ધિને એવી પ્રેરણા આપે, જેનાથી તે સત્પંથ ઉપર સ્થિર રહી શકે, આપણા દેશના ભક્તોએ ભગવાનને એ પ્રાર્થના કરી છે કે તેઓને એવી ભક્તિ મળે, જેના થી તેઓનું ધ્યાન કોઈ સાંસારિક વિષયની તરફ જાય નહીં.**

દેખ તેરે રાજ્ય કી હાલતક્યા હો ગઈ રાજાઈન્દ્ર, રાજયમાં બૂટલેગરો ભૂમાફિયાઓ, ભેળસેળિયા, દબાણકર્તાઓ અસામાજિક તત્વોની યાદી પોલીસે તૈયાર કરીને આંકડાકીય માહિતી લોકો સામે રજૂ કરી ત્યારે લોકોને ધ્રાસકો પડયો કે વાહ આમારા ગામમાં કે નગરમાં એક પણ બુટલેગર કે ભૂ ખનન માફિયા અસામાજિક તત્વો તો છે જ નહિ.. તો આ બધા આવા ધંધા કરતા કોણ છે? આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો સંસારમાં અનેક મહાપુરુષો થઈ ગયા અને તેઓએ પોતાના યુગના દેશ, કાળને અનુસાર ઉપદેશ માનવીઓને આપ્યો હતો. એમાંની મોટા ભાગની વાતો એક બીજાની વિરુદ્ધ જોવા મળી છે. આપણાં ધર્મશાસ્ત્રોમાં એવા વિભિન્ન સિદ્ધાંતો મળી. આવે છે, જેના આધારે લોકો વિવિધ સંપ્રદાયોમાં વહેંચાઈ ગયા છે અને એકબીજા ના સત્ ઉપર આક્ષેપ કરે છે.આવી અવસ્થામાં સદ્ બુદ્ધિ વડે આપણે એ વાતનો નિર્ણય કરી શકીએ છીએ કે વર્તમાન પરિસ્થિતિમાં કોઈ માર્ગ નો કેટલો અંશ ઉપયોગી છે. તેનો આ આશય નથી કે આપણે કોઈ સંપ્રદાય અથવા તેના સંચાલકની નિંદા કરીએ,પણ આપણે બધામાં થી તે વાતો ગ્રહણ કરવી જોઈએ જે વિવેક, બુદ્ધિ અને તર્ક વડે વર્તમાન પરિસ્થિતિને અનુકૂળ સિદ્ધ હોય અને જેનાથી આપણું જ નહીં પણ બધાનું હિત સાધી શકાય. એ વાત સાચી છેકે જ્ઞાન, બળ, વૈભવ વગેરે શક્તિ માનવીમાં સરખા પ્રમાણમાં હોતી નથી અને તે પરમાત્માની કૃપાથી જ મળે છે. જે વ્યક્તિ તેનો પ્રયોગ ફક્ત પોતાના માટે ના કરતાં લોકહિત માટે કરે છે,તેઓ તેના સાચા અધિકારી હોય છે અને તેઓમાં આગળ વધતાં આ શક્તિનો વિશેષ રૂપથી વિકાસ થાય છે. જેણે આ શક્તિ જ્યાં જ્યાં વાપરી છે, ત્યાં ત્યાં તે વધતી જાય છે. એવી જ વાત બીજા સદગુણો માટે પણ સાચી છે. વિદ્વાન,ધનવાન અથવા બળવાન ની સાર્થક્તા અને ગૌરવ તેમાં છેકે તે પોતાનાથી ઓછા જ્ઞાનવાળા, નિર્ધન અને નિર્બળને ઊંચા લાવવામાં મદદ કરે. એમ કરવાથી ફક્ત આપણને સુખ મળતું નથી, પણ જગતમાં સુખનું સામ્રાજ્ય સ્થાપિત થઈ શકે છે. ખેદની વાત તો એ છે કે વર્તમાન સમયમાં મોટાભાગના લોકોની બુદ્ધિ આવી જોવા મળતી નથી. તેઓ બીજા લોકોને આગળ વધારવા, ઊંચા લાવવાને બદલે તેઓને નીચે પાડવામાં, તેઓની ઉન્નતિના માર્ગમાં અવરોધ ઊભા કરવામાં જ પોતાનો લાભ સમજે છે.તેઓ વિચારે છેકે એમ કરવાથી તે લોકોને મળનારો લાભ આપણ ને મળતો થશે અને આપણે



સૌથી મોટા બની જઈશું.. આવી દાનતનું પરિણામ સામાન્ય રીતે ઊલટું જોવા મળે છે. પોતાની સંકીર્ણતા અથવા લોભની પ્રવૃત્તિને લીધે તેઓ સામાન્યજનોમાં બદનામ થઈ જાય છે અને તેના ફળસ્વરૂપ તેઓની સ્થિતિ ઊંચી થવાને બદલે નીચે પડવા લાગે છે. આપણે આંખ ખોલી જોઈશું તો આવાં ઉદાહરણો સમાજમાં લાખોની સંખ્યામાં મળી શકશે. જે વ્યક્તિ આ માનવજન્મને વાસ્તવમાં સાર્થક કરવા ઈચ્છતો હોય, તેનું કર્તવ્ય છે કે પરમાત્માને હંમેશાં એ પ્રાર્થના કરે કે તે તેની બુદ્ધિને એવી પ્રેરણા આપે, જેના થી તે સત્પંથ ઉપર સ્થિર રહી શકે. આપણા દેશના ભક્તોએ ભગવાનને એ પ્રાર્થના કરી છે કે તેઓને એવી ભક્તિ મળે, જેના થી તેઓનું ધ્યાન કોઈ સાંસારિક વિષયની તરફ જાય નહીં,તેનો આ આશય છે.માનવીનું વાસ્તવિક લક્ષણ એ છે કે તે શ્રેષ્ઠ ગુણો મેળવે અને પછી તેનો ઉપયોગ લોકહિત માટે કરે. આપણા મોટા મોટા મહાપુરુષો બતાવી ગયા છે કે દીન દુઃખી અને કોઈપણ પ્રકારના અભાવગ્રસ્ત વ્યક્તિની સેવા,મદદ કરવી, ભગવાનની સાચી ભક્તિ છે, પરમાત્મા આ પ્રકારનાં કાર્યોથી પ્રસન્ન થઈ શકે છે.આપણને જે શક્તિ અને સાધન અત્યાર સુધી મળી ગયાં છે અને હવે પછી મળનારાં છે,તેઓનો સર્વોપરી ઉપયોગ લોકહિત, બીજાઓની સાથે ભલાઈ કરવી જ સમજવી. પોતાનું અને પોતાના કુટુંબનું ભરણપોષણ કરવું એ માનવનો સહજ સ્વભાવ છે, તેને માટે કોઈ પ્રકારના શિક્ષણ અથવા ચિંતનની જરૂર હોતી નથી. જો આપણે પરમાત્માની દયાથી સારી શક્તિ અને સાધન મેળવીએ અને તે બધાનો ઉપયોગ ફક્ત પોતાનું પેટ ભરવામાં કરીએ,તો આપણે વાસ્તવિક મનુષ્ય કહેવડાવવાના અધિકારી નથી. એટલે સંપૂર્ણ ગાયત્રી મંત્રનો આશય એ છે કે આપણે પરમાત્માને એવી શુદ્ધ બુદ્ધિ આપવા પ્રાર્થના કરીએ, જેનાથી આપણું અને બીજાનું કલ્યાણ કરવાનો ભાવ હંમેશાં બનતો રહે અને સ્વાર્થની સાથે પરમાર્થને પ્રાધાન્ય આપી. આપણે આ માનવજન્મને સફળ બનાવીએ. એમ કહેવું તો વધારે પડતું લાગે કે ગાયત્રી-સાધના કર્યા પછી સાંસારિક મુશ્કેલીઓ અને ચિંતાઓ આવતી નથી. મોટા મોટા યોગી, તપસ્વી, મહાનુભાવો ઉપર આપત્તિ આવી છે,પણ ગાયત્રી ઉપાસક અથવા સાધકની બુદ્ધિ અને હૃદય એવાં બનવા લાગે છે કે આપત્તિ આવવા છતાં તેઓ શાંત રહે છે.સાચું પૂછવામાં આવે તો સાધક અને અસાધક, ભક્ત અને અભક્તમાં આ મુખ્ય અંતર છે. 'યોગદર્શન'માં જે "વૃત્તિ સારૂપ્ય મિતરત્ર" સૂત્ર આપવામાં આવ્યું છે તેનો અર્થ એ છે કે સાંસારિક વ્યવહારમાં યોગીની વૃત્તિ હંમેશાં હર્ષ-શોક રહિત, આનંદથી પ્રકાશિત થઈ ઉત્સાહ અને ઉલ્લાસયુક્ત રહે છે. તેનાથી ઊલટું સાંસારિક માનવીની વૃત્તિ હંમેશાં હર્ષ-શોકરૂપી સાગરમાં ડૂબતી અને ઉછળતી રહે છે. જો કોઈ આકરા શબ્દો બોલે તો તે સહન કરે છે અને જો કોઈ તેને યોગ્ય માન ન આપે તો તે સહન કરે છે. ક્યારેક તમારી ઈચ્છા મુજબ કંઈ ન થયું તો તમે સહન કરી લીધું અને ક્યારેક તમારી ટીકા થઈ તો તમે ચૂપ રહ્યા, આને કહેવાય સહનશીલતા. સહનશીલતા અને સમર્પણ સમાજમાં તમારી ઉપયોગીતા અને મૂલ્ય બંનેમાં વધારો કરે છે. જેમ ઝવેરી કોઈ કિંમતી દાગીના બનાવતા પહેલા સોનાને ગરમ કરે છે, પરંતુ સોનું ક્યારેય પ્રતિકાર કરતું નથી, આને કહેવાય છે તમારી સહનશીલતા અને સમર્પણ એ તમારા જીવનને એક આદર્શમાં સ્થાપિત કરે છે સમાજ માં નવું સ્વરૂપ. વાચક ચાહક મિત્રો છેલ્લે રમુજી છતાં સમજવા લાયક વાત મેં લિફ્ટમાં એક નાના બાળકને આઈસ્ક્રીમ ખાતા જોયો ચિંતામાં,મેં સહજતાથી કહ્યું, "આજે ખરેખર ઠંડી છે; આ ખાવાથી તમે બીમાર થઈ જશો!" બાળકે જવાબ આપ્યો, "મારા દાદા ૧૦૩ વર્ષ જીવ્યા." "આઈસ્ક્રીમ ખાઈને?" મેં પૂછ્યું. તેણે કહ્યું, "ના, કારણ કે તે ક્યારેય બીજા લોકોના કામમાં દખલ કરતા નહોતા!"કેટલું તીવ્ર! મને આખરે સમજાયું કે હું આટલી ઝડપથી કેમ વૃદ્ધ થઈ રહ્યો છું ખૂબ જ બિનજરૂરી દખલગીરી.અસ્તુ.

### દુઆ-કામ વચ્ચે પ્રાથમિકતાઓ અંગે વાત કરી

# દીપિકા માતા તરીકેનાં ગિલ્ટ વિના કામ પર પાછા ફરવાની મૂંઝવણમાં

### દીપિકા છેલ્લે સિંઘમ અગેઇનમાં શક્તિ શેટ્ટી તરીકે જોવા મળી હતી, હવે તે કલકી ૨થી કામ પર પાછી ફરે તેવી શક્યતા છે



દીપિકા પાદુકોણ અને રણવીર સિંગે થોડાં મહિનાઓ પહેલાં દિકરી દુઆને જન્મ આપ્યો છે. તાજેતરમાં અબુ ધાબીની ઈવેન્ટમાં તેણે મા તરીકેના ગિલ્ચ અને કામ પર પાછા ફરવાની ઈચ્છા વિશે વાત કરી હતી.અબુ ધાબીમાં યોજાયેલી ફોર્બ્સ ૩૦/૫૦ ગ્લોબલ સમિટમાં દીપિકાએ તે માતૃત્વ અને કામ વચ્ચે કઈ રીતે સંઘર્ષ કરે છે, તે અંગે કહ્યું, ‘‘હાલ હું જીવનનાં જે તબક્કે છું, એમાં એક મા તરીકે બધું કઈ રીતે મેનેજ કરવું, એક નવી મા તરીકે, કામમાં પાછા કઈ રીતે જવું..મને ખાતરી છે કે અહીં એવી કેટલીક અદભુત મહિલો હશે જે મને કોઈ સલાહ આપી શકે, કોઈ ડહાપણ આપી શકે, જે પણ કંઈ પણ કહી શકે..પરંતુ હું મારું અને મારું અને મારી દિકરીનું બધું કામ મેનેજ કરવાની સાથે કામ પર કોઈ ગિલ્ટ વિના પાછા ફરવાનું વિચારું છું. મને લાગે છે, હું હાલ એની જ મુંઝવણમાં છું. હું એવું નહીં કહું કે હું સંઘર્ષ કરું છું કે મુશ્કેલી અનુભવું છું, પરંતુ હા થોડી મંઝવણ જરૂર છે.’’આગળ દીપિકાએ કહ્યું કે તેના આગળના દરેક નિર્ણય પર આ તબક્કાની અસર પડશે, ‘‘મને લાગે છે કે માતૃત્વ એવી અદભુત બાબત છે કે ક્યાંક, ઈરાદાપૂર્વક નહીં તો પણ સહજ રીતે જ હવે આગળ હું કોઈ પણ ફિલ્મ પસંદ કરીશ કે જે પણ નિર્ણય લઈશ તેના પર આ બાબતની અસર થશે જ. જોકે, હું એવું પણ કહીશ કે માતા બની તે પહેલાં પણ હું ઘણી બાબતો વિશે સ્પષ્ટ અને સજાગ હતી.’’દીપિકા છેલ્લે સિંઘમ અગેઈનમાં શક્તિ શેટ્ટી તરીકે જોવા મળી હતી, હવે તે કલકી ૨થી કામ પર પાછી ફરે તેવી શક્યતા છે. તે સિવાય તેણે હજુ સુધી કોઈ ફિલ્મ અંગે જાહેરાત કરી નથી.

# ફિલ્મ ‘બેટા’માં માધુરી પહેલા શ્રીદેવીને રોલ ઓફર થયો હતો

### દિગ્દર્શક આદિ ઈરાનીએ ઇન્ટરવ્યુમાં ‘દિલ’ અને ‘બેટા’ ફિલ્મોના નિર્માણની વાર્તા કહી

ફિલ્મ ‘બેટા’માં અનિલ કપૂર અને માધુરી દીક્ષિતની જોડી લોકોને ખૂબ ગમતી હતી. પણ જાણીને નવાઈ લાગશે કે આ ફિલ્મ માટે પહેલી પસંદગી માધુરી દીક્ષિત નહીં પણ શ્રીદેવી હતી. પરંતુ, તેમણે આ ફિલ્મ કરવાનો ઈનકાર કરી દીધો.૧૯૯૨માં રિલીઝ થયેલી ફિલ્મ ‘બેટા’ સુપરહિટ રહી હતી. આ ફિલ્મમાં અનિલ કપૂર અને માધુરી દીક્ષિત મુખ્ય ભૂમિકામાં હતા. ફિલ્મમાં બંનેની જોડી લોકોને ખૂબ ગમતી હતી. આ ફિલ્મે પણ નિર્માતામાંથી દિગ્દર્શક બનેલા ઈન્દ્ર કુમારનું નસીબ બદલી નાખ્યું. પરંતુ ફિલ્મમાં અભિનેત્રી તરીકે તેમની પહેલી પસંદગી શ્રીદેવી હતી. દિગ્દર્શક આદિ ઈરાનીએ ઈન્ટરવ્યુમાં ‘દિલ’ અને ‘બેટા’ ફિલ્મોના નિર્માણની વાર્તા કહી છે. તે કહે છે કે ‘બેટા’ ફિલ્મ માટે નાયિકા તરીકે તેની પહેલી પસંદગી શ્રીદેવી હતી, પરંતુ તેણે નવા દિગ્દર્શક સાથે કામ કરવાનો ઈનકાર કરી દીધો. આ પછી, માધુરી દીક્ષિતને આ ફિલ્મમાં કાસ્ટ કરવામાં આવી કારણ કે તે પહેલાથી જ તેની સાથે ફિલ્મ ‘દિલ’માં કામ કરી રહી હતી. પરંતુ અભિનેતા અનિલ કપૂર માધુરી દીક્ષિતની કાસ્ટિંગથી ખૂબ નાખુશ હતા.ઈન્દ્ર કુમારે અનિલ કપૂર સાથે બે ફિલ્મો બનાવી; મોહબ્બત (૧૯૮૫) અને કસમ (૧૯૮૮). જ્યારે તેઓ દિગ્દર્શક તરીકે ‘બેટા’ ફિલ્મ બનાવવાની યોજના બનાવી રહ્યા હતા, ત્યારે તેઓ અનિલ કપૂરને હીરો તરીકે લેવા માંગતા હતા. પણ તે સમયે અનિલ કપૂર ખૂબ જ વ્યસ્ત હતા. તેની પાસે પહેલેથી જ ઘણી ફિલ્મો હતી જેને તેણે તારીખો આપી હતી. અનિલ કપૂર તેમને ના પણ પાડી શક્યા નહીં. આવી સ્થિતિમાં, તેમણે ઈન્દ્ર કુમારને કહ્યું, ‘એક દિગ્દર્શક તરીકે, તમારે પહેલા નાના બજેટની ફિલ્મ બનાવવી જોઈએ.’ આનાથી તમને અનુભવ મળશે અને ત્યાં સુધીમાં હું પણ મુક્ત થઈ જઈશ.ત્યારબાદ ઈન્દ્ર કુમારે દિગ્દર્શક તરીકે પોતાની પહેલી ફિલ્મ ‘દિલ’ બનાવવાનું શરૂ કર્યું. જેમાં આમિર ખાન અને માધુરી દીક્ષિત મુખ્ય ભૂમિકામાં હતા. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ સાબિત થઈ અને બંને સ્ટાર્સનું નસીબ પણ ચમક્યું. આ પહેલા, તેમની પહેલી ફિલ્મ પછી, અભિનેતા આમિર ખાનની સતત ૬-૭ ફિલ્મો ફ્લોપ થઈ ગઈ હતી. તેમને ફ્લોપ હીરો માનવામાં આવતા હતા. માધુરી દીક્ષિત સાથે પણ એવું જ થયું. તેમણે ઘણી ફિલ્મો સાઈન કરી હતી પરંતુ તેમાંથી કેટલીક ચાલી ન હતી અને કેટલીક અધૂરી રહી ગઈ હતી.આ પછી ઈન્દ્ર કુમારે પોતાના પુત્ર સાથે ફિલ્મ બનાવવાનું વિચાર્યું. આ માટે તેણે શ્રીદેવીનો સંપર્ક કર્યો, પરંતુ શ્રીદેવીએ આ ફિલ્મ કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો. શ્રીદેવી તે સમયે ટોચની અભિનેત્રી હતી અને તેમણે કોઈ નવા દિગ્દર્શક સાથે કામ કર્યું ન હતું. બીજી બાજુ, માધુરી દીક્ષિત પહેલાથી જ તેમની સાથે ‘દિલ’માં કામ કરી રહી હતી. આવી સ્થિતિમાં, તેણે ફિલ્મ બીટા માટે પણ માધુરીને સાઈન કરી હતી.




# તમન્ના ભાટીયાને એક વખત શ્રીદેવી બનવું છે

તમન્ના જગન શક્તિની જંગલ એડવેન્ચર ફિલ્મમાં અજય દેવગન અને સંજય દત્ત સાથે મહત્વના રોલમાં દેખાશે એ તો હવે જાહેર છે. તેણે આ રોલ માટે તૈયારી પણ શરૂ કરી દીધી છે, પરંતુ શરૂઆતથી તેની અંતરની ઈચ્છા એક વખત શ્રીદેવીનો રોલ કરવાની છે, તે એક વખત મોટા પડદે શ્રીદેવીનું પાત્ર ભજવવા માગે છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુંમાં તેની મોટા પડદે કોઈ પાત્ર ભજવવાની ઈચ્છા વિશે પૂછાયું ત્યારે તમન્નાએ કહ્યું, ‘‘એ શ્રીદેવી મેમ હશે, મને લાગે છે તે સુપર આઈકોનિક હતાં, એ એક એવી વ્યક્તિ છે, જેમની સાથે મને હંમેશા લગાવ રહ્યો છે.’’તમન્ના આ પહેલાં પણ શ્રીદેવીનું પાત્ર ભજવવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી ચૂકી છે. અગાઉ એક ઈન્ટરવ્યુમાં તમન્નાએ કહ્યું હતું કે બાળપમથી શ્રીદેવી તેની પ્રેરણા રહી છે અને તેમની બાયોપિક કરવી કે તેમનો રોલ કરવો એ તેનું એક સપનું રહ્યું છે. હાલ તમન્ના કેટલીક રસપ્રદ ફિલ્મમાં કામ કરી રહી છે, જગન શક્તિની રેન્જરમાં તે લીડ રોલમાં જોવા મળશે. આ અંગે સૂત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, ‘‘તે આ સફર શરૂ કરવા ખુબ આતુર છે. આ બહુ સારી રીતે લખાયેલો રોલ છે, જેમાં એક્ટિંગ બતાવવાની ક્ષમતા છે. તમન્નાએ આ રોલ માટે એકસાથે ઘણી તારીખો ફાળવી છે. સાથે તે હાલ અન્ય ફિલ્મની સ્ક્રિપ્ટ પણ સાંભળી રહી છે.’’જ્યારે વ્યક્તિગત જીવનમાં બે વર્ષના સંબંધ પછી તમન્ના અને વિજય વર્મા થોડાં દિવસો પહેલાં અલગ થઈ ગયાં છે. જોકે, તેઓ બંને જીવનભર મિત્રો બની રહેવામાં ખુશ અને સહમત છે.



### સોનાક્ષીએ આ ફિલ્મનો તેનો ફર્સ્ટ લૂક પણ જાહેર કર્યો

# સોનાક્ષી, અનુરાગ અને આદર્શ એક સાથે તેલુગુ ડેબ્યુ કરશે



### એક્ટર અને ફિલ્મ મેકર અનુરાગ કષ્યપે તાજેતરમાં જ બોલિવૂડ છોડીને સાઉથમાં જવાની જાહેરાત કરી હતી

એક સમય હતો, જ્યારે સાઉથના કલાકારોની બોલિવૂડ ડેબ્યુ ફિલ્મની રાહ જોવાતી હતી. હવે આ પ્રવાહ ઉલટો વહેવાનો શરૂ થયો છે, હવે બોલિવૂડના કલાકારો સાઉથ તરફ પ્રયાણ કરવા લાગ્યા છે. આરઆરઆર, બાહુબલી, પુષ્પા જેવી બ્લોક બસ્ટર ફિલ્મની પૅન ઈન્ડિયા રિલીઝનો આ પ્રવાહમાં મહત્વનો ફાળો છે. હવે ઘણા જાણીતા બોલિવૂડ એક્ટર્સ ટૂંક સમયમાં સાઉથની ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરવા જઈ રહ્યાં છે, તેમાં પણ અનુરાગ કષ્યપે તો જાહેર કર્યુ છે કે તે બોલિવૂડથી નિઃરાશ થઈને સાઉથ તરફ પ્રયાણ કરી રહ્યા છે. તે સિવાય સોનાક્ષી સિંહા અને આદર્શ ગૌરવ પણ તેલુગુ ફિલ્મમાં ડેબ્યુ કરવા જઈ રહ્યાં છે.સોનાક્ષી સિંહાએ તાજેતરમાં જ જાહેરાત કરી છે કે તે સુધીર બાબુની હોરર થ્રિલર ફિલ્મ જટાધરાથી ડેબ્યુ કરશે. સોનાક્ષીએ આ ફિલ્મનો તેનો ફર્સ્ટ લૂક પણ જાહેર કર્યો હતો. આ ફિલ્મ વેંકટ કલ્યાણે ડિરેક્ટ કરી છે. ફિલ્મના મેકર્સે પણ જાહેર કર્યું હતું કે આ ફિલ્મમાં દંતકથા અને કેટલીક કાલ્પનિક શક્તિઓનું પણ મિશ્રણ હશે.એક્ટર અને ફિલ્મ મેકર અનુરાગ કષ્યપે તાજેતરમાં જ બોલિવૂડ છોડીને સાઉથમાં જવાની જાહેરાત કરી હતી. હવે તે પણ તેલુગુ ફિલ્મમાં ડેબ્યુ કરશે, તે અદિવિ શેષની ફિલ્મમાં એક પોલિસ ઓફિસરના રોલમાં જોવા મળશે. આ એક ડાકુની સ્ટોરી પર આધારીત ફિલ્મ છે. આ ફિલ્મ હિન્દી અને તેલુગુ બંનેમાં શૂટ થઈ રહી છે, તેમાં અદિવિ શેષ અને મૃણાલ ઠાકુર પણ જોવા મળશે. શએનિલ દેવ આ ફિલ્મ પ્રોડ્યુસ કરે છે અને તે આ વર્ષના અંતમાં રિલીઝ થશે.ક્રિકેટર ડેવિડ વોર્નરનો તેલુગુ ગીતો માટેનો પ્રેમ તો જાણીતો છે, તેણે નિતિનની તેલુગુ ફિલ્મ રોબિનહૂડમાં કામ કર્યુ હતું. આ ફિલ્મમાં તેની સાથે શ્રીલીલી પણ હતી. ઈમરાન હાશ્મી પણ પવન કલ્યાણ સાથે તેલુગુ ફિલ્મમાં ડેબ્યુ કરવા જઈ રહ્યો છે. તે એક ઓમિ ભાઉ નામના ગેંગસ્ટરનો રોલ કરશે, જે સુજિથ દ્વારા ડિરેક્ટ થઈ છે.

### વિજય દેવરકોંડાની ફિલ્મે પહેલી વખત

# થિમેટિક વીડિયો લોંચ કરીને ઇતિહાસ સર્જ્યો

વિજય દેવરકોંડાની ‘કિંડમ (સામ્રાજ્ય)’નું ટીઝર લોંચ થઈ ગયું છે, જે અત્યાર સુધીમાં તેની વાતો સાંભળીને લોકોએ રાખેલી બધી જ અપેક્ષાઓ પર ખરું ઊતર્યુ છે. વિજય દેવરકોંડા તેમાં એક બહાદૂર અને ક્યારેય ન જોયેલા અવતારમાં જોવા મળે છે. એક ગંભીર, ડરામણો અને અનિયંત્રિત તાકાત ધરાવતું પાત્ર છે. તેની ઊર્જા અને શક્તિ જોઈને એવો અંદાજ આવે છે કે આ એક મહાનતાને પ્રાપ્ત કરનારું પાત્ર બની રહેશે. આ ટીઝર રિલીઝ થયાના માત્ર ૨૪ કલાકમાં જ ઈન્ટરનેટ પર છવાઈ ગયું છે, જેને અકલ્પ્ય ૧૦ મિલિયન વ્યૂઝ મળ્યા છે. અત્યારથી જ આ ફિલ્મ ચર્ચામાં આવી ગઈ છે અને ફિલ્મની રિલીઝ પહેલાં જ તેની અસરનો અંદાજ આવી શકે છે.કિંડમે આ સાથે એક ઈતિહાસ સર્જ્યો છે, જેનું ટીઝર સંપુર્ણ પણે એઆઈથી ડિઝાઈન થયેલો એક થિમેટિક વીડિયો અને સાઉન્ડટ્રેક છે, તેનાથી ફિલ્મ બનાવવાની અને તેના માર્કેટિંગની પ્રક્રિયામાં એક નવો બેન્ચમાર્ક સ્થાપિત થયો છે.ડિજીટલ ક્ષેત્રે આ એક નોંધપાત્ર સિદ્ધી છે, જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો વધતો પ્રભાવ પણ દર્શાવે છે, આ ટેક્નોલોજી ઈનોવેશન બાબતે નવી શરૂઆતના પ્રારંભને દર્શાવે છે. જ્યાં એઆઈ માત્ર એક સાધન નહીં પણ કલાત્મક અને સર્જનાત્મક રીતે લોકો સમક્ષ વાર્તા પ્રસ્તુત કરવાનો એક સ્રોત બની રહેશે.આ ફિલ્મમાં વિજય દેવરકોંડા સાથે ગૌતમ તિન્નૌરી અને અનિરુદ્ધ રવિચંદ્રન ૫ મહત્વના રોલમાં છે. કિંડમ ૩૦મેના રોજ મોટા પડદે રિલીઝ થશે. ત્યારે આ નવતર પ્રયોગથી ફિલ્મ બાબતે દર્શકોમાં ઘણી ઉત્સુકતા વધી છે.



### આલિયાનો બાળપણનો ક્રશ રણબીર હતો

# એ હિસાબે આલિયા ભટ્ટ મારી બીજી પત્ની છે

રણબીર કપૂરે તાજેતરમાં જ ખુલાસો કર્યો હતો કે એક મહિલાએ તેની સાથે ગેટ પર લગ્ન કરી લીધા છે, અને તેણે આજ સુધી તેને જોઈ નથી. આલિયા ભટ્ટ સાથેના તેમના લગ્ન પહેલાની આ ઘટના, જે તેમણે એક ઈન્ટરવ્યુમાં શેર કરી હતી, તેણે બધાને ચોંકાવી દીધા છે.રણબીર કપૂર તેના સુંદર પરિવારથી ખૂબ ખુશ છે જેમાં તેની પત્ની આલિયા ભટ્ટ, પુત્રી રિયા અને તેની માતા નીતુ કપૂરનો સમાવેશ થાય છે. આ દંપતીએ એપ્રિલ ૨૦૨૨ માં લગ્ન કર્યા અને એપ્રિલ ૨૦૧૮ માં ડેટિંગ શરૂ કર્યું. જોકે,આલિયા તેની પહેલી પત્ની નથી. રણબીરે તાજેતરમાં જ પોતાની ‘પહેલી પત્ની’ ને હજુ સુધી ન મળવા અંગે એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. આલિયા સાથે તેના લગ્ન ખૂબ જ સુંદર રહ્યા હતા, પરંતુ હવે તેણે ખુલાસો કર્યો છે કે તે તેની પહેલી પત્ની નથી.રણબીર કપૂરનો ચાહક વર્ગ દુનિયાભરમાં ફેલાયેલો છે. તેમના ચાહકો અભિનેતાની એક ઝલક મેળવવા માટે કોઈપણ હદ સુધી જઈ શકે છે. એક ઈન્ટરવ્યુમાં, રણબીરે ખુલાસો કર્યો કે એક મહિલા તેના પરિવારના બંગલામાં એક પંડિત સાથે આવી અને ઘરના દરવાજા પર જ તેની સાથે લગ્ન કર્યા. તેણે ખુલાસો કર્યો કે તે હજુ પણ તેની ‘પહેલી પત્ની’ને મળવાની રાહ જોઈ રહ્યો છે.રણબીરે કહ્યું, ‘હું તેને ગાંડપણ નહીં કહું કારણ કે તેનો ઉપયોગ નકારાત્મક રીતે થાય છે પણ મને યાદ છે કે જ્યારે મેં મારા શરૂઆતના વર્ષોમાં શરૂઆત કરી હતી.’ એક છોકરી હતી અને હું તેને ક્યારેય મળ્યો નહોતો, પણ મારા ચોકીદારે મને કહ્યું કે તે એક પંડિત સાથે આવી હતી અને મારા ગેટ પર જ તેના લગ્ન થઈ ગયા હતા. હું મારા માતા-પિતા સાથે જે બંગલામાં રહેતો હતો, ત્યાં ગેટ પર થોડા તિલક અને થોડા ફૂલો પડેલા હતા.



### અભિનેત્રી ડેલનાઝનું છલકાયું દર્દ

# ‘દેવું કરી ગુજરાન ચલાવ્યું, જેમ તેમ કરીને જીવન પાટે ચઢ્યું હતું’

### મારી પર્સનલ લાઈફ ડગમગી ગઈ હતી તેથી મારે તે શો કરવો હતો, જેનાથી મને અમુક ફેરફાર મળી શકે : ડેલનાઝ

ડેલનાઝ ઈરાની રિયાલિટી શો બિગ બોસમાં નજર આવી હતી. સલમાનના શો માં તેણે ખૂબ એન્ટરટેઈન કર્યા હતા. દર્શકોએ તેને ખૂબ પસંદ પણ કરી હતી. તાજેતરમાં જ ડેલનાઝે ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે ‘મે સલમાન ખાનનો શો માત્ર પૈસા માટે કર્યો હતો કેમકે તેના માથે ખૂબ લોન હતી. વર્ષ ૨૦૧૧માં ‘બિગ બોસ’ થયું હતું. તે સમયે હું ઈન્ડસ્ટ્રીમાં મોટું નામ હતી. તે શો થી મે કંઈ મેળવ્યું નહીં અને કંઈ ગુમાવ્યું પણ નહીં. માત્ર એક વસ્તુ મને મળી તે છે પૈસા. પૈસા માટે મે તે શો કર્યો હતો.મારી પર્સનલ લાઈફ ડગમગી ગઈ હતી તેથી મારે તે શો કરવો હતો. જેનાથી મને અમુક ફેરફાર મળી શકે. તે શો માં ગયા પહેલાની ડેલનાઝ કંઈક બીજી હતી અને હવે તમારી સામે ડેલનાઝ કોઈ બીજી છે



જો આજના સમયમાં હું તે શો માં જાઉં તો ખૂબ ટફ કોમ્પિટીશન આપીશ. તે સમયે હું સારી પોઝિશનમાં નહોતી. સેફ રમી રહી હતી અને લોકોને પ્લીઝ કરી રહી હતી. ૧૪ અઠવાડિયા હું ત્યાં રોકાઈને આવી છું. મને પૈસા મળ્યા, જેનાથી મે લોન ભરી. શો બાદ પોતાના માટે બાબતો અરેન્જ કરી. મને બિગ બોસ ત્યારે મળ્યું જ્યારે મને પૈસાની સૌથી વધુ જરૂર હતી.’

### યશની ‘ટોક્સિક’ની રિલીઝ ડેટ ઠેલાઇ

# કિયારા બની સૌથી તગડી ફી વસુલતી અભિનેત્રી

### આ ફિલ્મ કન્નડ અને અંગ્રેજી બંને ભાષામાં એકસાથે બનાવવામાં આવી રહી છે


બોલિવૂડની જાણીતી કિયારા અડવાણી સૌથી વધુ કમાણી કરનારી અભિનેત્રી બની ગઈ છે અને જેને તેની બહુપ્રતિક્ષિત ફિલ્મ ટોક્સિક માટે ૧૫ કરોડ રૂપિયાની ફી મળી હોવાના અહેવાલ છે. કન્નડ સુપરસ્ટાર યશની આગામી ફિલ્મ ‘ટોક્સિક’ હેડલાઈન્સમાં રહે છે. આ ફિલ્મમાં બોલિવૂડ અભિનેત્રી કિયારા અડવાણી મુખ્ય ભૂમિકા ભજવી રહી છે. અહેવાલ છે કે કિયારાએ આ ફિલ્મ માટે મોટી રકમ લીધી છે. આ ફી સાથે, કિયારા હવે દક્ષિણ ઉદ્યોગમાં સૌથી વધુ કમાણી કરતી અભિનેત્રીઓની યાદીમાં જોડાઈ ગઈ છે. રિપોર્ટ અનુસાર, કિયારા અડવાણીએ આ ફિલ્મ માટે ૧૫ કરોડ રૂપિયા ચાર્જ કર્યા છે. કિયારા અડવાણીની ફી તેની તાજેતરની ફિલ્મોની સફળતા અને તેની વધતી જતી લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવી છે. કેટલાક અહેવાલો એમ પણ કહે છે કે પ્રિયંકા ચોપરા જોનાસને એસએસ રાજામૌલીની આગામી ફિલ્મ એસએસએમબી ૨૯ માટે ૩૫ કરોડ રૂપિયા ફી આપવામાં આવી રહી છે. જ્યારે દીપિકા પાદુકોણે ફિલ્મ ‘કલ્કી ૨૮૯૮ એડી’ માટે ૨૩ કરોડ રૂપિયા ચાર્જ કર્યા છે. ‘ટોક્સિકઃ અ ફેરી ટેલ ફોર ગ્રોન-અપ્સ’ નામની આ ફિલ્મ કન્નડ અને અંગ્રેજી બંને ભાષામાં એકસાથે બનાવવામાં આવી રહી છે. ફિલ્મમાં કિયારા અને યશ ઉપરાંત, ડેરેલ ડી’સિલ્વા અને અક્ષય ઓબેરોય પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ પહેલા એપ્રિલમાં રિલીઝ થવાની હતી પરંતુ પ્રોડક્શનમાં વિલંબને કારણે તેની રિલીઝ ડેટ આગળ ધપાવવામાં આવી છે. કિયારા અડવાણીના વર્કફ્રન્ટ વિશે વાત કરીએ તો, તે ટૂંક સમયમાં ઋત્વિક રોશન અને જુનિયર એનટીઆર સાથે ‘વોર ૨’માં જોવા મળશે.



# વહેલી સવારે કે સાંજે હવામાં ભેજનું પ્રમાણ ઓછું હોવાથી તે સમયે કસરત કરવી વધુ હિતાવહ છે

## ગરમીના દિવસોમાં કસરત કરતી વખતે વચ્ચે વચ્ચે બ્રેક લેવો જરૂરી છે કેમ કે એને કારણે શરીરને રાહત અને ગરમીથી પણ છુટકારો મળે છે, સાથે સાથે એ ધ્યાન રાખવું પણ જરૂરી છે ભલે તમે કસરત જિમમાં કે ઘરમાં કરો


વધારે પડતી ઠંડીની જેમ જ વધારે પડતી ગરમીમાં પણ આપણે કાયમ કસરત કરવાનું ટાળીએ છીએ. જો તમે વરિષ્ઠ નાગરિક કે કિશોરવયના હો તો આ બાબતમાં તમને સંપૂર્ણ નહીં તો ચોક્કસ હદ સુધી છૂટ મળી શકે છે, પરંતુ જો તમે યુવાન હો તો તમારે આવી છૂટછાટ લેવાથી જાતે જ બચવું જોઈએ કેમ કે ભારે ગરમીમાં યુવાનો કસરત કરવાનું ટાળશે તો તેઓ તમામ યુવાનોનું જે સપનું હોય છે તેવું કસાયેલું શરીર નહીં બનાવી શકે. હા, વધુ ગરમી હોય ત્યારે ગાંડાની જેમ આડેધડ કસરત પણ ન કરવી જોઈએ. જો તમે ફિટનેસ સેન્ટર કે જિમમાં ન જતા હો તો પણ સવાર-સાંજ પરસેવાથી લથપથ કરતા આ દિવસોમાં પણ કસરત કરવી જરૂરી છે. કસરત કરવાની સાથે સાથે અન્ય બાબતોનું ધ્યાન રાખવું પણ જરૂરી છે. ભારે ગરમીના દિવસોમાં કસરત કરતી વખતે યુવાનોએ કઈ કઈ બાબતો પર ધ્યાન રાખવું જોઈએ તે જાણીએ. સમય અને રીત મે-જૂનની ભારે ગરમીના દિવસોમાં કસરત કરવા માટે વહેલી સવાર અથવા સાંજનો સમય પસંદ કરવો જોઈએ કેમ કે મોટાભાગે આ સમયે દિવસ કરતા તાપમાન પાંચથી સાત કે આઠ ડિગ્રી જેટલું ઓછું થઈ જતું હોય છે. માત્ર તાપમાનનો જ સવાલ નથી, વહેલી સવારે કે સાંજે હવામાં ભેજનું પ્રમાણ ઓછું હોવાથી તે સમયે કસરત કરવી વધુ હિતાવહ છે. ગરમીના દિવસોમાં કસરત કરતી વખતે વચ્ચે વચ્ચે બ્રેક લેવો જરૂરી છે કેમ કે એને કારણે શરીરને રાહત અને ગરમીથી પણ છુટકારો મળે છે. સાથે સાથે એ ધ્યાન રાખવું પણ જરૂરી છે ભલે તમે કસરત જિમમાં કે ઘરમાં કરો. ભોજન કર્યાના ઓછામાં ઓછા ત્રણ કલાક બાદ જ કસરત કરો. બિલકુલ ખાલી પેટ કે ભરપેટ ભોજન કર્યા બાદ કસરત કરવી યોગ્ય નથી-ખાસ કરીને ગરમીની સિઝનમાં. હળવી કસરત પર ભાર આપો. ગરમીની સિઝનમાં વાતાવરણ તેમ જ શરીર બંનેનું તાપમાન વધેલું હોય છે એટલે લૂ (હિટ-સ્ટ્રોક) લાગવાનો કે શરીરમાં પાણી ઓછું થઈ જવા (ડીહાઈડ્રેશન)નું જોખમ પણ વધુ રહે છે એટલે આ મોસમમાં હળવી કસરત કરવી અને ઘરમાં એવી જગ્યાએ કસરત કરો જ્યાં સ્વચ્છ હવાની અવરજવર થતી હોય. કસરત કરવા માટે આનાથી વધુ સારી જગ્યા હોઈ ન શકે. ગરમીની સિઝનમાં જો જિમમાં જતા હોય તો ટ્રેડમિલનો સતત ઉપયોગ



કરવાથી દૂર રહેવું. જિમમાં સાઈક્લિંગ, એબ્સ કે સાઈડ ડંબલ કરવું વધુ લાભકારક રહેશે. ગરમીની મોસમમાં ખભા, છાતી, પેટ અને જાંઘ અંગે સજાગ રહેવું જોઈએ કેમ કે આ સિઝનમાં જરા પણ વધુ વજન કસરત માટે જોખમી પુરવાર થઈ શકે છે. જો તમે કસરત કર્યા વિના રહી ન શકતા હો તો ગરમીના દિવસોમાં દરરોજ કસરત કરો, પરંતુ કસરત માટે શિયાળામાં લો તેના કરતા પચીસ ટકા ઓછો સમય લો. મતલબ શિયાળામાં કસરત માટે તમે દરરોજ એક કલાક સમય લેતા હો તો ઉનાળામાં ૪૫ મિનિટ લો. રિલેક્સ થવું છે જરૂરી, ગરમીની સિઝનમાં કસરત કરતા કરતા વચ્ચે વચ્ચે રિલેક્સ થવું ખૂબ જ જરૂરી છે. એક વાત ખાસ ધ્યાન રાખવી જે રીતે કસરત કરતા પહેલા બૉડી વૉર્મઅપ કરવું જરૂરી હોય છે. તે જ રીતે કસરત બાદ બૉડી કુલડાઉન પણ એટલું જ જરૂરી છે. વૉર્મઅપ માટે જો તમે પચીસ મિનિટ લેતા હો તો કુલડાઉન માટે ૨૦ મિનિટથી ઓછો સમય ન રાખવો. આ કારણે શરીરને કસરત માટે સારી રીતે તૈયાર કરવામાં મદદ મળશે. કસરત બાદ શરીર યોગ્ય રીતે સામાન્ય બને તે લાભદાયી રહેશે. પાણી પીઓ પણ વધુ નહીં, ઘણા લોકો એમ માને છે કે ગરમીની સિઝનમાં શિયાળા, કરતા અનેકગણુ પાણી પીવું જોઈએ. ગરમીની સિઝનમાં, શિયાળાની સરખામણીએ ૪૦થી ૫૦ ટકા વધુ પાણી પી શકાય, પરંતુ બેગણુ, અઢીગણુ કે તેનાથી વધારે પાણી પીવું જોખમી પુરવાર થઈ શકે છે. કસરત કરનારાઓએ થોડું વધુ પાણી પીવું જોઈએ, પરંતુ આડેધડ પાણી પીવું નુકસાનકારક છે. એ વાત પણ ધ્યાનમાં રાખો કે ગરમીની સિઝનમાં અન્ય સિઝનની સરખામણીએ પરસેવો વધુ થાય છે, પરંતુ વધારે પડતો પરસેવો થાય તો ચકાસી લેવું જોઈએ કે આનું કારણ ગરમી છે કે કંઈ બીજું. એક વાતનું ખાસ ધ્યાન રાખવું કે તમે જ્યાં કસરત કરતા હો એ જગ્યાએ સ્વચ્છ હવાની અવરજવર સરળતાપૂર્વક થતી હોવી જોઈએ. જોકે વધારે પડતી ઠંડી કે ત્રાસ આપતી ગરમી પણ શરીર માટે સારી નથી. એક વાતનું ખાસ ધ્યાન રાખવું કે જે દિવસે તમારું શરીર કસરત માટે માનસિક રીતે તૈયાર ન હોય તે દિવસે કસરત કરવાને બદલે આરામ કરવો વધુ સારું રહેશે. ફાસ્ટફૂડથી દૂર રહો, માત્ર ઉનાળામાં જ નહીં, કોઈપણ સિઝનમાં ફાસ્ટફૂડથી દૂર રહેવું આરોગ્ય માટે લાભકારક છે. વધુમાં વધુ કુદરતી ખોરાક, આપણે લેવો જોઈએ. ફાસ્ટફૂડ, તળેલું તેમ જ વાસી ખાવાનું ખાવાથી દૂર રહેવું જોઈએ. ઘર, ઑફિસ કે જિમમાં સુવિધા હોય તો ૨૮-૨૯ કે ઓછામાં ઓછા ૨૭ ડિગ્રી તાપમાનથી ઓછામાં ન રહેવું જોઈએ. જો તમે ૨૦ ડિગ્રી કરતા ઓછા તાપમાનમાં રહેશો તો શરીર જકડાઈ જવાની, ચક્કર આવવાની શક્યતા વધુ રહેશે. ‘ વધારે પડતી ઠંડીને કારણે આરોગ્ય સંબંધિત સમસ્યાઓ ઊભી થઈ શકે છે કેમ કે ત્યાંથી નીકળીને તમે બીજી જગ્યાએ જશો તો તમને વધારે ગરમી કે ઠંડીને કારણે ચેપ લાગવાની શક્યતા વધુ રહેશે.

# હીટ સ્ટ્રોકથી કરશે રક્ષણ અને અન્ય બીમારીઓને પણ શરીરથી દૂર રાખશે

**વરીયાળ ઠંડી તાસિર ધરાવે છે, તેથી વરિયાળીના રસમાં જો બે ટીપા ફુદીનાનો રસ અને બે ચમચી ગ્લુકોઝ પાઉડર મિક્સ કરીને સેવન કરવાથી ગરમીથી રાહત આપે છે**



નારિયેળ પાણીમાં વિટામીન અને મિનરલ ભરપૂર પ્રમાણમાં ઉપલબ્ધ હોય છે. આયુર્વેદમાં પણ જણાવાયું છે કે, નારીયેળ પાણીથી ૧૦૦ પ્રકારની બિમારીઓ દૂર થાય છે. ઉપરાંત શરીરને તંદુરસ્ત રાખવામાં પણ તેની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ગરમીનો પારો જ્યારે ૪૪ ડિગ્રીએ પહોંચી ગયો છે, ત્યારે ગરમીથી બચવા માટે ખાસ કરીને નારિયેળનું પાણી, વરિયાળીનું પાણી તથા ફુદીનાનું પાણી સ્વાસ્થ્ય માટે ખૂબ લાભદાયક છે. આવી ગરમીથી બચવા ઘરેલુ ઉપાય વિશેની માહિતી વડોદરા શહેરના મહર્ષિ આયુર્વેદના મૌલિક રૈયાણી એ આપતા જણાવ્યું કે, આ પ્રકારના પાણીમાં વિટામીન અને મિનરલ ભરપૂર પ્રમાણમાં ઉપલબ્ધ હોય છે. આયુર્વેદમાં પણ જણાવાયું છે કે, ૧૦૦ પ્રકારની બિમારીઓ સામે નારિયેળ પાણીથી લાભ થાય છે. ઉપરાંત શરીરને તંદુરસ્ત રાખવામાં પણ તેની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. નારિયેળ પાણી : નારિયળ પાણી સ્વાસ્થ્ય માટે ખૂબ જ લાભદાયી છે તદુપરાંત કાળજાળ ગરમીમાં લાગતી લુ સામે પણ રક્ષણ આપી શકે છે. તદુપરાંત પીસેલા કાચા નારીયેળના ગરને કાળા જીરૂ સાથે મિક્સ કરીને લેવાથી લૂથી તાત્કાલિક રાહત મળે છે. તદઉપરાંત એવી જ રીતે ડુંગળીના રસના ઉપયોગથી પણ લૂની સમસ્યા દૂર કરી શકાય છે. નારીયેળમાં કેલ્શિયમ, વિટામીન, ફાઈબર, પોટેશિયમ જેવા ઘણા ખનીજ તત્વ ભરપૂર માત્રામાં રહેલા છે જેથી બીમારીઓની સારવારમાં પણ મદદરૂપ નીવડે છે. અને નારિયેળના પાણીમાં મિનરલ, વિટામીન, એન્જાઈમસ, ઈલેક્ટ્રોલાઈટ્સ, એમીનો એસિડ અને સાઈટોકાઈન ભરપૂર માત્રામાં રહેલું છે. વરિયાળીનો રસ : આવી કાળઝાળ ગરમીના તાપમાનમાં જો કોઈને લુ લાગી હોય તો તરત જ વરિયાળીના રસનો ઉપયોગ કરી શકાય. કારણ કે વરીયાળ ઠંડી તાસિર ધરાવે છે. તેથી વરિયાળીના રસમાં જો બે ટીપા ફુદીનાનો રસ અને બે ચમચી ગ્લુકોઝ પાઉડર મિક્સ કરીને સેવન કરવાથી ગરમીથી રાહત આપે છે. ફુદીનાનું પાણી : જેવી રીતે નારિયેળનું પાણી અને વરિયાળીનું પાણી લૂ થી બચાવે છે, તેવી જ રીતે ફૂદીનાનું પાણી પણ લૂ લાગવાની સામે રક્ષણ કરે છે. ફુદીનાના પાનની સાથે બે મરીને પીસી અને પાણીમાં મિક્સ કરીને પીવાથી લૂની સમસ્યા દૂર થાય છે. ૪૪ ડિગ્રી તાપમાનમાં જો શરીરનું પણ તાપમાન વધી જાય તો એવામાં વધારે ઠંડુ પાણી પીવાથી સમસ્યા વધી શકે છે, ત્યારે વ્યક્તિએ આવી સ્થિતિમાં સામાન્ય ઠંડુ અથવા તો માટલાનું પાણી પીવું જોઈએ.

# જરૂરતથી વધુ તરબૂચનું સેવન : સ્વાસ્થ્ય પર અસર

## તરબૂચમાં વિશેષ પ્રમાણમાં પાણી અને ખાંડ હોય છે, વધુમાં, જે લોકો ઘણી વાર ભારે માત્રામાં તરબૂચ ખાય છે


તરબૂચ એ એક એવી ફળ છે, જેને લોકો ખૂબ જ પસંદ કરે છે. તેની મીઠાશ, તાજગી અને સુવાસ આ ફળને ગર્મી અને ઉનાળામાં ખૂબ લોકપ્રિય બનાવે છે. જો કે, દરિયાઈ અને મીઠાઈથી ભરપૂર આ ફળનું સેવન જાતે સારા આરોગ્ય માટે લાભદાયક હોય છે, પરંતુ જો એને વધુ પ્રમાણમાં ખાવાની આદત બની જાય, તો તે સ્વાસ્થ્ય પર બુરા પ્રભાવ પાડી શકે છે. તરબૂચમાં પોષક તત્ત્વો, તરબૂચમાં કૅલોરીઝ, વિટામિન C, વિટામિન A, અને પોટેશિયમના વધારા પ્રમાણમાં હોઈ છે. ૧૦૦ ગ્રામ તરબૂચમાં ૩૦ કિલોકૅલરીઝ, ૦.૫ ગ્રામ પ્રોટીન, ૦.૨ ગ્રામ ફેટ, ૮ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૬ ગ્રામ ખાંડ, ૦.૪ ગ્રામ ફાઈબર અને વિટામિન છ, ઞ, અને પોટેશિયમ, મૈગ્નેશિયમ વગેરે જેવા પોષક તત્ત્વો પ્રચુર માત્રામાં હોય છે. તરબૂચના ફાયદા, હાઈડ્રેશનઃ તરબૂચમાં ૯૦% થી વધુ પાણી હોય છે, જે શરીરને સારી રીતે હાઈડ્રેટ રાખે છે. કોલેસ્ટ્રોલની સુઘડતાઃ તરબૂચમાં રહેલા એન્ટીઓક્સિડન્ટ્સ અને વિટામિન C હૃદયને મજબૂત બનાવે છે અને કોલેસ્ટ્રોલના સ્તરે સુઘડતા લાવવાનો કામ કરે છે. પોષણ સંવર્ધનઃ વિટામિન A અને C, એવા એન્ટીઓક્સિડન્ટ્સ છે, જે રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે મહત્વપૂર્ણ છે. મૂત્રાશયનાં આરોગ્ય માટે લાભદાયકઃતરબૂચમાં મલાવાયેલા પોટેશિયમની માત્રા શરીરમાં પાણીના સ્તર નિયંત્રિત રાખી, સ્નાયુઓ અને નસોની કામગીરી માટે મદદરૂપ બની શકે છે. વધુ તરબૂચ ખાવાના નુકસાન, જ્યારે તરબૂચ સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે, ત્યારે તે વધારે ખાવાના ખતરાઓને અવગણવા ન જોઈએ. આમ તો, જેઓ ઓછા પ્રમાણમાં તરબૂચ ખાતા છે, તેઓ તેમાં રહેલા પોષક તત્ત્વોનો લાભ લેતા રહે છે, પરંતુ વધુ કરતાં, તે ખરાબ અસર કરી શકે છે. પાચન



સમસ્યાઓઃ તરબૂચમાં વિશેષ પ્રમાણમાં પાણી અને ખાંડ હોય છે. વધુમાં, જે લોકો ઘણી વાર ભારે માત્રામાં તરબૂચ ખાય છે, તે લોકોને પાચન તંત્રમાં સમસ્યાઓ આવી શકે છે. આમાં પેટમાં ગેસ, ઉલટી, અને અવાજના ઉત્પાદન જેવી સમસ્યાઓ જોવા મળી શકે છે. વધુ ખાંડથી વજનવધારોઃ આફત કરતા, યથાવત જદ પ્યૂર મધ્યમમાં લેવાયેલા ખાંડની માત્રામાં ફેરફાર થાય છે. ૧૦૦ ગ્રામ તરબૂચમાં ૬ ગ્રામ ખાંડ હોતી છે, જેનો વધારે સેવન કરવાથી રક્તમાં શુગરનો સ્તર વધારી શકે છે. દરરોજ વધતા ખાંડનું સેવન, રક્તશક્કરની સમસ્યાઓ, તથા વજનવધારો સામે લડાઈ વધુ મુશ્કેલ બની શકે છે. પોટેશિયમનું વધુ સેવનઃ તરબૂચમાં પોટેશિયમનો પ્રમાણ વધારે હોય છે. પોટેશિયમ દરરોજના પ્રોટીન લેવલને સારું રાખવા માટે મહત્વપૂર્ણ છે, પરંતુ તેથી વધારે પોટેશિયમનું સેવન આળસ અને નસોના રિવર હોય તો લોહીના દબાવમાં વધારો કરી શકે છે. આથી, પોટેશિયમના વધારે સેવનનો ઉદાહરણ તરીકે હૃદયને નુકસાન પહોંચાડી શકે છે. હોર્મોનલ અસંતુલનઃ તરબૂચમાં વિટામિન C અને એન્ટીઓક્સિડન્ટ્સ જેવા તત્ત્વોના ઊંચા સ્તર ઘણી વખત કેટલીક શરતોથી સ્વાસ્થ્ય સમસ્યાઓ પેદા કરી શકે છે. તરબૂચનું વધુ પડતું સેવન માટે શરીરને ફાયદાની જગ્યાએ નુકસાન પહોંચાડી શકે છે. તો ચાલો જાણીએ એવા કેટલાક તરબૂચના સાઈડ ઈફેક્ટ અંગે. ઉનાળામાં મળવાવાળા ફળ માટે સ્વાદમાં રસીલા અને મીઠા જ નહિ પરંતુ બોડીને પણ ખુબ કુલ અને હાઈડ્રેડ બનાવી રાખે છે. આ ફાળોનું નિયમિત રીતે સેવન કરવાથી ઘણા પ્રકારના રોગોથી દૂર રહી શકાય છે. એવું જ એક ફળ છે તરબૂચ. તરબૂચમાં ૯૨% પાણીની માત્રા હોય છે સાથે જ વિટામિન A, વિટામિન B6, વિટામિન-સી અને લાઈકોપીન અને સીટુલીન જેવા પ્લાન્ટ કેમિકલ હાજર હોય છે. જે સ્વાસ્થ્ય માટે ખુબ ફાયદાકરાક હોય છે. છતાં ડોક્ટર્સ અનુસાર, તરબૂચનું વધુ દેવાં સ્વાસ્થ્યને ફાયદાની જગ્યાએ નુકસાન પહોંચાડી શકે છે. તો ચાલો જાણીએ એના સાઈડ ઈફેક્ટ અંગે. તરબૂચમાં પાણી વધુ હોવાના કારણે આ પાચન તંત્રમાં ગેસ, બ્લોટિંગ અને દસ્ત જેવી સમસ્યા ઉભી થઈ શકે છે. એ લોકોને ખાસ જેમનું પાચન તંત્ર સેન્સિટિવ છે, એમણે તરબૂચનું વધુ પડતું સેવન કરવાથી બચવું જોઈએ. તરબૂચમાં ૯૦% પાણી અને ફાયબર વધુ હોવાથી વ્યક્તિને દસ્ત, સોજો, પેટ ફૂલવા જેવી સમસ્યા થઈ શકે છે. એ ઉપરાંત તરબૂજમાં સોર્બિટોલ નામનું સુગર કમ્પાઉન્ડ હાજર હોય છે. જે મળના ઢીલા થવાનું અને ગેસનું કારણ બને છે. તરબૂજમાં નેચરલ સુગરની માત્રા વધુ હોય છે. ડાયાબિટીઝના દર્દીઓએ તરબૂચનું વધુ સેવન કરવાથી બચવું જોઈએ. જરૂરતથી વધુ તરબૂચ ખાવાથી એમનું ગ્લુકોઝ લેવલ વધી જાય છે, જેનાથી બ્લડ સુગર લેવલ પણ વધે છે.

# વિચારવાનું બંધ કરો અને પ્રયત્ન શરૂ કરીદો

આપણા બધાના ધ્યેયો છે જે આપણે આપણા જીવનમાં હાંસલ કરવા માંગીએ છીએ. આ ધ્યેયોમાં નવી ભાષા શીખવી, તંદુરસ્ત ખોરાક લેવો અને વજન ઘટાડવું, વધુ સારા માતા અને પિતા બનવું, વધુ પૈસા બચાવવા વગેરેનો સમાવેશ થઈ શકે છે. એવું માની લેવું સરળ છે કે તમે અત્યારે ક્યાં છો અને તમે ભવિષ્યમાં ક્યાં બનવા માંગો છો તે વચ્ચેનું અંતર જ્ઞાનના અભાવને કારણે છે. આથી જ અમે બિઝનેસ કેવી રીતે શરૂ કરવો અથવા કેવી રીતે ઝડપથી વજન ઘટાડવું અથવા ત્રણ મહિનામાં નવી ભાષા કેવી રીતે શીખવી તેના અભ્યાસક્રમો ખરીદીએ છીએ. અમે ધારીએ છીએ કે જો અમને વધુ સારી વ્યૂહરચના વિશે ખબર હોત, તો અમને વધુ સારા પરિણામો મળશે. અમે માનીએ છીએ કે નવા પરિણામ માટે નવા જ્ઞાનની જરૂર છે. જો કે, હું જે અનુભવવા લાગ્યો છું તે એ છે કે નવું જ્ઞાન જરૂરી નથી કે નવા પરિણામો લાવે. વાસ્તવમાં, જો તમારું ધ્યેય પ્રગતિ કરવાનું છે અને ફક્ત વધારાનું જ્ઞાન મેળવવાનું નથી, તો કંઈક નવું શીખવું એ ખરેખર સમયનો વ્યય બની શકે છે. તે બધું શીખવા અને પ્રેક્ટિસ કરવા વચ્ચેના તફાવત પર આવે છે. “જ્યારે આપણે કંઈક પ્રેક્ટિસ કરીએ છીએ, ત્યારે આપણે ચોક્કસ ધ્યેય સુધી પહોંચવાના હેતુ સાથે પ્રક્રિયાના ઈરાદા પૂર્વક પુનરાવર્તનમાં સામેલ હોઈએ છીએ. ઈરાદાપૂર્વક અને ઈરાદા શબ્દો અહીં ચાવીરૂપ છે કારણ કે તેઓ કંઈક સક્રિય રીતે પ્રેક્ટિસ કરવા અને તેને નિષ્ક્રિય રીતે શીખવા વચ્ચેના તફાવતને વ્યાખ્યાયિત કરે છે. કંઈક નવું શીખવું અને કંઈક નવું પ્રેક્ટિસ કરવું તે ખૂબ સમાન લાગે છે, પરંતુ આ બે પદ્ધતિઓના પરિણામો ખૂબ જ અલગ હોઈ શકે છે. તફાવત વિશે વિચારવાની અહીં કેટલીક વધારાની રીતો છે. ઉદાહરણ તરીકે તમારું લક્ષ્ય મજબૂત અને વધુ ફિટ થવાનું છે. તમે બેન્ચ પ્રેસ તકનીક પર શ્રેષ્ઠ સૂચનાઓનું સંશોધન કરી શકો છો, પરંતુ તાકાત બનાવવાનો એકમાત્ર રસ્તો વજન ઉપાડવાની પ્રેક્ટિસ છે. તમારું લક્ષ્ય તમારા સ્ટાર્ટઅપને વધારવાનું છે. તમે સેલ્સ પિચ બનાવવાની શ્રેષ્ઠ રીત વિશે જાણી શકો છો, પરંતુ વાસ્તવમાં ગ્રાહકોને લેન્ડ કરવાનો એકમાત્ર રસ્તો એ છે કે વેચાણ કૉલ્સ કરવાની પ્રેક્ટિસ કરવી. લક્ષ્ય પુસ્તક લખવાનું છે. તમે લેખન વિશે સૌથી વધુ વેચાતા લેખક સાથે વાત કરી શકો છો, પરંતુ વધુ સારા લેખક બનવાનો એકમાત્ર રસ્તો એ છે કે સતત પ્રકાશનનો અભ્યાસ કરવો.



## બધું શીખવા અને પ્રેક્ટિસ કરવા વચ્ચે તફાવત છે, વધુ પ્રેક્ટિસથી સક્ષમ

અત્યારે તમારા જીવનની સ્થિતિ એ ટેવો અને માન્યતાઓનું પરિણામ છે જેનો તમે દરરોજ અભ્યાસ કરો છો. જ્યારે તમે આનો અહેસાસ કરો છો અને તમારા ધ્યાનને વધુ સારી આદતોની રોજ-બ-રોજ પ્રેક્ટિસ કરવા તરફ દોરવાનું શરૂ કરો છો, ત્યારે સતત પ્રગતિ એ તાર્કિક પરિણામ હશે. તમે બેન્ચ પ્રેસ તકનીક પર શ્રેષ્ઠ સૂચનાઓનું સંશોધન કરી શકો છો, પરંતુ તાકાત બનાવવાનો એકમાત્ર રસ્તો વજન ઉપાડવાની પ્રેક્ટિસ છે. આપણે જે શીખીએ છીએ તે વસ્તુઓ નથી કે આપણે જે સપના જોતા હોઈએ છીએ તે આપણા પરિણામોને નિર્ધારિત કરે છે, પરંતુ તે આદતો કે જેનો આપણે દરરોજ અભ્યાસ કરીએ છીએ. કંટાળાના પ્રેમમાં પડો અને તમારી ઊર્જાને પ્રક્રિયા પર કેન્દ્રિત કરો, ઉત્પાદન પર નહીં.

# જૂની વસ્તુઓનો લાભ લઈને નવી આદતો કેવી રીતે બનાવવી

એક એવી ઘટના છે જે આપણી ઉંમરની સાથે સાથે થાય છે જેને સિનેપ્ટિક કાપણી કહેવાય છે. સિનેપ્સ એ તમારા મગજના ચેતાકોષો વચ્ચેનું જોડાણ છે. મૂળ વિચાર એ છે કે તમારું મગજ ઉપયોગમાં ન આવતા ચેતાકોષો વચ્ચેના જોડાણોને કાપી નાખે છે અને વધુ વારંવાર ઉપયોગમાં લેવાતા જોડાણો બનાવે છે. ઉદાહરણ તરીકે, જો તમે ૧૦ વર્ષ સુધી પિયાનો વગાડવાની પ્રેક્ટિસ કરો છો, તો તમારું મગજ તે મ્યુઝિકલ ન્યુરોન્સ વચ્ચેના જોડાણને મજબૂત કરશે. તમે જેટલું વધુ રમશો, જોડાણો વધુ મજબૂત બનશે. એટલું જ નહીં, જ્યારે પણ તમે પ્રેક્ટિસ કરો છો ત્યારે કનેક્શન વધુ ઝડપી અને વધુ કાર્યક્ષમ બને છે. જેમ જેમ તમારું મગજ ચેતાકોષો વચ્ચે મજબૂત અને ઝડપી જોડાણો બનાવે છે, તમે તમારી કુશળતાને વધુ સરળતા અને કુશળતા સાથે વ્યક્ત કરી શકો છો. તે એક જૈવિક પરિવર્તન છે જે કૌશલ્ય વિકાસ તરફ દોરી જાય છે. દરમિયાન, અન્ય કોઈ વ્યક્તિ કે જેણે ક્યારેય પિયાનો વગાડ્યો નથી તેમના મગજમાં તે જોડાણો મજબૂત નથી. પરિણામે, મગજ તે ન વપરાયેલ જોડાણોને કાપી નાખે છે અને અન્ય જીવન કૌશલ્યો માટે જોડાણો બનાવવા માટે ઊર્જા ફાળવે છે. આ નવજાત મગજ અને પુખ્ત મગજ વચ્ચેનો તફાવત સમજાવે છે. બાળકો કોરા કેનવાસ જેવા મગજ સાથે જન્મે છે. બધું જ એક શક્યતા છે, પરંતુ તેઓ ક્યાંય મજબૂત જોડાણ ધરાવતા નથી. પુખ્ત વયના લોકોએ, તેમ છતાં, તેમના ચેતાકોષોનો સારો સોદો કાપી નાખ્યો છે, પરંતુ તેમની પાસે ખૂબ જ મજબૂત જોડાણો છે જે ચોક્કસ કુશળતાને ટેકો આપે છે. હવે મજા ભાગ માટે. ચાલો વાત કરીએ કે કેવી રીતે સિનેપ્ટિક કાપણી નવી આદતો બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. એકવાર તમે આ મૂળભૂત રચનામાં નિપુણતા મેળવી લો, પછી તમે નાની ટેવોને એકસાથે સાંકળીને મોટા સ્ટેક્સ બનાવવાનું શરૂ કરી શકો છો. આ તમને કુદરતી વેગનો લાભ લેવાની મંજૂરી આપે છે જે એક વર્તનથી બીજી તરફ દોરી જાય છે.

# લખનૌમાં 'ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાઇકલ' દરમિયાન ડો. મનસુખ માંડવિયાએ ૫૦૦થી વધુ રાઇડર્સનું નેતૃત્વ કર્યું

## લખનૌમાં 'ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાઇકલ' દરમિયાન ડો. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, સાઇકલ ચલાવવાથી સ્વાસ્થ્ય તો વધે જ છે, પણ ચારિત્ર્યનું નિર્માણ પણ થાય છે

| (પીઆઈબી) નવી દિલ્હી, તા.૨૩ |

આદરણીય કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો.મનસુખ માંડવિયાએ અહીં 'ફિટ ઈન્ડિયા સન્ડેસ ઓન સાઈકલ' દરમિયાન ૫૦૦થી વધુ રાઈડર્સનું નેતૃત્વ કર્યું હતું, જેમાં ઉત્તર પ્રદેશ સરકારના રમતગમત અને યુવા કલ્યાણ રાજ્યમંત્રી ગિરીશચંદ્ર યાદવ, અગ્ર સચિવ (રમતગમત) મનીષ ચૌહાણ અને ઉત્તર પ્રદેશના સચિવ (રમતગમત) સુહાસ યથિરાજ સામેલ હતા.

મેદસ્વીતા સામે લડવા અને તંદુરસ્ત અને સક્રિય જીવનશૈલીમાં વ્યસ્ત રહેવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંદેશને ફેલાવતા ડો.માંડવિયાએ જણાવ્યું હતું કે, "સાયકલ ચલાવવાથી વ્યક્તિના સ્વાસ્થ્યમાં વધારો થાય છે, પરંતુ ચારિત્ર્યનું નિર્માણ પણ થાય છે."

કેન્દ્રીય ખેલ મંત્રીએ મરીન ડ્રાઈવ (સામાજિક પરિવર્તન સ્થળ)થી સમતા મુલાક ચૌરાહાથી ૧૦૯૦ ચૌરાહા સુધીની ૩ કિલોમીટરની સવારી પૂરી કરી હતી અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એસએઆઈ)ના વરિષ્ઠ અધિકારીઓ અને માયભારત ઈન્ટીએટીવ એન્ડ ફિઝિકલ એજ્યુકેશન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા (પીઈએફઆઈ)ના સભ્યો સાથે પાછા ફર્યા હતા. લખનૌમાં એસએઆઈના નેતાજી સુભાષ રિજનલ સેન્ટર દ્વારા આયોજિત આ સાયકલિંગ ડ્રાઈવમાં સ્થાનિક નેશનલ સેન્ટર ઓફ એક્સલન્સ (એનસીઓઈ)ના યુવાન છોકરાઓ અને છોકરીઓ અને ૧૦૦થી વધુ એથ્લિટ્સનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો, જેમણે સાયકલિંગ ડ્રાઈવ પહેલા ઝુમ્બા પર્ફોમન્સ પણ આપ્યું હતું.

સાયકલ રેલી બાદ મીડિયાને સંબોધતા ડો.માંડવિયાએ નાગરિકોને મેદસ્વીપણા સામે લડવા અને દેશભરમાં હવાના પ્રદૂષણના સ્તરને ઘટાડવા માટે સાયકલિંગને તેમની દિનચર્યામાં સામેલ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.



"સાયકલ ચલાવવાથી વ્યક્તિના સ્વાસ્થ્યમાં વધારો થવાની સાથે ચારિત્ર્યનું નિર્માણ પણ થાય છે, આત્મવિશ્વાસ વધે છે અને આપણા રાષ્ટ્રના ભવિષ્યને આકાર મળે છે. તે માત્ર પરિવહનનું માધ્યમ જ નથી, પરંતુ તંદુરસ્ત, વધુ ટકાઉ ભવિષ્ય તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે. સાઈકલિંગને આપણા રોજિંદા જીવનના ભાગરૂપે અપનાવીને આપણે આપણી શારીરિક સુખાકારીમાં સુધારો કરી શકીએ છીએ, પ્રદૂષણ ઘટાડી શકીએ છીએ અને હરિયાળા વાતાવરણમાં ફાળો આપી શકીએ છીએ. હું દરેક નાગરિકને અનુરોધ કરું છું કે તેઓ સાઈકલિંગને માત્ર એક શોખના રૂપમાં જ નહીં, પરંતુ પોતાની જીવનશૈલીના નિયમિત ભાગ રૂપે પોતાના સ્વાસ્થ્ય અને આપણા ગ્રહના લાભ માટે અપનાવે. ચાલો આપણે સૌ ફિટનેસને પ્રાથમિકતા આપીએ, કારણ કે તંદુરસ્ત યુવાનો સમૃદ્ધ રાજ્ય અને દેશની તાકાત છે."

ઉત્તરપ્રદેશ સરકારનાં રમતગમત અને યુવા કલ્યાણ રાજ્ય મંત્રી શ્રી ગિરીશચંદ્ર યાદવે જણાવ્યું હતું કે, "ફિટનેસ એ મજબૂત અને જીવંત સમાજનો પાયો છે. આપણા યુવાનો શારીરિક અને માનસિક બંને રીતે જીવનમાં સફળ થાય તે માટે, એ જરૂરી છે કે આપણે શિસ્ત, સખત મહેનત અને તંદુરસ્તીના મૂલ્યોનું સિંચન કરીએ." દિલ્હીમાં 'ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાઈકલ'માં પેરિસ પેરાલિમ્પિક્સના પેરા બેડમિન્ટન મેડલ વિજેતા નિતેશ કુમાર અને મનીષા રામદાસની હાજરી જોવા મળી હતી. ખેલાડીઓ હાલમાં ચાલી રહેલી ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સ ૨૦૨૫ માં ભાગ લેવા માટે દિલ્હીમાં હતા. સહભાગીઓને પ્રોત્સાહિત કરવા માટે કેઆઈપીજી ૨૦૨૫ના સત્તાવાર સુલભતા ભાગીદાર સ્વયમના સ્થાપક શ્રીમતી સ્મિનુ જિંદાલ પણ ઉપસ્થિત રહ્યા હતા. નિતેશ, મનીષા અને સુશ્રી જિંદાલે આ કાર્યક્રમને પ્રસ્થાન કરાવ્યું હતું, જેને પીઈએફઆઈ દ્વારા ટેકો આપવામાં આવ્યો હતો અને તેમાં ૬૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો.

મુંબઈમાં એશિયન ગેમ્સમાં મેડલ વિજેતા જેવલીન થ્રોઅર કિશોર જેનાએ મનોહર અક્સા બીચ પર સાઈક્લિંગ મૂવમેન્ટમાં ભાગ લીધોનથી.

અત્યાર સુધી રાષ્ટ્રવ્યાપી સાઈકલિંગ ડ્રાઈવનું આયોજન ૫૦૦૦ સ્થળોએ કરવામાં આવ્યું છે, જેમાં અંદાજે ૨ લાખથી વધુ વ્યક્તિઓ ભાગ લઈ શકે છે. આ ચળવળ દેશભરમાં વાયુ પ્રદૂષણના સ્તરને ઘટાડવા માટે પર્યાવરણને અનુકૂળ પદ્ધતિઓને પણ પ્રોત્સાહન આપે છે. આ પહેલ અનેક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં હાથ ધરવામાં આવી રહી છે, જેમાં સાઈકલિંગ ઉત્સાહીઓ, રમતવીરો, કોચ, રમતગમત વિજ્ઞાનના નિષ્ણાતો વગેરે સામેલ છે. અગાઉ, સાયકલિંગ ઈવેન્ટમાં ભારતીય સેનાના જવાનો, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ), ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસ (આઈટીબીપી) અને લવલિના બોરગોહેન, સંગ્રામ સિંહ, શંકી સિંહ, નીતુ ઘાંઘાસ, સવિતી બૂરા, પેરિસ પેરાલિમ્પિક્સની બ્રોન્ઝ મેડલ વિજેતા રૂબિના ફ્રાન્સિસ અને સિમરન શર્મા (પેરા વર્લ્ડ ચેમ્પિયન) ઉપરાંત રાહુલ બોઝ, અમિત સિયાલ અને ગુલ પનાગ જેવી હસ્તીઓ સામેલ થયા હતા. કેટલાકના નામ આપવા માટે. 'ફિટ ઈન્ડિયા સન્ડેઝ ઓન સાઈકલ'નું આયોજન યુવા બાબતો અને રમતગમત મંત્રાલય (એમવાયએએસ) દ્વારા સાઈકલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (સીએફઆઈ), માય બાઈક્સ અને માય ભારતના સહયોગથી કરવામાં આવ્યું છે. એસએઆઈ રિજનલ સેન્ટર્સ, નેશનલ સેન્ટર્સ ઓફ એક્સલન્સ (એનસીઓઈ) અને ખેલો ઈન્ડિયા સેન્ટર્સ (કેઆઈસી)માં એક સાથે દેશભરમાં કાર્યક્રમો યોજાય છે.

---

**ન્યૂઝ બ્રિફ**

### ACનું કંપ્રેસર ફાટતા જોરદાર બ્લાસ્ટ થયો : ૪ લોકોના મોત

| (એજન્સી) બહાદુરગઢ, તા.૨૩ |

હરિયાણામાં બહાદુરગઢના સેક્ટર ૯ના એક મકાનમાં જોરદાર ધમાકો થયો હતો. આ ધમાકામાં ચાર લોકોના મોત થયા છે અને એક ઘાયલ છે. પોલીસ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. આ સમગ્ર મામલાને લઈને પોલીસ તપાસમાં લાગેલી છે. દુર્ઘટનામાં ત્રણ બાળકો સહિત ચાર લોકોના મોત થઈ ગયા છે. તમામ મૃતકો એક જ પરિવારના હતા. બ્લાસ્ટમાં એક શખ્સ ઘાયલ પણ થયો છે. જેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જાણકારી અનુસાર, ઘરમાં એસીનું કંપ્રેસર ફાટવાથી બ્લાસ્ટ થયો છે. બ્લાસ્ટ થયેલા ઘરમાં પાડોશીઓના જણાવ્યા અનુસાર એસીનું કંપ્રેશર ફાટવાથી આ ધમાકો થયો હતો. જેમાં ૩ બાળકો અને એક મહિલાનું દર્દનાક મોત થઈ ગયું છે, જ્યારે એક પુરુષ ગંભીર રીતે ઘાયલ થયો છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. પાડોશીઓનું કહેવું છે કે, તેમને ખબર નહોતી કે જે ઘરમાં ધમાકો થયો છે, તેમાં કોણ છે. કારણ કે ૬-૭ મહિનાથઈ આ ઘર બંધ હતું. હાલમાં જ આ લોકો રહેવા આવ્યા હતાં. પાડોશના લોકોએ જણાવ્યું કે, ધમાકાનો અવાજ સાંભળી અમે લોકો બહાર આવ્યા. જે બાદ કાચ ચોડીને ઘરની અંદર ઘુસ્યા તો જોયું કે અંદર ભયાનક આગ લાગી હતી. ત્યારે ઘરના એક સભ્ય પર નજર પડી જે આગમાં ગંભીર રીતે ઘાયલ થઈ ગયા હતા.

### મુઘલો સામે પણ લડવામાં આવી હતી સ્વતંત્રતાની લડાઈ

| (એજન્સી) બેંગલુરુ, તા.૨૩ |

કર્ણાટકના બેંગલુરુમાં, RSSના મહાસચિવ દત્તાત્રેય હોસાબલેએ કહ્યું કે, ઔરંગઝેબને તેમણે કરેલા કાર્યો માટે પ્રતિક ના માનવું જોઈએ. દિલ્હીમાં એક ઔરંગઝેબ રોડ હતો, જેનું નામ બદલીને અબ્દુલ કલામ રોડ રાખવામાં આવ્યું. આ પાછળ કેટલાક કારણો હતા. ઔરંગઝેબના ભાઈ દારા શિકોહને હીરો બનાવવામાં આવ્યા ન હતા. ગંગા-જમુની સંસ્કૃતિની હિમાયત કરનારાઓએ ક્યારેય દારા શિકોહને આગળ લાવવાનું વિચાર્યું ન હતું. શું આપણે એવી વ્યક્તિનું પ્રતિક બનાવીશું જે ભારતની સંસ્કૃતિની વિરુદ્ધ હતી, કે પછી આપણે એવા લોકો સાથે જઈશું જેઓ આ ભૂમિની પરંપરાઓ અનુસાર કામ કરતા હતા? તેમણે કહ્યું કે, સ્વતંત્રતાની લડાઈ ફક્ત અંગ્રેજો સામે જ લડાઈ ન હતી, શિવાજી અને મહારાણા પ્રતાપે પણ મુઘલો સામે આઝાદી માટે લડ્યા હતા. તે પણ એક સ્વતંત્રતા સંગ્રામ હતો. દેશના લોકોએ નક્કી કરવાનું છે કે તેઓ ઔરંગઝેબને પોતાના આઈકોન માને છે કે દારા શિકોહને? દત્તાત્રેયે કહ્યું કે, ભારતના લોકોએ નક્કી કરવું પડશે કે શું તેઓ એવા વ્યક્તિને પોતાનો આઈકોન બનાવશે જે ભારતના ઈતિહાસની વિરુદ્ધ જાય છે, કે પછી એવા લોકોને બનાવશે જેઓ દેશની સંસ્કૃતિ, પરંપરા અને માટી સાથે જીવ્યા છે. તો આ વાસ્તવિક મુદ્દો છે અને ઔરંગઝેબ તેમાં બંધબેસતો નથી. ઔરંગઝેબના ભાઈ દારા શિકોહ આ ચિહ્ન પર બેસે છે. તેમણે કહ્યું કે એક સ્વતંત્ર દેશે ગંભીરતાથી વિચારવું જોઈએ કે આપણને આઝાદી કેવી રીતે મળી?

---

**સમાજવાદી પાર્ટીના સાંસદનું વિવાદિત નિવેદન**

# હિંદુઓ ગદ્દાર રાણા સાંગાના વંશજો છે : રામજીલાલ સુમન

## ઈતિહાસ વિશે ન જાણનારે વિવાદનો નાતો જોડ્યો : આ મામલે ભાજપે રામજીલાલ પાસે માફીની માગણી કરી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ |



સમાજવાદી પાર્ટીને હિંદુઓ સાથે કોઈ બાપે માર્યા વેર હોય તેવું લાગે છે કેમ કે પહેલાં પાર્ટીના નેતાઓએ હિંદુઓના સૌથી મોટા મહોત્સવ મહાકુંભને લઈને સવાલ ઉઠાવ્યા. તો હવે પાર્ટીના એક સાંસદે રાજ્યસભામાં રાણા સાંગાને લઈને વિવાદિત નિવેદન આપી દીધું. આ નિવેદન પછી નવી દિલ્લીથી લઈને રાજસ્થાન સુધીના રાજકારણમાં ગરમાવો આવી ગયો. ભાજપે તેના પર આકરા પ્રહાર કરતાં માફીની માગણી કરી. ત્યારે રામજીલાલ સુમને રાણા સાંગા વિશે શું કહ્યું?

જી, હા વાત એકદમ સાચી છે... કેમ કે આ એજ સમાજવાદી પાર્ટીના નેતા છે જેણે મહાકુંભનો વિરોધ કર્યો હતો. તેના આયોજન સામે સવાલ ઉઠાવ્યા હતા અને હવે તેજ પાર્ટીના નેતા રામજીલાલ સુમને હિંદુઓ વિશે રાજ્યસભામાં વિવાદિત નિવેદન આપ્યું. રાજ્યસભામાં હિંદુઓ વિશે ખુલ્લેઆમ ગદ્દાર બોલ્યા. ઉપસભાપતિએ ચૂપ કરાવવાનો પ્રયાસ કર્યો છતાં પણ તેઓ બોલતાં રહ્યા. રામજી લાલનું વિવાદિત નિવેદન થોડી વારમાં સોશિયલ મીડિયામાં વાયરલ થઈ ગયું. જેના પર ભાજપે મોરચો ખોલી નાંખ્યો. ભાજપના નેતા સંજીવ બાલિયાને સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ કરી કે...ધિક્કાર છે તુષ્ટિકરણની તમામ હદ પાર કરીને સપા નેતાએ મહાન વીર રાણા સાંગાનું અપમાન કર્યુ છે. તેમણે અમારા રાજપૂત સમાજ અને સમસ્ત હિંદુ સમાજનું પણ ઘોર અપમાન કર્યુ છે. સપાના આવા શરમજનક કૃત્ય પર આખા દેશ પાસે માફી માંગવી જોઈએ.

તો આ તરફ કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત અને ભાજપના પ્રવક્તા શેહઝાદ પૂનાવાલાએ પણ રામજીલાલ સુમનના નિવેદનને હિંદુ વિરોધી ગણાવ્યું. ઈતિહાસ મહાન રાણા સાંગા વિશે શું કહે છે તે પણ જાણવું અત્યંત જરૂરી છે. મહારાણા સાંગા ૧૫૦૮માં મેવાડના રાજા બન્યા હતા. તેમણે પોતાના જીવનમાં કુલ ૧૦૦થી વધુ યુદ્ધ લડ્યા હતા. ખાનવા સિવાય તેમની કોઈપણ લડાઈમાં હાર થઈ નહોતી.

આજ કારણે તેમને હિંદુપતની ઉપાધિ આપવામાં આવી હતી. સતત યુદ્ધના કારણે તેમણે પોતાની એક આંખ ગુમાવી હતી. તેમના શરીર પર ૮૦થી વધારે ગંભીર ઈજાના નિશાન હતા. રાણા સાંગાએ દિલ્લી, માલવા અને ગુજરાતના સુલ્તાન સાથે ૧૮ લડાઈ લડી. જેમાં તેમણે બધાને હરાવીને પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કર્યો હતો. ઈબ્રાહિમ લોદીને રાણા સાંગાએ દરેક યુદ્ધમાં પરાજિત કર્યો હતો. ઈતિહાસના અજ્ઞાની એવા રામજી લાલ સુમને પોતાની નાપાક બુદ્ધિનું પ્રદર્શન કર્યુ છે.

---

**આ મામલે સુપ્રીમ કોર્ટ એક્શનમાં છે**

# ફોનમાંથી એક પણ ચેટ ડિલિટ ન કરવાના જસ્ટિસ યશવંત વર્માને આદેશ

## દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ યશવંત વર્માના સત્તાવાર બંગલામાં આગ ઓલવતી વખતે ચલણી નોટોનો ઢગલો મળી આવ્યો હતો

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ |

સુપ્રીમ કોર્ટે જસ્ટિસ યશવંત વર્માના કેસ સાથે જોડાયેલા દસ્તાવેજો અપલોડ કર્યા છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ અને દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ વચ્ચેના પત્રવ્યવહાર ઉપરાંત, તેમાં ન્યાયમૂર્તિ વર્મા દ્વારા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને મોકલવામાં આવેલા જવાબનો પણ સમાવેશ થાય છે. જસ્ટિસ વર્માના સરકારી બંગલામાં આગ લાગી હતી. તે શહેરની બહાર હતો. જજના પી.એસ.એ પી.સી.આર. આ પછી આગને કાબૂમાં લેવામાં આવી હતી પરંતુ આ દરમિયાન પોલીસ અને ફાયર બ્રિગેડના જવાનોએ બંગલાની અંદર ચલણી નોટોનો મોટો ઢગલો જોયો હતો. આ ખૂંટો અડધો બળીને રાખ થઈ ગયો હતો. આ મામલો વરિષ્ઠ અધિકારીઓ સુધી પહોંચ્યો અને પછી મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો.

દસ્તાવેજોમાં શું છે?

૧૪ માર્ચની રાત્રે જજના પીએસએ પીસીઆરને આગ વિશે જાણ કરી હતી. ફાયર બ્રિગેડને અલગથી બોલાવવામાં આવી ન હતી.

દિલ્હી પોલીસ કમિશનરે ૧૫ માર્ચે સવારે દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને આ મામલાની જાણકારી આપી હતી. ત્યારે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ લખનૌમાં હતા.

પોલીસ કમિશનરે હાઈકોર્ટના ચીફ જસ્ટિસને અડધી બળી ગયેલી રોકડના ફોટોગ્રાફ્સ અને વીડિયો પણ મોકલ્યા હતા. કમિશનરે બાદમાં દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને પણ જણાવ્યું કે ન્યાયાધીશના બંગલાના એક સુરક્ષા ગાર્ડે તેમને જાણ કરી કે ૧૫ માર્ચે રૂમમાંથી કાટમાળ સાફ કરવામાં આવ્યો છે. જ્યારે દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ જસ્ટિસ વર્માને મળ્યા ત્યારે જસ્ટિસ વર્માએ કોઈ રોકડની જાણકારી હોવાનો ઈન્કાર કર્યો હતો. એ પણ કહ્યું કે તે રૂમનો દરેક ઉપયોગ કરે છે.

---

**એક ઝાટકે ૧૮૦ કર્મચારીને રાતોરાત હાંકી કઢાયા**

# અમેરિકન એરક્રાફ્ટ કંપનીએ ભારતમાં કરી મોટી છટણી

| (એજન્સી) બેંગ્લુરૂ, તા.૨૩ |

અમેરિકાની એરક્રાફ્ટ કંપની બોઈંગે બેંગ્લુરૂમાં પોતાના એન્જિનિયરિંગ ટેક્નોલોજી સેન્ટરમાંથી ૧૮૦ કર્મચારીઓને નોકરીમાંથી હાંકી કાઢ્યા હતાં. આ છટણી કંપનીની ગ્લોબલ વર્કફોર્સમાં ઘટાડાની કવાયતના ભાગરૂપે કરવામાં આવી છે. વૈશ્વિક સ્તર પર અનેક પડકારોનો સામનો કરી રહેલી બોઈંગના ભારતમાં આશરે ૭૦૦૦ કર્મચારીઓ છે. ભારત કંપની માટે ટોચના બજારો પૈકી એક છે. ગતવર્ષે બોઈંગે ગ્લોબલ વર્કફોર્સમાં આશરે ૧૦ ટકાનો ઘટાડો કરવાની જાહેરાત કરી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બોઈંગની વૈશ્વિક સ્તરે વર્કફોર્સ ઘટાડવાની કવાયતના ભાગરૂપે બેંગ્લુરૂમાં બોઈંગ ઈન્ડિયા એન્જિનિયરિંગ ટેક્નોલોજી સેન્ટરમાંથી ૧૮૦ કર્મચારીઓને ડિસેમ્બર ત્રિમાસિક, ૨૦૨૪માં જ હાંકી કાઢ્યા હતા. ગ્રાહકો તથા સરકારી કામકાજો પર તેની કોઈ પ્રતિકૂળ અસર ન થાય તે હેતુ સાથે તેમણે મર્યાદિત સંખ્યામાં વ્યૂહાત્મક એડજસ્ટમેન્ટ કર્યા હતા. ઉલ્લેખનીય છે, આ મામલે બોઈંગ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યુ નથી.

બેંગ્લુરૂ અને ચેન્નઈમાં બોઈંગ ઈન્ડિયા એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી સેન્ટર (BIETC) જટિલ એડવાન્સ્ડ એરોસ્પેસ વર્ક કરે છે. બેંગ્લુરૂમાં કંપનીની સંપૂર્ણ માલિકીનું એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી સેન્ટર અમેરિકાની બહાર સૌથી મોટા રોકાણો પૈકી એક છે. ભારતમાંથી બોઈંગ ૩૦૦થી વધુ સપ્લાયર્સ નેટવર્ક સાથે વાર્ષિક રૂ. ૧.૨૫ અબજ ડોલરનું સોર્સિંગ કરે છે.

---

**સુશાંત સિંહ રાજપૂત કેસ**

# CBI એ ચાર વર્ષ ૪ મહિને ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો

| (એજન્સી) મુંબઈ, તા.૨૩ |

CBI (સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન) એ સુશાંત સિંહ રાજપૂત કેસનો ક્લોઝર રિપોર્ટ મુંબઈ કોર્ટમાં દાખલ કર્યો છે. સુશાંત સિંહ રાજપૂતનું ૨૦૨૦માં અવસાન થયું હતું. લગભગ ૪ વર્ષ ૪ મહિના પછી CBIએ ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો છે. સીબીઆઈએ રિયા ચક્રવર્તી અને તેના પરિવારને ક્લીનચીટ આપી છે. સીબીઆઈની તપાસ મુજબ સુશાંત સિંહ રાજપૂતના મોત માટે કોઈ જવાબદાર નથી.

સુશાંતના પિતા દ્વારા રિયા ચક્રવર્તી પર લગાવવામાં આવેલા આરોપો અને રિયા દ્વારા સુશાંતના પરિવાર પર લગાવવામાં આવેલા આરોપોને લઈને બંને કેસમાં ક્લોઝર રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો છે. સીબીઆઈએ સુશાંતનો કેસ સંભાળ્યો અને ઓગસ્ટ ૨૦૨૦માં તપાસ શરૂ કરી હતી.

૪ વર્ષની તપાસ બાદ CBIએ ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો છે. રિપોર્ટ્સ અને સૂત્રોના મતે રિયા અને તેના પરિવારને ક્લીનચીટ આપવામાં આવી છે. સુશાંતને આપઘાત કરવા માટે કોઈએ મજબૂર કર્યો હોવાનું સાબિત કરવા માટે સીબીઆઈને કોઈ પુરાવા મળ્યા નથી. સુશાંત સિંહ રાજપૂતના પરિવાર પાસે મુંબઈ કોર્ટમાં પ્રોટેસ્ટ પિટિશન દાખલ કરવાનો વિકલ્પ છે. સીબીઆઈએ સુશાંતના આપઘાત કેસની એઈમ્સના નિષ્ણાતો દ્વારા તપાસ કરાવી હતી. AIIMS ફોરેન્સિક ટીમે સુશાંત આપઘાત કેસમાં કોઈપણ પ્રકારની ગેરરીતિનો ઈનકાર કર્યો હતો. સોશિયલ મીડિયા ચેટ્સ એમએલએટી દ્વારા તપાસ માટે અમેરિકા મોકલવામાં આવી હતી. તપાસમાં જાણવા મળ્યું કે ચેટમાં કોઈ છેડછાડ થઈ નથી. રિયા ચક્રવર્તી સુશાંતની એક્સ ગર્લફ્રેન્ડ રહી ચુકી છે અને પોતે સુશાંત આત્મહત્યા કેસમાં કેન્દ્રીય ગૃહમંત્રી પાસે તપાસની માંગ કરી છે.

---

**ધોનીએ IPLમાંથી નિવૃત્તિના સસ્પેન્સનો લાવ્યો અંત**

# હું ઈચ્છું ત્યાં સુધી હું CSK માટે રમી શકું છું : આ મારી ફ્રેન્ચાઇઝી છે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ |

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ની ધમાકેદાર શરૂઆત થઈ ગઈ છે. આ લીગની ૧૮મી સિઝન છે. આઈપીએલની આ ૧૮મી સિઝન ઘણા દિગ્ગજ ખેલાડીઓ માટે છેલ્લી ટૂર્નામેન્ટ સાબિત થઈ શકે છે. તેમાં એક મહાન ખેલાડી મહેન્દ્રસિંહ ધોનીનું પણ નામ છે. ધોની આ લીગના સૌથી સફળ કેપ્ટનોમાંથી એક રહ્યો છે. તેની કપ્તાની હેઠળ, તેણે CSK માટે પાંચ IPL ટાઈટલ જીત્યા છે. ધોની ૪૩ વર્ષનો છે. છેલ્લી બે સિઝનથી તેના નિવૃત્તિની ઘણી ચર્ચા હતી, પરંતુ આ વખતે મનાઈ રહ્યું છે કે આ તેના માટે છેલ્લી IPL સિઝન હશે. જો કે, ધોનીએ પોતે IPLમાંથી નિવૃત્તિ અંગેના સસ્પેન્સનો અંત લાવ્યો છે. ધોનીએ ૧૮મી સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સ સામેની મેચ પહેલા પોતાની નિવૃત્તિ અંગે ખુલીને વાત કરી હતી અને કહ્યું હતું કે CSK હવે તેના માટે છેલ્લી ફ્રેન્ચાઈઝી છે. તેના નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું છે કે ધોની પીળી જર્સીમાં જ આઈપીએલમાંથી નિવૃત્તિ લેશે. તમને જણાવી દઈએ કે છેલ્લી ૨ સીઝનથી ધોનીની નિવૃત્તિને લઈને અટકળો ચાલી રહી છે. જો કે, તેણે દર વખતે આવા અહેવાલોને ફગાવી દીધા હતા. આવી સ્થિતિમાં હવે તેણે ફરી એકવાર સંકેત આપ્યો છે કે હાલમાં તે આ લીગમાંથી નિવૃત્તિ લેવાનું વિચારી રહ્યો નથી. તેણે જિયોહોટસ્ટારને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે, હું ઈચ્છું ત્યાં સુધી હું CSK માટે રમી શકું છું. આ મારી ફ્રેન્ચાઈઝી છે. જો હું વ્હીલચેર પર હોઉં તો પણ CSK મને ખેંચી જશે. આ સિવાય ટીમના વર્તમાન કેપ્ટન રુતુરાજ ગાયકવાડે પણ ધોનીની IPLમાંથી નિવૃત્તિ અંગે વાત કરી અને કહ્યું કે, તે હાલમાં ૪૩ વર્ષના છે. સચિન તેંડુલકર ૫૦ વર્ષની ઉંમરે પણ શાનદાર પ્રદર્શન કરી રહ્યા છે. ધોની હજુ થોડા વર્ષો સુધી આ લીગમાં રમતા જોવા મળશે. આવી સ્થિતિમાં, તે સ્પષ્ટ થઈ ગયું છે કે ધોની IPL 2026માં પણ રમતા જોવા મળી શકે છે.




**હરાજીમાં અનસોલ્ડ રહેલા શાર્દુલ ઠાકુરને લાગી લોટરી**

# શાર્દુલને ૨ કરોડ રૂપિયામાં લખનઉ સુપર જાયન્ટ્સે ટીમમાં સામેલ કર્યો

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ |

IPL 2025ની પ્રથમ મેચ બાદ ભારતીય ઓલરાઉન્ડર શાર્દુલ ઠાકુરનું નસીબ ચમક્યું છે. મેગા ઓક્શનમાં અનસોલ્ડ રહ્યો હતો. ત્યારે હવે તેને આ ટીમ દ્વારા ૨ કરોડ રૂપિયામાં ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. IPL 2025ની મેગા ઓક્શન ગયા વર્ષે નવેમ્બરમાં થઈ હતી. ભારતીય ઓલરાઉન્ડર શાર્દુલ ઠાકુર મેગા ઓક્શનમાં અનસોલ્ડ રહ્યો હતો. શાર્દુલ ઠાકુરને હરાજીમાં કોઈ ખરીદનાર મળ્યો નહોતો, પરંતુ IPL 2025ની પ્રથમ મેચ બાદ તેનું નસીબ ચમક્યું છે. મેગા ઓક્શનમાં અનસોલ્ડ રહેલ શાર્દુલને ૨ કરોડ રૂપિયામાં લખનઉ સુપર જાયન્ટ્સે તેની ટીમમાં સામેલ કર્યો છે. લખનૌ સુપર જાયન્ટ્સ ૨૪ માર્ચે દિલ્હી કેપિટલ્સ સામે સિઝનની પ્રથમ મેચ રમવાની છે. આ પહેલા પણ ટીમના ઘણા બોલરો ઈજાગ્રસ્ત છે, જેમાંથી એક મોહસીન ખાન છે. તે આખી સિઝનમાંથી બહાર થઈ ગયો છે. તેથી તેના સ્થાને શાર્દુલ ઠાકુરને સાઈન કર્યો છે. IPL દ્વારા બહાર પાડવામાં આવેલ સત્તાવાર મીડિયા રીલીઝમાં જણાવવામાં આવ્યું છે કે લખનૌ સુપર જાયન્ટ્સે ડાબા હાથના ફાસ્ટ બોલર મોહસીન ખાનની જગ્યાએ શાર્દુલ ઠાકુરને ટીમમાં સામેલ કર્યો છે, જે ઈજાના કારણે IPLની ૧૮મી સીઝનમાંથી બહાર થઈ ગયો છે. તમને જણાવી દઈએ કે ભારત માટે ત્રણેય ફોર્મેટમાં શાનદાર પ્રદર્શન કરનાર શાર્દુલ ઠાકુર પાસે આઈપીએલનો પણ અમૂલ્ય અનુભવ છે. જો કે, તે લાંબા સમય સુધી કોઈ ફ્રેન્ચાઈઝીમાં રહ્યો ન હતો. તેણે IPLમાં પાંચ ટીમો માટે કુલ ૯૫ મેચ રમી છે. શાર્દુલ ઠાકુર IPL 2025ની LSGની પ્રથમ મેચમાં રમતા જોવા મળશે. તેણે ઘરેલુ ક્રિકેટમાં જોરદાર પ્રદર્શન કર્યું હતું. LSGએ તેને ટીમના ટ્રેનિંગ સેશનમાં પણ રાખ્યો હતો અને હવે તેને મુખ્ય ટીમમાં સામેલ કર્યો છે.



### મ્યુનિસિપલ કોર્પોરેશને એક અનોખું પગલું હાથ ધર્યું । લાલ દરવાજા ટર્મિનસ ખાતે પ્લેટફોર્મ નંબર ૭ અને ૮ પર ખાસ કર્ટેન્સ સાથે આ સુવિધા સ્થાપિત કરવામાં આવી

# 'કુલ બસ સ્ટોપ'નું નિર્માણ કરવામાં આવતા લોકોને રાહત

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।**

અમદાવાદ સહિત રાજ્યના વિવિધ શહેરોમાં તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે, જેના કારણે શહેરીજનોને ભારે ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને એક અનોખું પગલું હાથ ધર્યું છે. જેથી મુસાફરોને રાહત મળી શકે. AMCએ ખાસ કરીને ઉનાળાની ઋતુમાં જાહેર પરિવહનનો ઉપયોગ કરતા મુસાફરોને ઠંડકઅને આરામ આપવા માટે એક નવી પહેલ શરૂ કરી છે. અમદાવાદ હીટ એક્શન પ્લાન હેઠળ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ અને મહિલા હાઉસિંગ ટ્રસ્ટ દ્વારા 'કુલ બસ સ્ટોપ'નું નિર્માણ કરવામાં આવ્યું છે. લાલ દરવાજા ટર્મિનસ ખાતે પ્લેટફોર્મ નંબર ૭ અને ૮ પર ખાસ કર્ટેન્સ સાથે આ સુવિધા સ્થાપિત કરવામાં આવી છે. આ પડદા મુસાફરોને ગરમીથી રાહત તો આપશે જ, પરંતુ સ્ટોપને વધુ ઠંડુ અને આરામદાયક પણ બનાવશે. આ ખાસ પ્રકારના સ્ટોપ પર ઉભા રહી મુસાફરો પણ ગરમીમાં 'કુલ' અનુભવશે. અમદાવાદ શહેરમાં ગરમીના પ્રકોપથી નાગરિકોને



બચાવવા માટે આ પગલું એક મહત્વપૂર્ણ પ્રયાસ છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર મુસાફરોને ઠંડકની સુવિધા આપવાનો નથી પરંતુ શહેરના અન્ય ભાગોમાં પણ આવી સુવિધાઓ વિકસાવવાનો છે. આ પ્રયોગને સફળ બનાવવા માટે, મહાનગરપાલિકા અને સંબંધિત વિભાગોએ ઘણા તકનીકી પગલાંની મદદ લીધી છે, જેથી ઉનાળાની ઋતુમાં મુસાફરી વધુ આરામદાયક અને સલામત બની શકે. આ પડદા સૂકા ઘાસમાંથી બનાવવામાં આવેલા છે. આ પડદાની મદદથી બનેલા આ કૂલિંગ બસ સ્ટોપથી મુસાફરોને ગરમીથી રાહત આપવામાં ઘણી મદદ મળી છે. મુસાફરોએ આ પહેલ માટે વહીવટીતંત્રની પ્રશંસા કરી છે કારણ કે તે માત્ર ઠંડક પ્રદાન નથી કરતુ પણ મુસાફરોને આકરા તડકાથી પણ રક્ષણ આપે છે. આ કૂલિંગ બસ સ્ટોપ એવી જગ્યાએ લગાવવામાં આવ્યું છે જ્યાં દરરોજ ૩,૦૦૦ થી વધુ લોકો મુલાકાત લે છે. વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, મજૂરો અને અન્ય લોકો જેઓ આ માર્ગ પરથી મુસાફરી કરે છે તેઓ તેની મુલાકાત લે છે. AMTSનું આ પગલું લોકોને પબ્લિક ટ્રાન્સપોર્ટ તરફ પ્રોત્સાહિત કરવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ છે. ભવિષ્યમાં શહેરના અન્ય મુખ્ય બસ સ્ટોપ પર પણ આ પ્રકારની કૂલિંગ સિસ્ટમ લગાવવાની વિચારણા કરવામાં આવી રહી છે, જેથી વધુને વધુ મુસાફરોને આ પ્રકારની રાહત મળી શકે.

## મહિલાના પગમાં માલિશ કરી વિધિ કરતો ભૂવો રંગેહાથ ઝડપાયો

**। (એજન્સી) છોટાઉદેપુર, તા.૨૩ ।**

ફરી એક વખત ઢોંગી ભૂવાનો પર્દાફાશ થયો છે. સટુંન ગામે વિજ્ઞાનજાથાની ટીમ ત્રાટકી હતી. વિજ્ઞાનજાથાની ટીમે છટકું ગોઠવી ભૂવાનો પર્દાફાશ કર્યો છે. ગણપત નાયક નામનો ભૂવો દોરા ધાગા કરતો હતો. ભૂવો, મહિલાના પગમાં માલિશ કરી વિધિ કરતો હતો, ત્યારે વિજ્ઞાનજાથાની ટીમે રંગે હાથ ઝડપી પાડ્યો હતો. વિજ્ઞાનજાથાની ટીમે પર્દાફાશ કરી ભૂવા પાસે માફી મંગાવી હતી. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, કેવી રીતે વિજ્ઞાનજાથા દ્વારા છટકું ગોઠવી ભૂવાનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. ભૂવો ધતિંગ કરી રહ્યો હતો, ત્યારે વિજ્ઞાનજાથાની ટીમ પહોંચી હતી. ભૂવાને મહિલાના પગમાં માલિશ કરી વિધિ કરતો રંગે હાથ પકડી પાડવામાં આવ્યો હતો. જેના પગલે ભૂવો કહે છે કે, હવે હું આ બધું બંધ કરી દઈશ. તે હાથ જોડી માફી માગતો જોવા મળ્યો હતો. આ સમગ્ર મામલે પર્દાફાશ થયા બાદ ઢોંગી ભૂવાને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો છે. ભૂવો છેલ્લા ૨૦ વર્ષથી દોરા ધાગા કરતો હતો. જે અંગેની જાણકારી મળતાં જ વિજ્ઞાનજાથાની ટીમ અહીં પહોંચી હતી. સાથે જ ભૂવા દ્વારા લોકો પાસેથી પૈસા પણ લેવામાં આવતાં હોવાનું સામે આવી રહ્યું છે.

## એશિયાનું સૌથી મોટું ગંજ બજાર એક સપ્તાહ બંધ રહેશે

**। (એજન્સી) ઊંઝા, તા.૨૩ ।**

ગુજરાતના ખેડૂતો માટે એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. ઊંઝામાં આવેલું ગંજ બજાર એક સપ્તાહ માટે બંધ રાખવાની જાહેરાત કરાઈ છે. તાજા અપડેટ પ્રમાણે, એશિયાનું સૌથી મોટું ગંજ બજાર એક સપ્તાહ માટે બંધ રહેવાનુ છે. ગુજરાતમાં આવેલું ઊંઝા APMC ૨૬ માર્ચથી એપ્રિલ સુધી બંધ રહેશે. માર્ચ મહિનાના અંતિમ સપ્તાહમાં APMC બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વાર્ષિક હિસાબ અને માર્ચ એન્ડિંગને લઈને APMC બંધ રાખવાના નિર્ણય લેવામા આવ્યો છે. APMCમાં ૨૬ માર્ચથી હરાજી અને વેપાર બંધ રહેશે. ખાસ વાત છે કે, મહેસાણા જિલ્લાના ઊંઝામાં આવેલું માર્કેટ યાર્ડ એશિયાનું સૌથી મોટું માર્કેટ યાર્ડ છે. દરરોજ હજારો લોકોની અવરજવર વાળું એશિયાનું આ સૌથી મોટું માર્કેટને આગામી એક સપ્તાહ માટે બંધ કરવાની જાહેરાત કરવામાં આવી છે. ઊંઝા APMC દ્વારા ઊંઝા ગંજબજાર ૨૬ માર્ચ, ૨૦૨૫થી ૧ એપ્રિલ, ૨૦૨૫ સુધી એમ કુલ ૭ દિવસ માટે માર્કેટ યાર્ડ બંધ રહેશે. ઊંઝા એપીએમસી દ્વારા કરાયેલી સત્તાવાર જાહેરાત પ્રમાણે માર્ચ એન્ડિંગમાં વેપારીઓને પોતાના હિસાબો કરી શકે તે માટે ઊંઝા માર્કેટયાર્ડ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. ઊંઝા વેપારી એસોસિએશનની રજૂઆતના પગલે ઊંઝા એપીએમસી દ્વારા ઊંઝા માર્કેટયાર્ડ બંધ રાખવાની જાહેરાત કરાઈ છે. ઊંઝા માર્કેટ યાર્ડમાં મોટી સંખ્યામાં દુકાનો છે અને આ દુકાનોમાં હજારો લોકો કામ કરે છે તેમજ ઊંઝા માર્કેટમાં બહારથી કામ અર્થે કે માલ સમાન લેવા મુકવા આવતા બહાર ન રાજ્યના લોકોની પણ અવર જવર ઘટશે. આ ઉપરાંત રોજબરોજની કામગીરી સાથે સંકળાયેલા હજારો કામદારો અને ખેડૂતોની પણ ઊંઝા માર્કેટ યાર્ડમાં ભીડ જામતી હોય છે.

### સદાનંદ સરસ્વતીજી મહારાજે જણાવ્યું

# દશાવતાર અને ૨૪ અવતારોમાં કોઈપણ જગ્યાએ સ્વામિનારાયણ ભગવાનના નામનો ઉલ્લેખ નથી

### સ્વામિનારાયણ સંપ્રદાય અસ્તિત્વમાં આવ્યો તેને માત્ર ૨૦૦થી ૨૫૦ વર્ષ જેટલો જ સમય થયો છે

**। (એજન્સી) રાજકોટ, તા.૨૩ ।**

સ્વામિનારાયણ સંપ્રદાયના ધાર્મિક પુસ્તક શ્રીજી સંકલ્પ મૂર્તિ સદગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો નામના પુસ્તકમાં ભગવાન દ્વારકાધીશ વિશે વિવાદિત ટિપ્પણી લખવામાં આવી છે. ત્યારે ભગવાન દ્વારકાધીશમાં આસ્થા ધરાવનારા માલધારી સમાજ, આહિર સમાજ સહિતના જુદા જુદા સમાજના વ્યક્તિઓ દ્વારા પોતાનો રોષ પ્રગટ કરવામાં આવ્યો છે. ત્યારે આ પુસ્તકને લઈ દ્વારકા શારદાપીઠાધીશ્વર જગતગુરુ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજી મહારાજનું નિવેદન પણ સામે આવ્યું છે. સમગ્ર મામલે સદાનંદ સરસ્વતીજી મહારાજ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, સ્વામિનારાયણ સંપ્રદાયના ધાર્મિક પુસ્તકમાં ભગવાન દ્વારકાધીશને લઈ ટિપ્પણી લખવામાં આવી છે તે ખૂબ જ દુર્ભાગ્ય પૂર્ણ છે. સદાનંદ સરસ્વતીજી મહારાજે જણાવ્યુ છે કે, ભગવાન શ્રીકૃષ્ણ ભગવાન શ્રી વિષ્ણુના અવતાર છે. ભગવાન શ્રી કૃષ્ણએ ધરતી પર અવતાર લીધા તેને ૫૫૦૦ વર્ષ સુધી ચુક્યા છે. તેની સામે સ્વામિનારાયણ સંપ્રદાય અસ્તિત્વમાં આવ્યો તેને માત્ર ૨૦૦થી ૨૫૦ વર્ષ જેટલો જ સમય થયો છે. સ્વામિનારાયણ સંપ્રદાયના મૂડમાં જઈએ તો સહજાનંદ સ્વામી છે. ત્યારે સહજાનંદ સ્વામીના પૂર્વે કોણ હતું? જે હતું તે સનાતન હતું તેમ જ સનાતનના પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણ છે. ભગવાન શ્રીકૃષ્ણના જ વંશજ વજનાભ દ્વારા ભગવાન દ્વારકાધીશના મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. આજે પણ કરોડો લોકો ભગવાન દ્વારકાધીશમાં આસ્થા ધરાવે છે. આજે પણ ત્યાં નિયમિત રીતે ૫૨ ગજની ધજા ચડાવવામાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યુ છે કે, સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા પોતાના સંપ્રદાયની પ્રતિષ્ઠા વધારવા માટે જે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જે ઉચિત નથી. કોઈપણ વાત કરતા સમયે તેના સિદ્ધાંતને અનુરૂપ તેની વાત કરવી જોઈએ. ભગવાન શ્રીકૃષ્ણ, ભગવાન શ્રીરામ સાસ્વત છે. ભગવાનના દશાવતાર તેમજ ૨૪ અવતારોમાં કોઈપણ જગ્યાએ સ્વામિનારાયણ ભગવાનના નામનો ઉલ્લેખ નથી. કોઈપણ જગ્યાએ સહજાનંદ ભગવાનના નામનો ઉલ્લેખ જોવા નથી મળી રહ્યો. સ્વામિનારાયણ સંપ્રદાયમાં માનનારા લોકો સહજાનંદ ભગવાનને મહાપુરુષ તરીકે, ગૃહભાવ તરીકે ચોક્કસ તેમની પૂજા અર્ચના કરી શકે છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં માનનારા લોકોએ હજારો મંદિરો બનાવ્યા છે. પોતાના ધર્મને ઉપર ઉઠાવવા માટે અન્ય ધર્મ અન્ય સંપ્રદાય ઉપર નિમ્ન ટીકા ટીપણીઓ કરવી તે અધર્મ છે. તે અયોગ્ય છે. ભગવાન સ્વામિનારાયણ, સહજાનંદ મહારાજ તેમજ તેમના પિતા કોની પૂજા કરતા હતા? તેમની પૂજા ભારતવાસીઓ અનાદિકાળથી કરી રહ્યા છે.

### કેસરીસિંહ સોલંકીનો પપ્પુ પાઠક પર મોટો આક્ષેપ

# ખેડા ભાજપમાં જૂથવાદ ચરમસીમાએ પહોંચ્યું

**। (એજન્સી) ખેડા, તા.૨૩ ।**

ખેડા ભાજપમાં જૂથવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. માતરના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ સોલંકીએ બાલાસિનોરના પૂર્વ ધારાસભ્ય રાજેશ ઉર્ફે પપ્પુ પાઠક પર આક્ષેપો કર્યા છે. કેસરીસિંહે આક્ષેપ કરતા કહ્યું કે, ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ચેરમેન વિપુલ પટેલ છે માત્ર એક ચહેરો. રાજેશ ઉર્ફે પપ્પુ પાઠક દૂધ ઉત્પાદક સહકારી મંડળીનો તમામ વહીવટ કરે છે. હાલ ચેરમેન વિપુલ પટેલ છે, પણ પપ્પુ પાઠક જ મુખ્ય વહીવટદાર છે. કેસરીસિંહે કહ્યું કે, પપ્પુ પાઠકે વડદલા, કરણપુરા, બાલાસિનોર, હાંડીયા, દેવ, ખેડગોધરા, ભાઠડા, ગધેડા, શાકરિયા, નટવરપુરા સહિતના ૧૦ ગામોમાં જમીન ખરીદી છે. પપ્પુ પાઠક ખેડૂત ન હોવા છતાં પણ તેમને અને તેમના પરિવારના નામે ૧૬૦ વીઘા જમીન ખરીદી છે. ૨૦ સપ્ટેમ્બર ૨૦૦૯ ના દિવસે સાબિત થયું કે તે ખેડૂત નથી તેમ છતાં ૪ સપ્ટેમ્બર ૨૦૨૦ માં પપ્પુ પાઠકે પોતાની હયાતીમાં પરિવારની વારસાઈ કરાવી છે. ઉલ્લેખનીય છે કે, રાજેશ ઉર્ફે પપ્પુ પાઠક હાલ ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ડિરેક્ટર છે. તો માતરના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ પણ ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં ડિરેક્ટર છે. કેસરીસિંહ સોલંકીએ સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ કરીને પપ્પુ પાઠક સામે આક્ષેપો કર્યા છે. હાલ ચેરમેન વિપુલ પટેલ છે, પણ પપ્પુ પાઠક જ મુખ્ય વહીવટદાર છે તેવું જાહેરમાં કહી દેતા ખેડાના સહકારી રાજકારણમાં મોટો ગરમાવો આવ્યો છે.

### આમ આદમી પાર્ટીની ગુજરાત માટે મોટી જાહેરાત

# ગોપાલ ઈટાલિયાને ચૂંટણી જંગમાં ઉતારવાની તૈયારી

### હાઈકોર્ટમાં પિટિશન બાદ વિસાવદરમાં પેટાચૂંટણી થઈ શકી નથી : હર્ષદ રીબડિયાએ પિટિશન પરત ખેંચી લીધી

**। (એજન્સી) વિસાવદર, તા.૨૩ ।**

વિસાવદરમાં પેટાચૂંટણી જાહેર થાય તે પહેલા જ આમ આદમી પાર્ટીએ ઉમેદવાર જાહેર કરી દીધો છે. આમ આદમી પાર્ટીએ ગોપાલ ઈટાલિયાને ઉમેદવાર બનાવ્યો છે.

હાઈકોર્ટમાં પિટિશન બાદ વિસાવદરમાં પેટાચૂંટણી થઈ શકી નથી. હવે હર્ષદ રીબડિયાએ પિટિશન પરત ખેંચી લીધી છે. જેથી કાયદાકીય રસ્તો સાફ થતાં હવે ચૂંટણી યોજાઈ શકે છે. જોકે, ભાજપ, કોંગ્રેસ પહેલા છઇઁએ ઉમેદવાર જાહેર કર્યા છે.

ગુજરાતની વિસાવદર બેઠક પરથી પેટાચૂંટણી માટે આમ આદમી પાર્ટીએ ગોપાલ ઈટાલિયાને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. વિસાવદર વિધાનસભા બેઠક પર હજુ સુધી પેટા ચૂંટણીની જાહેરાત થઈ નથી. ભૂપત ભાયાણીની જીતને પડકારતી હર્ષદ રીબડીયા દ્વારા હાઈકોર્ટમાં કરેલી પીટીશન પરત ખેંચતા વિસાવદર બેઠક પર પેટાચૂંટણી યોજનાર છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૨૨ માં વિસાવદર વિધાનસભા બેઠક પર ત્રિપાંખિયો ચૂંટણી જંગ જોવા મળ્યો હતો. જેમાં ભાજપના હર્ષદ રીબડીયા કોંગ્રેસના કરસનભાઈ વાડદોરીયાને હરાવીને આમ આદમી પાર્ટીના ભુપત ભાયાણી જાયન્ટ કિલર સાબિત થયા હતા. પરંતુ ભૂપત ભાયાણીએ પણ ધારાસભ્ય



પદેથી રાજીનામું ધરી દીધું ત્યારથી આ બેઠક ખાલી છે. ગોપાલ ઈટાલિયાની જાહેરાત બાદ ભુપત ભાયાણીએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે, વિસાવદર બેઠક ઉપર આમ આદમીનું પ્રભુત્વ અમારા લીધે હતું. અમારી સેવાઓ અને સહયોગને લઈને લોકોએ અમને જીતાડ્યા હતા. આમ આદમી પાર્ટીનું હવે કોઈ વજુદ રહ્યું નથી. તાજેતરમાં યોજાયેલી ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટીને લોકોએ જાકારો આપ્યો છે. વિસાવદર નગરપાલિકામાં ૨૪ માંથી ૨૦ બેઠકો પર આમ આદમી પાર્ટીની ડિપોઝિટ ગઈ છે. લોકો ભારતીય જનતા પાર્ટી ઉપર વિશ્વાસ કરે છે અને ભાજપને જ જીતાડશે તે નક્કી છે. હાલ વિધાનસભાની ચૂંટણી લઈને કોઈ જાહેરાત થઈ નથી. પરંતુ આમ આદમી પાર્ટી દ્વારા ગોપાલ ઈટાલીયા નું નામ જાહેર કરતા આશ્ચર્ય થયું.

### ગરમીનો પારો ૨-૩ ડિગ્રી વધશે

# ગુજરાતમાં આગામી દિવસોમાં ગરમીનો પારો સતત વધી શકે છે

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।**

ગુજરાતમાં માર્ચ મહિનો પુરો થવાના આરે છે અને એપ્રિલ મહિનાની શરૂઆત થવાની તૈયારી છે. ત્યારે હવે સૂર્યદેવ તપી રહ્યાં છે. હવામાન વિભાગે ગુજરાતવાસીઓને હજુ આકરા તાપમાં તપવા માટે તૈયાર રહેવા સૂચન કર્યુ છે. એટલે કે, આગામી દિવસોમાં રાજ્યમાં ગરમીનો પારો વધુ ઉપર જઈ શકે છે. હવામાન વિભાગ અનુસાર, ગુજરાતમાં આગામી દિવસોમાં ગરમીનો પારો સતત વધી શકે છે. રાજ્યમાં મહતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો હવામાન વિભાગે આગાહી કરી છે. મહતમ તાપમાનમાં વધારો થતા ગરમી જોર પકડશે. તાજા અપડેટની વાત કરીએ તો, રાજકોટ અને ભૂજમાં મહતમ તાપમાન ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યો હતો, આ શનિવારે સાત શહેરમાં ગરમીનો પારો ૩૭ ડિગ્રીને પાર પહોંચ્યો હોવાનું નોંધાયુ હતુ. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા ૧૨૫ વર્ષમાં ફેબ્રુઆરીમાં આટલી ભારે ગરમી કયારેય જોવા મળી નથી. તાજેતરના વર્ષોમાં, ગરમીના મોજા ફક્ત વહેલા જ નથી આવી રહ્યા, પરંતુ તેમની તીવ્રતા પણ વધી રહી છે. ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન, ભારતના ૨૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાત્રિનું તાપમાન સામાન્ય કરતા ત્રણ થી પાંચ ડિગ્રી સેલ્સિયસ વધુ હતું. ૧૧ થી ૨૩ ફેબ્રુઆરી દરમિયાન, દેશના ૩૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઓછામાં ઓછા એક દિવસ માટે રાત્રિનું તાપમાન સામાન્ય કરતા વધારે નોંધાયું હતું. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે માર્ચ મહિનામાં ગુજરાતનું વાતાવરણ બદલાતું રહે તેવી શક્યતા વ્યક્ત કરી છે.

### ગોંડલને મિરઝાપુર ગણાનારાઓને ગણેશ ગોંડલે આપ્યો જવાબ

# પાટીદાર Vs ક્ષત્રિયની લડાઈમાં થયું સમાધાન

### આ કેસમાં બે સગીરો વચ્ચે થયેલી મારામારી અને જાતીય સતામણીને લઈને બંને સમાજ વચ્ચે તણાવ ઉભો થયો હતો

**। (એજન્સી) ગોંડલ, તા.૨૩ ।**

પાટીદાર અને ક્ષત્રિય સમાજ વચ્ચે ચાલી રહેલા વિવાદનું રિવર સાઈડ પેલેસ ખાતે સુખદ સમાધાન થયું છે. આ કેસમાં બે સગીરો વચ્ચે થયેલી મારામારી અને જાતીય સતામણીને લઈને બંને સમાજ વચ્ચે તણાવ ઉભો થયો હતો. બંને પક્ષે એકબીજા સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ મામલો વધુ બિચકતો જતાં બંને સમાજના આગેવાનોએ સર્વે સમાજની મિટિંગ યોજી હતી અને આવેદનપત્રો પણ આપવામાં આવ્યા હતા. સમગ્ર મામલો સમાજમાં ભારે ચર્ચાનો વિષય બન્યો હતો. આખરે જાડેજા પરિવારની મધ્યસ્થીથી બંને સમાજ વચ્ચે સુલેહ-શાંતિનો માર્ગ નીકળ્યો છે. આ સમાધાન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બંને સમાજના લોકો હાજર રહ્યા હતા. આ સાથે બંને સમાજ વચ્ચે ઉભી થયેલી ગેરસમજ દૂર થઈ છે અને સામાજિક સદભાવના જળવાઈ રહી છે.

મનસુખભાઈ સખીયાએ જણાવ્યું હતુ કે, ગોંડલમાં જાણતા અજાણતા જે પણ ઘટના બની છે તેનું સુખદ સમાધાન થઈ ગયું છે. પાટીદાર અને ક્ષત્રિય સમાજના તમામ આગેવાનોએ ભેગા થઈને સમાધાન કર્યું છે. અમુક તત્વો દ્વારા ગોંડલનું વાતાવરણ ડોળવાનું કામ કરવામાં આવ્યું છે. હવે ગોંડલ બહારના લોકો પણ ગોંડલની શાંતિ ડોહળાય તેવું કામ કરી રહ્યા છે. કોંગ્રેસના મિત્રો વાતાવરણ ડહોળવાના પ્રયત્નો કરી રહ્યા છે. ગોંડલમાં જે શાંતિ છે તે જયરાજસિંહના કારણે છે. જે લોકો ગોંડલને મિર્ઝાપુર તરીકે સંબોધે છે તે લોકો ગોંડલની તાસીરથી અજાણ છે.

કનકસિંહ જાડેજાએ જણાવ્યું હતુ કે, જે બનાવને હાઈલાઈટ કરવામાં આવ્યો તે બંને પરિવાર એકબીજાને ઓળખતો નથી, એકબીજા સાથે કાંઈ લેવા દેવા નથી. જે લોકો જયરાજસિંહ સુધી પહોંચી શકતા નથી, તે લોકો આવું કરે છે. પટેલ સમાજ અને ક્ષત્રિય સમાજ વચ્ચે કોઈ દિવસ અણબનાવ નથી. પટેલ સમાજ અન્ય સમાજને રાહ ચીંધે છે. ગોંડલ ક્ષત્રિય સમાજના પ્રમુખ દિગુભા જાડેજાએ જણાવ્યું હતુ કે, એકતાના પ્રતિક તરીકે ગોંડલનું ઉદાહરણ આપવામાં આવે છે. દરબારો અને પટેલો ગોંડલમાં ભાગીદારીમાં વ્યવસાય કરે છે. હરદીપ સિંહ જાડેજાએ જણાવ્યું હતુ કે, મિર્ઝા એટલે તેના બે અર્થ થાય છે, જેમાં મિર્ઝા એટલે પૈસાવાળા લોકો, જે રાજકુમારની જેમ રહેતા હોય તે. વેબ સિરીઝ પ્રમાણે તેનો અર્થ કરવામાં આવે તે યોગ્ય નથી. ગમે ત્યાં પથ્થરની ઠેસ વાગે તો પણ નામ જયરાજભાઈનું આવે એવું ન હોય.



